بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# અહલે સુન્નત વ જમાઅત

ના મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

# માસિક બરકાતે ખ્વાજા


**બરકાતે ખ્વાજા** (માસિક)

**૦૧-મે-૨૦૦૭**

રબીઉલ આખર-જમાદીઉલ અવ્વલ

**હિજરી સન : ૧૪૨૮**

**વર્ષ : ૦૪, અંક : ૦૫, સળંગ અંક : ૪૧**


برکاتِ خواجہ

## ઐસા તુઝે ખાલિક઼ને

અઝ : ઉસ્તાદે ઝમન હઝરત હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

ઐસા તુઝે ખાલિક઼ને તરહદાર બનાયા
યૂસુફ કો તેરા તાલિબે દીદાર બનાયા
કૌનેન બનાયે ગયે સરકાર કી ખાતિર
કૌનેન કી ખાતિર તુમ્હેં સરકાર બનાયા
કૂંજી તુમ્હેં દી અપને ખઝાનોં કી ખુદાને
મહબૂબ કિયા માલિકો મુખ્તાર બનાયા
અલ્લાહ કી રહમત હે કે ઐસે કી યે કિ઼સ્મત
આસી કા તુમ્હેં હામીઓ ગ઼મખ્વાર બનાયા
આલમ કે સલાતિન ભિકારી હૈ ભિકારી,
સરકાર બનાયા તુમ્હેં સરકાર બનાયા
અય ! માહે અરબ હર અજમમેં તેરે સદ઼કે
ઝુલ્મતને મેરે દીન કો શબ તાર બનાયા
અલ્લાહ કરમ મેરે ભી તિરાનાએ દિલ પર
સેહરા કો તેરે હુસ્નને ગુલ્ઝાર બનાયા
બેયારો મદદગારો જિન્હેં કોઈ ન પૂછે
ઐસા કા તુઝે યારો મદદગાર બનાયા
ઉનકે લબે રંગીં કી નિછાવર થીં જિસને
પત્થર મેં '**હસન**' લા'લે પૂર અન્વાર બનાયા


★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)


નોંધ : ગ્રાહક નંબર ______ આપનું લવાજમ તા. ______ થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાાજા (માસિક) મે-૨૦૦૭

★ વર્ષ : ૦૪ ★ અંક : ૦૫ ★ સળંગ અંક : ૪૧


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **ધર્મોમાં ભેળસેળ કરનારાઓને શરીઅતની લાલ બત્તી !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૧ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૩ |
| ૦૫. | નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | **કાર્યાલય** | ૧૫ |
| ૦૬. | રહમતે દારૈન ﷺ ના શયદાઈ | **રજૂકર્તા** : ફરઝાના સાજિદ પટેલ–દયાદરા | ૧૭ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૧ |
| ૦૯. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૨ |
| ૧૦. | હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ | **કાર્યાલય** | ૨૪ |
| ૧૧. | **મુસલમાનોની તબાહી તથા બર્બાદીના કેટલાક કારણો** | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ સરફરાઝ મિસ્બાહી | ૨૮ |
| ૧૨. | પ્યારા નબી ﷺ નું નામ સાંભળી દુરૂદ શરીફ ન પઢવું કેવું ?! | **અઝ** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી<br>(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મિથ, સાઉથ આફ્રિકા) | ૩૦ |
| ૧૩. | **મક્કા મોઅઝ્ઝમાની ધરતી માફિયાઓની જાળમાં** | **રજૂકર્તા** : જનાબ સૈયદ ઈરફાન સાહબ બુવાવાળા<br>(મુતઅલ્લિમ જામિઆ અશ્રફિયા–મુબારકપુર) | ૩૨ |
| ૧૪. | **જમાઅતે ઈસ્લામી કે જમાઅતે ગૈર ઈસ્લામી ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી<br>*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* | ૩૬ |
| ૧૫. | **૧૮૫૭ના બળવામાં અંગ્રેજો સામે કયા ઉલમા હતા ?!** | **રજૂ.** મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી દયાદરવી<br>(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ્ મુબારકપુર) | ૪૦ |
| ૧૬. | દયાદરામાં મેહફિલે નઅતે પાક | **કાર્યાલય** | ૪૪ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |

**કૌમી એકતાના નામે**

# ધર્મોમાં ભેળસેળ કરનારાઓને શરીઅતની લાલ બત્તી !

**તંત્રી લેખ........**

આપણા પ્યારા વતન હિંદુસ્તાનથી આપણને પ્રેમ છે, આપણે દુનિયાના ગમે તે ખૂણામાં જઈએ પણ વતનની યાદ સતાવતી રહે છે. કારણ કે આ આપણી માતૃભૂમિ છે, હિંદુસ્તાનની આઝાદી પાછળ વતની ભાઈઓની સાથોસાથ મુસ્લિમ કૌમની પુષ્કળ કુર્બાનીઓ ઈતિહાસમાં નોંધાયેલી છે. અસંખ્ય સુન્ની ઉલમા તથા આમ મુસ્લિમોએ દેશની આઝાદીને ખાતર ફાંસીના માંચડાને વહાલો કરેલો છે. તેમજ આ ભૂમી પર આપણે જન્મ લીધો, ઉછેર પામ્યા તેમજ આપણા વડવાઓ આ દેશની ભૂમિમાં દફન થયેલા છે, આપણો શાનદાર ઈતિહાસ આ ભૂમિ સાથે સંકળાયેલો છે, અસંખ્ય અવલિયાએ કિરામ હિંદની ભૂમિમાં આરામ ફર્માવી રહ્યા છે જેમણે કુફ્રના અંધકારમાં ઈસ્લામની રોશની ફેલાવી છે. દુનિયાના ગમે તે ખૂણે જશો અને ત્યાં ગમે તેટલી સમૃદ્ધિ હશે, દુનિયાની ચમક દમક હશે, પણ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝનો દરબાર નહીં મળે, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત બાકી બિલ્લાહ, હઝરત મુજદ્દિદ અલ્ફેસાની, હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની, હઝરત શાહે આલમ, હઝરત કુત્બે આલમ, હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી, હઝરત ખ્વાજા દાના, હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, હુઝૂર મુફતીએ આ'ઝમ વ મુહદ્દિષે આ'ઝમ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن વગેરે હિંદભરમાં ફેલાયેલા અને આરામ ફર્માવનાર અવલિયાએ કિરામના દરબારોથી તમે મેહરૂમ જ રહેશો. આપણી જન્મભૂમિથી આપણા પૂર્વજ વડવાઓના લીધે અને ખાસ આ અલ્લાહના વલીઓને લીધે આપણને ખાસ લગાવ તથા કુદરતી મહોબ્બત છે અને રહેશે, એને કોઈ મિટાવી શકતું નથી અને એટલે જ આપણા દિલમાં વતન પ્રત્યેની વફાદારીની ભાવના ખીચોખીચ ભરેલી છે એમાં કોઈ બેમત નથી.

## ઈસ્લામ કહે છે સર્વ સાથે ભલાઈથી વર્તો !

વતન પ્રેમ એક સ્વભાવિક ચીજ છે અને વતની ભાઈઓથી સદ્ભાવના કેળવવી એ પણ ઈસ્લામની જ તા'લીમ છે. ઈસ્લામે પડોશીના હક્કો તેમજ દરેક માનવીની સાથે અલ્લાહના બંદા તરીકેના હક્કો નિભાવવાની તાકીદ કરેલી છે. એ હક્કોમાં ખયાનત કરનારને મુજરિમ ઠરાવ્યો છે. પડોશીના હક્ક વિશે કુર્આનમાં છે કે, "નજીકના પડોશીઓ તથા દૂરના પડોશીઓ સાથે ભલાઈ કરો..." *(પારા-૫, રુકૂઅ-૩)* તેમજ અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે, "ખુદાની કસમ ! તે મો'મિન નથી ! ખુદાની કસમ તે મો'મિન નથી !" સહાબાએ કિરામે અર્ઝ કરી, કોણ યા રસૂલલ્લાહ ?! ﷺ આપે ફર્માવ્યું, "તે જેનો પડોશી તેની આફતો (તકલીફો)થી મેહફૂઝ નથી."

અહીં કોઈ શર્ત નથી કે પડોશી મુસલમાન જ હોય, બલ્કે ગમે તે જાતિનો પડોશી હોય તેનો પણ ઈસ્લામે હક્ક઼ રાખેલો છે, તેની સાથે ભલાઈથી વર્તવાનો હુકમ કરેલો છે. એટલે કે પડોશી તંગદસ્તીમાં હોય, બીમાર હોય, ભૂખ્યો હોય, તકલીફમાં હોય તો તેને સહાય કરવી, તેની સહાનુભૂતિ રાખવી, તેને તકલીફ થાય તેવું વર્તન ન કરવું, તેની સાથે લડવુ ઝઘડવું વગેરે કામો ન કરવાં, આ ઈસ્લામી તા'લીમ છે. અને આ ઈસ્લામી તા'લીમ પર સંપૂર્ણપણે અમલ કરવામાં આવે તો જગતભરમાં અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થપાય જાય. ઈસ્લામી તા'લીમ એ છે કે સમગ્ર માનવો આદમની ઔલાદ છે અને સર્વ અલ્લાહના બંદાઓ છે, તેમાં કોઈ બંદા સાથે ધોકો કરવો કે તેને નાહક્ક઼ સતાવવાનો હુકમ નથી, બલ્કે દરેક સાથે ભલાઈથી વર્તવાનો હુકમ છે તો વતની ભાઈઓ સાથે સારી રીતે કેમ ન વર્તવું !

## ક઼ૌમી એકતા શક્ય પણ ધર્મોમાં ભેળસેળ અશક્ય !

એ વાત સાચી કે શરીઅતના વર્તુળમાં રહીને મુસલમાન સિવાયની પણ સર્વ જાતિઓ સાથે સુમેળ ભર્યો વહેવાર રાખવો જોઈએ, એકતાથી રહી દુનિયાવી વહેવારમાં એકબીજાના સહકારી બનવું જોઈએ, દરેક પ્રકારે એકબીજાને મદદ કરવી જોઈએ, પણ એનો અર્થ એવો નથી કે ''ક઼ૌમી એકતા''ના નામે ધર્મોમાં પણ ભેળસેળ કરી દેવામાં આવે, એટલે કે મંદિરોમાં જઈને મુસલમાન પૂજાવિધિમાં ઉભા રહે અને હિંદુઓ મસ્જિદો તથા દરગાહો પર આવીને ભજન કિર્તન તથા કથાના પ્રોગ્રામો કરે. અન્ય જાતીઓ સાથે સુમેળભર્યો વહેવાર શક્ય છે પણ ધર્મોમાં ભેળસેળ એ શક્ય નથી. તદ્દન સીધી સાદી વાત એ છે કે ઈસ્લામની માન્યતા છે કે ''અલ્લાહ એક છે એના સિવાય કોઈ પૂજાને લાયક નથી.'' જ્યારે ઈસ્લામને છોડીને લગભગ ધર્મોમાં એક કરતાં અનેક ખુદાઓની પૂજા થાય છે. એટલા માટે **એ વાત અશક્ય છે કે કોઈ વ્યક્તિ મુસલમાન પણ હોય અને બીજા ધર્મોની વિધિઓમાં ભાગ પણ લેતો હોય. કારણ કે જેવો તે અન્ય ધર્મની વિધિઓમાં જોડાશે તેવો જ કલ્માનો આપોઆપ ઈન્કાર થઈ જશે અને તે ઈસ્લામથી નીકળી જશે,** ભલે કોઈ દેખાડવા પૂરતો પણ અન્ય જાતીઓના ધાર્મિક સરઘસોમાં કે પૂજાવિધિ, આરતીમાં જોડાશે, મૂર્તિઓને કે સરઘસના મહંતોને ફૂલહાર પહેરાવી સ્વાગતો કરશે, તો પણ તેના આ જાહેરી વર્તન પર તેના પર એ જ હુકમ ઈસ્લામનો આવશે કે તે એ કામોથી પ્રથમ તૌબા કરે, કલ્મો પઢે અને નિકાહ પણ દોહરાવે. **અન્ય જાતિના લોકો સાથે સારો વહેવાર કરવો અલગ ચીજ છે અને ધર્મની હદોને તોડી અન્યની ધાર્મિક વિધિઓમાં જોડાવું અલગ ચીજ છે.**

## ક઼ૌમી એકતાના ઓઠા હેઠળ ઈમાનનો ખાત્મો !

આ બાબત એટલા માટે લખવી પડી છે કે હાલમાં કેટલાક ધર્મથી વિમુખ કહેવાતા હિંદુ મુસ્લિમ રાજકરણીઓ તથા દરગાહો પરના અજ્ઞાન લાલચુ મુજાવરો હોંશે હોંશે ''ક઼ૌમી એકતા''ના ઓઠા હેઠળ એવાં કામો કરવા લાગ્યા છે જે ઈસ્લામના પાયાના સિદ્ધાંત સાથે ટકરાય છે. જેમ કે વર્તમાનપત્રો દર્શાવે છે કે :–

ભૂજ તાલુકાના મોટા વરનોરા ખાતે જુસબશા દાદાની દરગાહના પ્રાંગણમાં શ્રીમદ ભાગવત કથા સપ્તાહનો પ્રારંભ ''ગજાનન દેવ કી જય...! બોલો જુસબદાદા કી જય...!''ના નાદ સાથે થયો જેના

મુખ્ય આયોજક અલી સાંઈબાપુ હતા. શિવ મંદિરેથી ગણેશ પૂજન સાથે નીકળેલી પોથી યાત્રામાં હિંદુ મુસ્લિમ સૌ ભાગ લઈ આગળ જણાવ્યા તેવા જય નાદો સાથે દરગાહમાં પધાર્યા જેને મુસ્લિમ તથા રબારી વગેરે યુવાનોએ ગુલાલ સાથે આવકાર્યા. મૌલાના અલિફ સાહબે (ભૂજવાળા) આ કથાના પ્રારંભમાં પ્રવચન કર્યું જેના ફોટા અખ્બારોએ આપ્યા છે. *(હવાલો : આજકાલ દૈનિક, તથા કચ્છ મિત્ર, ૨૧ તથા ૨૨–૨–૦૭)*

એ જ પ્રમાણે સામત્રા (તા. ભૂજ) ખાતે તા. ૧૨–૨–૨૦૦૭ના રોજ શ્રી માધવધામ સેવા સ્મરણ કુટિર ખાતે ચાલતા "મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા" તથા સામૂહિક ભાગવત કથા મહોત્સવમાં નાંગિયારીના સરપંચ જુસબભાઈની આગેવાનીમાં મુસ્લિમ બિરાદરો જોડાયા. જેમાં પણ મૌલાના અલિફ સાહબ, નાંગિયારીના મૌલાના મુહમ્મદ હુસૈન એસ. અનવારી વગેરે મુસ્લિમોએ ઉમંગભેર હાજરી આપી મૂર્તિઓના ફોટાઓથી સજેલા મંચ પરથી પ્રવચનો કર્યાં. મહેશભાઈ ભટ્ટે કૃષ્ણ જન્મોત્સવનો પ્રસંગ સર્વ હિંદુ મુસ્લિમ શ્રોતાઓ સમક્ષ ભાવવાહી શૈલીમાં વર્ણવ્યો હતો વગેરે. *(કચ્છ મિત્ર, તા. ૧૩–૨–૦૭)*

તે ઉપરાંત સમાચારો છે કે કુંજીસર (તા. ભચાઉ) ખાતે ગેબનશાહ પીરની દરગાહે હિંદુ સંતો મા ભગવતીનાં ગુણ ગાઈ રહ્યા છે. દરગાહના મુજાવર કુરબાનઅલી રહમતઅલી મસ્તાન બાપુના સાન્નિધ્ય અને માર્ગદર્શન હેઠળ ગામના આહિર ભાઈઓ ખભે ખભા મિલાવી સહકાર આપી રહ્યા છે. દરગાહ પર દેવી ભાગવત કથા યોજાયી. ગામના રામ અને ચામુંડા મંદિરેથી વાજતે ગાજતે "જય ભવાની"ના નારાઓ સાથે પોથી યાત્રા નીકળી દરગાહે પહોંચી. દાદાની દરગાહમાં બેસી દેવ દેવીઓના ગુણગાન ગાવામાં આવ્યાં. છેવટમાં દેવી યજ્ઞ યોજાયો. *(કચ્છ મિત્ર, તા. ૩ તથા ૯–૩–૨૦૦૭)*

## મુસલમાનો ! ઠંડા દિલે વિચારો ! અને તૌબા કરો !

અમારે અન્ય જાતિના ભાઈઓને આ બાબતે કાંઈ જ કહેવું નથી, કારણ કે એઓ ઈસ્લામથી બહાર છે તો એમને ઈસ્લામી કોઈ હુકમ લાગશે નહીં, પણ જેઓ પોતાને મુસલમાન કહે છે, એક અલ્લાહની ઈબાદત (પૂજા)ને જ માને છે, મુહમ્મદ ﷺને અલ્લાહના રસૂલ માને છે તેઓ ઠંડા દિલે વિચારે કે શું ઈસ્લામી તા'લીમમાં તથા નબી કરીમ ﷺએ આવાં કાર્યોની ઈજાઝત આપી છે ? બલ્કે હુઝૂરે અકરમ ﷺને પણ આવા પ્રકારની એકતાની ઓફર ત્યારના ગૈર મુસ્લિમો થકી થઈ હતી કે, "છ મહિના તમો અમારા મઅબૂદની ઈબાદત (પૂજા) કરો અને છ મહિના અમે તમારા ખુદાની ઈબાદત કરીએ." પણ અલ્લાહના રસૂલે તેનો અસ્વીકાર કર્યો હતો. તો તમે કોણ છો કે ધર્મોની અંદર ભેળસેળ કરી રહ્યા છો ? "લા ઈલાહ ઈલ્લલ્લાહ" કહી દીધું તો હવે મુસલમાન માટે કોઈ ગૈર ધર્મની ધાર્મિક વિધિ કે ધાર્મિક પ્રોગ્રામોમાં હાજરી શક્ય નથી.

શરીઅતનો હુકમ છે : જેઓ ખાસ કુફ્રની મેહફિલોમાં જાય તેઓ સમજી લે કે **કુફ્રથી રાજી રહેવું પણ કુફ્ર છે.** તથા **જેણે કોઈ કુફ્રી કામને સારું જાણ્યું તેણે કુફ્ર કર્યું.** (ગમ્ઝુલ ઓયૂન) તો જેઓ ખુશી ખુશી સમાચારોમાં દર્શાવ્યા મુજબ કામોમાં ખરેખર હોંશ તથા ઉમંગભેર જોડાયા, ત્યાં હાજર રહ્યા તેમના પર શો હુકમ આવે ? તેઓ પોતે જ વિચારી લે.

જો કે સામાન્ય લોકોએ પણ ઈસ્લામ તથા ઈમાન કોને કહેવાય અને કયાં કૃત્યો હરામ તથા ગુમરાહીનાં છે તથા કયા વાણી તથા વર્તનથી ઈમાન જતુ રહે છે, એટલું જ્ઞાન તો મેળવવું જ જોઈએ. પણ અમારો

પ્રશ્ન તે કહેવાતા મૌલાનાઓને છે જેમનાં નામો ઉપરોક્ત સમાચારોમાં (સમાચાર પત્રોમાં) ફોટાઓ સાથે દર્શાવાયાં છે, અને જેમને મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના પ્રસંગે થતી ભાગવત કથામાં મૂર્તિઓના ફોટાઓથી સજાવેલા મંચ પર પ્રવચનો કરતા અમે જોઈ રહ્યા છીએ, તેઓ ખૂદ દર્શાવે કે આવી ખાસ કુફ્ર તથા શિર્કની મેહફિલોમાં હોંશભેર હાજરીથી શું તેમનાં ઈમાનોને કોઈ આંચ નહીં આવે ?! જગ જાહેર થતાં આ કામો માટે એમને કોઈ પ્રશ્ન પૂછનાર છે ખરું ?! અને આ તેમણે કરેલી શરૂઆતનાં ભવિષ્યમાં શું પરિણામો આવશે ? અજ્ઞાન પબ્લિક આગળ જતાં કયા માર્ગે જશે એ તેઓ કહી શકે છે ?

## વલીઓ પર્દો કરી ગયા ને આવા મુજાવર રહી ગયા !

મુસલમાનો ! જરા પાછળ પલટીને તમારા બુઝુર્ગોનો ઈતિહાસ જુઓ ! કે કેવા કેવા સંજોગોમાં કેવા કેવા બિન મુસ્લિમોને પોતાની લાજવાબ કરામતો વડે એક ખુદાને માનનારા કરી નાખ્યા હતા, તેમના દિલોની દુનિયા બદલી નાખી હતી, જે આબાદીમાંથી પસાર થતા તેને ઈમાનના નૂરથી ભરી દેતા અને બાતિલ મઅબૂદોના દીવાનાઓને એક રબના શયદાઈ બનાવી દેતા હતા. મંદિરો પાસેથી પસાર થતા તો પૂજારીઓ સહિત પૂરી કૌમને ઈસ્લામના રંગે રંગી દેતા હતા અને "લાઈલાહ ઈલ્લલ્લાહ"નો ઝર્બ લગાડતા કરી દેતા હતા. શું સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો ઈતિહાસ તમારી નજરો સમક્ષ નથી ?! અને આજે તમો એનાથી ઉલ્ટાં કામો કરી રહ્યા છો ?! તો એ વલીઓની રૂહોને કેટલી તકલીફ થતી હશે !

ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને અનાસાગર તળાવના કિનારેથી જતા રહેવા માટે દબાણ કરવામાં આવ્યું. રાજા પૃથ્વીરાજની આજ્ઞા મુજબ સાધુરામ જે ત્યાંના ખાસ મંદિરનો વહિવટ સંભાળતો હતો તે સર્વ શિષ્યો, પૂજારીઓ સાથે ખ્વાજા સાહબને પોતાની વિદ્યા વડે ડરાવી ધમકાવી કાઢી મૂકવાના ઈરાદે આપની પાસે પહોંચ્યો. પરંતુ તે તથા તેના સાથીઓ ખ્વાજા સાહબનો રૂહાની પ્રભાવશાળી ચહેરો જોતાં જ ગભરાઈ ગયા અને પોતાની વિદ્યા ભૂલી ગયા ! સાધુરામ હઝરત ખ્વાજા ગરીબ નવાઝની નજરોના તાપથી ધ્રુજી ઉઠયો અને આપના કદમોમાં ગબડી પડયો અને પોતાની ભૂલની માફી માંગી મુસલમાન થઈ ગયો.

**ન તખ્તો તાજમેં ન લશ્કરો સિપાહમેં હૈ**
**જો બાત મર્દે કલંદરકી એક નિગાહમેં હૈં**

તે ઉપરાંત જયપાલ જોગીના શા હાલ થયા તે પણ આપ વારંવાર વાંચતા સાંભળતા આવ્યા છો. એનો ફરી અભ્યાસ કરો.

તેમજ અકબરના "દીને ઈલાહી" સામે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી નક્શબંદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની ટક્કર શા માટે હતી ? આજે "અલ્લાહ અને ભગવાન તેમજ રામ અને રહીમ એક છે" એવી કુફ્રી વાણી બોલનારા દુનિયાના લાલચુ અમુક જાહિલ સૂફીઓ તથા ધોકાબાઝ રાજકરણીઓ સમજે કે હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ એલાન કર્યું હતું કે, "મારો ધર્મ રામ–રહીમ એક છે તે નથી !" તેમજ ત્યારે એ જ દીને ઈલાહી ખડો થયો હતો જેમાં મસ્જિદ–મંદિરનો દરજ્જો સમાન દર્શાવાયો હતો, અકબરના હુકમથી જનોઈ તથા ટીલક અપનાવવામાં આવતુ હતું, ગૈર ખુદા

માટે તા'ઝીમી સિજદો જાઈઝ ઠરાવ્યો હતો તેમજ ગૈર મુસ્લિમોના તહેવારો મનાવવામાં આવતા હતા..... હઝરત મુજદ્દિદ અલ્ફેષાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ પોતાના બાતિની નૂર અને શરીઅતની દલીલો વડે અકબરના એ દીને ઈલાહીનો ખાત્મો બોલાવ્યો હતો.

એવા તો અસંખ્ય બુઝુર્ગોના દાખલા છે કે દીને ઈસ્લામમાં ગૈર ધર્મોની ભેળસેળ થવા નથી દીધી. જ્યારે આજે દરગાહો પર અડ્ડો જમાવી બેઠેલા કેટલાક જાહિલ મુજાવરો તથા લાલચુ મૌલાનાઓ એ "દીને ઈલાહી"ને ફરી જીવંત કરવા મથી રહ્યા છે તેઓ આ બુઝુર્ગોના જીવન ચરિત્રોને વાંચે અને સમજે કે તેઓ પોતે કયા ખયાલોના સ્વર્ગમાં જીવી રહ્યા છે !

એ જ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મજૂસીઓ (પારસીઓ)ના અગ્નિકુંડ પાસેથી એકવાર પસાર થયા તો મજૂસીઓ (અગ્નિપૂજકો)ને પૂછયું કે અગ્નિને શા માટે પૂજો છો ? તેઓએ કહ્યું, "અમે દોઝખની આગથી ઘણો જ ભય અનુભવીએ છીએ, એના ડરથી જ અગ્નિને પૂજીએ છીએ." આપે કહ્યું, "આગ તો અલ્લાહના તાબે છે ! તેના હુકમ વિના કોઈને બાળશે નહીં." તેમણે કહ્યું, "શું તમે આગની પૂજા નથી કરતા છતાં તમને બાળશે નહીં ?! હઝરતે કહ્યું, "મને તો શું મારી જુતીઓને પણ નથી બાળી શકતી !" કહીને જુતીઓને કેટલોય સમય આગમાં રાખી બહાર કાઢી તો તેને આંચ પણ ન આવી ! આ કરામત જોઈને સૌ અગ્નિપૂજકો મુસલમાન થઈ ગયા.

બીજો એક પ્રસંગ છે કે, "મેમણ કૌમ માટે મશહૂર છે કે એમના પૂર્વજો કુફ્રની હાલતમાં હતા ત્યારે કોઈ તીર્થધામની જાત્રાએ જઈ રહ્યા હતા. એક સ્થળે નદી પાર કરવા કોઈ નાવડી ન હોવાથી કિનારે રોકાઈ ગયા. ત્યાં ગૌષ પાક رضی اللہ عنہની ઔલાદમાંથી એક બુઝુર્ગ મળે છે. વાતચીત દરમ્યાન તે બુઝુર્ગ કહે છે કે અહીં જ તમને તીર્થધામ જોવા મળી જાય તો ?! તો સૌ ખુશ થઈ જાય છે. બુઝુર્ગ આંખો બંધ કરાવે છે પછી આંખો ખોલવા કહે છે તો તેઓ તે તીર્થધામને તેમની નજરો સમક્ષ જુએ છે ! આ કરામત જોઈને સૌ મુસલમાન થઈ જાય છે. આ હતા બુઝુર્ગો જેમણે આ રીતે ઈમાનની રોશની ફેલાવી." *(બહવાલા ખુત્બાતે નિઝામી)*

### નિગાહે વલી મેં વો તાસીર દેખી - બદલતી હજારોં કી તકદીર દેખી

જ્યારે આજે આવા બુઝુર્ગોના નામ પર ચરી ખાનારાઓ એવા જ બુઝુર્ગોના મઝારો પર કથા તથા પૂજા પાઠના પ્રોગ્રામો હોંશે હોંશે કરી કરાવી રહ્યા છે તથા શિર્કમય પ્રોગ્રામોમાં હાજરી આપી ગર્વ અનુભવી રહ્યા છે. તો વળી ક્યાંક ડો. ઝાકિર નાયક જેવા આઝાદ ખયાલ ગુમરાહો એવું કહેવા લાગ્યા છે કે, "ઈસ્લામ અને હિંદુ ધર્મ સરખા છે" તો નથી લાગતું કે તેમણે બુદ્ધિનું દેવાળુ કાઢી નાખ્યું છે ?! માટે નવયુવાનો આવા બેલગામ ફાસિક ગુમરાહોની વાતો પર ધ્યાન ન કરે અને મધમાં ઝહેર ખવડાવતા આવા ગુમરાહોની વાતો ન સાંભળે અને ઈસ્લામની મર્યાદાઓને પાયાના સિદ્ધાંતોને સમજે. જેઓ વિવિધ વિરોધાભાસી માન્યતા છતાં ધર્મોને એક કરવા જાય છે એવા લોકોને અમારી નમ્ર વિનંતિ છે કે ધાર્મિક બાબતે ભેળસેળમાં ન પડે અને એવાં કામોથી તૌબા કરી લે અને પોતાની આખેરતને બર્બાદ થવાથી બચાવે. સર્વ જાતિના ભાઈઓ સાથે કૌમી એખ્લાસપૂર્વક એકતાથી સહકારથી જરૂર રહે કે એ આપણી અખ્લાકી ફરજ છે પણ ધાર્મિક બાબતોમાં ઘાલમેલ ન કરે એમાં જ તેમની બંને જહાનમાં ભલાઈ છે.

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

إِنَّ الَّذِينَ يَكْتُمُونَ مَا أَنْزَلَ اللَّهُ مِنَ
الْكِتَابِ وَيَشْتَرُونَ بِهِ ثَمَنًا قَلِيلًا ۙ أُولَٰئِكَ مَا يَأْكُلُونَ فِي
بُطُونِهِمْ إِلَّا النَّارَ وَلَا يُكَلِّمُهُمُ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ وَلَا يُزَكِّيهِمْ
وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١٧٤﴾ أُولَٰئِكَ الَّذِينَ اشْتَرَوُا الضَّلَالَةَ بِالْهُدَىٰ
وَالْعَذَابَ بِالْمَغْفِرَةِ ۚ فَمَا أَصْبَرَهُمْ عَلَى النَّارِ ﴿١٧٥﴾ ذَٰلِكَ بِأَنَّ
اللَّهَ نَزَّلَ الْكِتَابَ بِالْحَقِّ ۗ وَإِنَّ الَّذِينَ اخْتَلَفُوا فِي الْكِتَابِ
لَفِي شِقَاقٍ بَعِيدٍ ﴿١٧٦﴾ لَيْسَ الْبِرَّ أَنْ تُوَلُّوا وُجُوهَكُمْ قِبَلَ
الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَلَٰكِنَّ الْبِرَّ مَنْ آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ
الْآخِرِ وَالْمَلَائِكَةِ وَالْكِتَابِ وَالنَّبِيِّينَ وَآتَى الْمَالَ عَلَىٰ حُبِّهِ
ذَوِي الْقُرْبَىٰ وَالْيَتَامَىٰ وَالْمَسَاكِينَ وَابْنَ السَّبِيلِ وَالسَّائِلِينَ
وَفِي الرِّقَابِ وَأَقَامَ الصَّلَاةَ وَآتَى الزَّكَاةَ وَالْمُوفُونَ بِعَهْدِهِمْ
إِذَا عَاهَدُوا ۖ

**તર્જુમો :** બેશક ! જે લોકો છુપાવે છે[૧૯૮] અલ્લાહની નાઝિલ કરેલી કિતાબ અને ખરીદી લે છે તેના બદલે તુચ્છ બદલો, તો તેઓ નથી ખાઈ રહ્યા પોતાના પેટોમાં આગ સિવાય, અને વાત સુદ્ધાં કરશે નહીં તેમની સાથે અલ્લાહ[૧૯] અને ન (તેમના ગુનાહ બખ્શીને) તેમને પાક કરશે અને તેમના માટે દર્દનાક અઝાબ છે. આ તે (બદ્‌નસીબ) છે જેમણે ખરીદી લીધી ગુમરાહી હિદાયતના બદલામાં, અને અઝાબને નજાતના બદલામાં (આશ્ચર્ય છે) કઈ ચીજે આટલા સાબિર (ધૈર્યવાન) બનાવી દીધા છે તેમને આગ (ના અઝાબ) પર. આ સજા એ કારણે થશે કે અલ્લાહે તો ઉતારી કિતાબ હક્ક઼ની સાથે અને બેશક ! જે લોકો મતભેદ નાખી રહ્યા છે કિતાબમાં તેઓ દૂર દરાઝના ઝઘડાઓમાં ફસાયા છે. નેકી બસ એ જ નથી કે (નમાઝમાં) તમે ફેરવી લો તમારા ચહેરા[૨૦૦] પૂર્વની તરફ અને પશ્ચિમની તરફ બલ્કે[૨૦૧] નેકી (નો કમાલ) તો એ છે કે કોઈ શખ્સ ઈમાન લાવે અલ્લાહ પર અને ક઼િયામતના દિવસ પર અને ફરિશ્તાઓ પર અને કિતાબ પર અને સર્વ નબીઓ પર, અને આપ પોતાનો માલ અલ્લાહની મહોબ્બતથી સગાંઓ અને યતીમો તથા મિસ્કીનો તથા મુસાફરો અને માંગનારાઓને, અને (ખર્ચ કરે) ગુલામ આઝાદ કરવામાં અને સહીહ સહીહ અદા કરે નમાઝ અને આપ્યા કરે ઝકાત, અને જેઓ પૂરા કરનારા છે પોતાના વાયદાઓને જ્યારે કોઈને વાયદા કરે છે અને કમાલ નેક છે[૨૦૨].

## તફસીર

૧૯૮. યહૂદી અલ્લાહના હુકમોને છુપાવતા હતા. હુઝૂરે કરીમ ﷺની ખૂબીઓ તથા ગુણો જે

તૌરાતમાં લખેલા હતા તેને જાહેર થવા દેતા ન હતા અને થોડાક રૂપિયાની લાલચમાં પોતાની ઈચ્છાનુસાર શરીઅતમાં ફેરફાર પણ કરી લેતા હતા. પોતે પણ હિદાયતના ઝરણાથી તૃપ્ત ન થતા અને અન્ય લોકોને પણ તૃપ્ત થવા દેતા ન હતા. ખૂદ પણ ગુમરાહ રહ્યા અને અન્ય લોકોના માટે પણ હિદાયતના માર્ગો બંધ રાખતા. એ જુર્મ કેમ કે ઘણો જ ગંભીર હતો એટલા માટે એની સજા પણ આટલી સખ્ત રાખવામાં આવી. ફર્માવ્યું કે આ સ્વાદિષ્ટ કોળિયાઓ જે લાંચ લઈને તમે તમારા ગળા નીચે ઉતારી રહ્યા છો જે આગના ન ઓલવાનારા અંગારાઓ છે તેની જલન કદી ખત્મ ન થશે.

**૧૯૯.** અને એનાથી વધીને એ કે અલ્લાહ તઆલા જે રહમાન તથા રહીમ છે છતાં એવા લોકો સાથે વાત સુદ્ધાં નહીં કરે. દરેક તે વ્યક્તિ જેણે કદી ઈખ્લાસ તથા મહોબ્બતનું નામ પણ સાંભળ્યું હોય આ શિક્ષા નથી વેઠી શક્તો કે માલિકે હકીકી, મહબૂબે હકીકી, હમેશાં મહેરબાની કરનાર, દરેક સમયે અમાપ નેઅમતો આપનાર પોતાની રહમતની નિગાહ ફેરવી લે, પોતાના કરમનું રુખ ફેરવી લે, પોતાના જાંપરવર ખિતાબથી મેહરૂમ કરી આપે અને વળી દિલ સહન કરી લે ! તે દિલ ન થયું, પથ્થર થયો, બલ્કે પથ્થર પણ એવો અતિ સખત અને અતિ કઠીન. અલ્લાહ તઆલા પોતાના મહબૂબ મુસ્તફા ﷺના તુફૈલ પોતાની અદનાથી અદના નારાજગીથી પણ બચાવી લે. આમીન.

ત્રીજી સજા એ છે કે તેમના ચહેરાઓ પર હક્ક છુપાવવાની નજાસત (નાપાકી) ચિપકેલી રહેવા દેવામાં આવશે, રહમતના પાણી વડે તેને ધોવામાં નહીં આવે.

**૨૦૦.** દરેક દિવસમાં અમુક જાહેરી અમલો હોય છે અને અમુક હકીકી મકસદો, આ જાહેરી અમલો થકી માણસ દીનના હકીકી મકસદો સુધી સરળતાપૂર્વક પહોંચી શકે છે એટલા માટે આ જાહેરી અમલોને બજાવી લાવવા અત્યંત જરૂરી હોય છે. જ્યાં સુધી કૌમ દીનનો દામન મજબૂતીથી થામીને રહે છે તે આ જાહેરી અમલો અને હકીકી મકસદો બંનેને દૃષ્ટિ સમક્ષ રાખે છે અને બંનેને સમાન મહત્વ આપે છે. પરંતુ જ્યારે દીનનો જોશ ઠંડો પડી જાય છે તો ક્રમે ક્રમે હકીકી મકસદો આંખોથી ઓઝલ થવા માંડે છે. અને કૌમ કેવળ જાહેરી અમલોની અદાયગીને પૂરતુ સમજવા લાગે છે. અને આ જાહેરી અમલોમાં હકીકી મકસદો સુધી પહોંચવાનો જઝબો દમ તોડી ચૂક્યો હોય છે. એટલા માટે એ અમલો નિર્જીવ રસમો બનીને રહી જાય છે અને ગલત ફહમીમાં રહેલી કૌમ એ રસમોને પાળવાને જ સૌથી મોટી નેકી સમજવા લાગે છે અને હકીકી મકસદોથી તદન ગાફેલ થઈ જાય છે. દા.ત. નમાઝ તથા રોઝા ઈસ્લામની પાયાની ઈબાદતોમાંથી છે પરંતુ હુઝૂર રહમતુલ્ લિલ્ આલમીન ﷺએ નમાઝના વિશે ઈર્શાદ ફર્માવ્યો કે જે નમાઝ નમાઝીને બદ્કારીથી દૂર ન રાખી શકે :

فَلَمْ تَزِدْهُ مِنَ اللّٰهِ اِلَّا بُعْدًا (اَوكَمَا قَالَ عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَامُ)

તે નમાઝ તેને ખુદાથી અધિક વધુ દૂર કરી આપશે. રોઝાના સંબંધે ઈર્શાદ છે :–

مَنْ لَّمْ يَدَعْ قَوْلَ الزُّوْرِ وَالْعَمَلَ بِهٖ فَلَيْسَ لِلّٰهِ حَاجَةٌ فِيْ اَنْ يَّدَعَ طَعَامَهٗ وَشَرَابَهٗ

"રોઝાદાર જો જૂઠુ બોલવા અને તેના પર અમલ કરવાથી દૂર ન થાય તો અલ્લાહને એના ભૂખ્યા તરસ્યા રહેવાની કોઈ જરૂરત નથી. આ આયતે કરીમામાં એ જ હકીકતને ખોલીને વર્ણન કરવામાં આવી છે જેથી કરીને મુસ્લિમ ઉમ્મત આગલી ઉમ્મતોની જેમ અમુક જાહેરી અમલો પર જ સંતોષ માનતી ન થઈ જાય, અને નેકી તથા ફર્માંબરદારીને એટલા પૂરતી જ મર્યાદિત ન સમજી બેસે. તફસીરે મઝહરીના લેખક લખે છે કે ليس البر નો એ મતલબ કદી પણ નથી કે નિશ્ચિત દિશા તરફ મોઢું કરવું નેકી

છે જ નથી બલ્કે એનો મતલબ એ છે કે નેકી કેવળ એમાં જ સીમિત નથી, એ પણ નેકી છે એના ઉપરાંત પણ અન્ય નેકી તથા ફર્માંબરદારીનાં કામો છે જે હક઼ીક઼ી મકસદો છે અને એ તમારા ધ્યાનના વધુ હક્ક઼દાર છે.

**૨૦૧.** પાછલી ગલત ફહમીને દૂર કરવા માટે ઘણી જ સ્પષ્ટતા તથા ખાસ પદ્ધતિથી ઈસ્લામના સર્વ હક઼ીક઼ી મક઼સદો વર્ણન કરવામાં આવી રહ્યા છે. ઈસ્લામની સઘળી તા'લીમ આ ચાર વિષયો હેઠળ વર્ણન કરવામાં આવી શકે છે : **(૧)** અકીદા **(૨)** મુઆમલો **(૩)** ઈબાદતો **(૪)** અખ્લાક **من آمن** થી **والنَّبِيِّينَ** સુધી ઈસ્લામી અક઼ીદાઓનું વર્ણન કર્યુ. **وآتى المال** થી **وفى الرقاب** સુધી મુઆમલાતનું વર્ણન થયું. **اقام الصلوٰة وآتى الزكوٰة** થી ઈસ્લામી ઈબાદત વ્યવસ્થાના બે અતિ મહત્વના રુકન નમાઝ તથા ઝકાતને વર્ણવવામાં આવ્યું. ત્યારબાદ ઈસ્લામ જે અખ્લાકી બંધારણની પાબંદીનો પોતાના અનુયાયીઓને હુકમ આપે છે તેની સ્પષ્ટતા કરી દેવામાં આવી. કાશ ! આવું પરિપૂર્ણ તથા અજોડ જીવન બંધારણ ધરાવનારી ઉમ્મત એના પર અમલ કરવાની જરૂરતને પણ મેહસૂસ કરે તો પોતાની અંદર અને પોતાની આસપાસ પણ ઉઘાડો ઈન્કિ઼લાબ અનુભવવા લાગશે.

**૨૦૨.** કાયદા અનુસાર **والصّابرون** હોવું જોઈએ પરંતુ ખલીલ ઈમામે નહ્‌વએ કહ્યું કે અહીં **الصابرين** મદહની બુનિયાદ પર મન્સૂબ છે, એટલા માટે એ જ મદહના અર્થને જે કુર્આની દલીલ છે એને તર્જુમામાં જાહેર કરવો અતિશય જરૂરી છે એટલા માટે મેં આ તર્જુમો કર્યો છે.

## મુસ્તફ઼ા તેરી શૌકત પે લાખો સલામ ﷺ

શામી પ્રકરણ મુર્તદ્દીન માં છે કે હઝરત આમેના ખાતૂન અને હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہما (આપના વાલિદ)ને પણ જીવંત ફર્માવીને સહાબિયતની મહાનતાથી નવાજ્યાં.

શામી માં એ જગાએ છે કે હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم એ પોતાની અસરની નમાઝ હુઝૂરની ઊંઘ પર કુર્બાન કરી દીધી. પ્રસંગ એ છે કે હુઝૂર અસરની નમાઝ પઢીને હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم ની જાંગ પર માથુ મુબારક રાખીને સૂઈ ગયા. હઝરત અલીએ હજી સુધી નમાઝ પઢી ન હતી. સૂર્ય આથમતો રહ્યો અને હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم ચૂપચાપ બેસી રહ્યા. કારણ કે એમનો ખ્યાલ હતો કે જો હું નમાઝના માટે ઉઠયો તો હુઝૂરના આરામમાં ખલેલ પડશે. સૂર્ય ડૂબી ગયો અને હઝરત અલીની અસર કઝા થઈ ગઈ. હુઝૂરે જાગૃત થઈને ડૂબેલો સૂર્ય પાછો વાળ્યો. વિતી ગયેલા દિવસને અસર બનાવ્યો અને હઝરત અલીની જતી રહેલી અસર અદા પઢાવી. (ﷺ)

આ રિવાયતોથી જણાયું કે હુઝૂર બે રીતે બંને જહાનના માલિક છે. એક તો એટલા માટે કે મરી ગયા પછી કોઈનું ઈમાન કબૂલ નથી થતું અને સમય વહી ગયા પછી નમાઝ અદા નથી થઈ શકતી. પણ એ સુલ્તાનની હુકૂમતના સદકે તથા કુર્બાન જઈએ કે પોતાના માં બાપને તેમની વફ઼ાતના પછી સહાબી બનાવી દીધાં અને ખુદાએ કબૂલ ફર્માવ્યાં, અને હઝરત અલીની જતી રહેલી નમાઝ અદા કરાવી દીધી. તથા મજાની વાત એ છે કે, હઝરત અલીના સિવાય જે લોકોએ અસર પહેલાં પઢી લીધી હતી તેમની પાસે દોહરાવાઈ નહીં. આ એક જ વખત હઝરત અલીના માટે અસરનો છે અને બીજાઓના માટે નથી. હાકઝાફિશશામી ફી હાઝલ મુકામ.

બીજું એટલા માટે કે સૂર્ય આકાશમાં રહે છે અને મુડદાંઓની રૂહ (આત્મા) આલમે અરવાહનું એક પક્ષી છે. પરંતુ હુઝૂરની બાદશાહત એમના પર પણ ચાલુ છે કે અહીંથી ઈશારો થયો તો ત્યાંથી તાબેદારી થઈ કે સૂરજ ડૂબલો પાછો વળ્યો અને માબાપની રૂહ એ આલમમાંથી પાછી આવી. *(સલ્તનતે મુસ્તફ઼ા)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૯ ★

હઝરત ઈમ્રાન ઈબ્ને હસીન[1] رضی اللہ عنہ થી રિવાયત છે કે મુઝીનાની બે વ્યક્તિઓએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ફર્માવો તો કે જે કાંઈ લોકો આજે અમલ કરી રહ્યા છે અને જેનામાં મશ્ગૂલ છે શું એ એવી ચીજ છે જેનો એના પર ફૈંસલો થઈ ચૂક્યો છે અને જે ચીજની તક્દીર એમનામાં ગુજરી ચૂકી છે અથવા એમાં છે જેને ભવિષ્યમાં કરશે જે એમની પાસે પયગંબર લાવ્યા જે દલીલ એમના પર કાયમ થઈ ચૂકી[2]. હુઝૂરે ફર્માવ્યું, નહીં ! બલ્કે અમલ તે ચીજ છે જેનો એના પર ફૈંસલો થઈ ચૂક્યો અને તક્દીર ગુજરી ચૂકી[3]. એનું સમર્થન અલ્લાહની કિતાબમાં પણ મૌજૂદ છે કે, કસમ જાનની તથા તેને દુરુસ્ત ફર્માવવાની, અને એની કે એના દિલમાં નાખી દીધી બદ્કારી તથા પરહેઝગારી[4]. *(મુસ્લિમ)*

મુસ્લિમમાં રિવાયત છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું યુવાન માણસ છું, અને મારા નફ્સ પર ઝિનાથી ડરુ છું અને નિકાહ કરવા શક્તિમાન નથી[5]. કદાચ તે હુઝૂરથી ખસ્સીની ઈજાઝત ચાહતા હતા[6]. ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ખામોશ રહ્યા. તો મેં ફરી એ જ કહ્યું. આપ صلی اللہ علیہ وسلم ફરી ખામોશ રહ્યા. મેં ફરી કહ્યું તો હુઝૂર ફરી ખામોશ રહ્યા[7]. મેં ફરી એ જ પ્રમાણે કહ્યું તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! કુદરતનો ક઼લમ તે લખીને સુકાઈ પણ ચૂક્યો જે તમે પામનારા છો, ચાહે હવે ખસ્સી થાવ કે ન થાવ[8]. *(બુખારી)*

અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે લોકોનાં સર્વ દિલો[9] અલ્લાહની (કુદરતની) આંગળીઓમાંથી બે આંગળીઓની વચ્ચે છે[10]. એક દિલની જેમ જેવી રીતે ચાહે છે તેમને ફરેવે છે[11] પછી નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે અલ્લાહ ! હે દિલોને ફેરવનાર ! અમારાં દિલો તારી ફર્માંબરદારી તરફ ફેરવી આપ[12].

## ★ સમજૂતી ★

**૧.** આપની કુન્નિયત અબૂ નજીદ છે, ખઝાઈ છે કઅબી છે. ખયબરના વર્ષે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની સાથે ઈમાન લાવ્યા. બસરામાં સ્થાયી થયા, હિ.સ. પર માં ત્યાં જ ઈન્તેકાલ થયો. મહાન સહાબી છે. આપ ત્રીસ વરસ બીમાર રહ્યા એ જમાનામાં આપને ફરિશ્તા સલામ કરવા આવતા હતા. *(મિર્ક઼ાત તથા અશ્અહ્)*

**૨.** સવાલનો ખુલાસો એ છે કે શું લખાણ પહેલાં હોય છે અને ભૂલચૂક બાદમાં કે પછી એનાથી ઉલ્ટુ ? કે પહેલાં આપણે ખૂદ કામ કરી લઈએ છીએ પછી પાછળથી લખવામાં આવે છે. લખાણથી મુરાદ તકદ઼ીરનું લખાણ છે ન કે આમાલનામુ, કેમ કે આમાલનામાનું લખાણ તો યક઼ીનન અમલ કરી લીધા પછી જ થાય છે. યાદ રાખશો કે ક઼દરિયા ફિર્કાવાળાનો અક઼ીદો એ છે કે, "ક઼ઝા તથા ક઼દર કોઈ ચીજ નથી, ન પહેલાં કાંઈ લખવામાં આવ્યું છે, આપણે તદ્દન ક઼ાદિરે મુત્લક થઈને અમલો કરીએ છીએ પછી તે લખાય છે." આ સખ્ત બેદીની છે.

**૩.** એટલે કે આપણા અમલો આ લખાણ તથા તક઼દીર પછી એના પ્રમાણેના છે, એનાથી ઉલ્ટા નથી, આ જ અહલે સુન્નતનો મઝહબ છે.

**૪.** દલીલ એ છે કે અહીં اَلْهَمَ ભૂતકાળ છે. જેનાથી માલૂમ થાય છે કે આ ઈલ્હામ અમલથી કેટલાયે પહેલાં થઈ ચૂકેલ છે.

**૫.** એટલે પત્નીના ભરણ પોષણ માટે શક્તિમાન નથી તો લોંડી પણ કઈ રીતે ખરીદી શકું.

**મસ્અલો** : જે વ્યક્તિ પત્નીના હક્કો અદા કરવા શક્તિમાન ન હોય તેણે નિકાહ કરવા મના છે. એમાં શારીરિક શક્તિ તથા આર્થિક શક્તિ બંને સામેલ છે.

**૬.** આ કોઈ રાવી (રિવાયત કરનાર)નું કથન છે. એટલે કે અબૂ હુરૈરહ્‌ની વિનવણી તથા રજૂઆત એટલા માટે હતી કે હુઝૂરે અન્વર ﷺ તેમને ખસ્સી થઈ જવાની પરવાનગી આપી દે જેથી ઝિનાનો અવકાશ બાકી જ ન રહે. સહાબાએ કિરામનો આ અતિશય કક્ષાનો તકવો છે કે ગુનાહ પર મુસીબત વેઠવાને અગ્રતા આપે છે. ખસ્સી કરાવીને પોતાને અયબદાર તથા નકામા કરાવી લેવું મંઝૂર છે પણ ફાસિક્ બનવું તો શું એનો ઉલ્લેખ પણ માન્ય નથી.

**૭.** આ વારંવાર ખામોશ રહેવું એ ક્યાં તો મસ્અલાના નિયંત્રણ માટે હતું જેથી અબૂ હુરૈરહ્ એનો જવાબ ધ્યાનપૂર્વક સાંભળે, અથવા તેમને સવાલથી રોકવા માટે કે ખસ્સી થવું તો દૂર રહ્યું એની ચર્ચા પણ ન કરો.

**૮.** એટલે કે જો તમારી તકદીરમાં ઝિના લખાઈ ચૂક્યો છે તો ખસ્સી થયા બાદ પણ કરી લેશો, નહીં તો ખસ્સી વિના પણ નહીં કરી શકો. આ વાતમાં ખસ્સી થવાની રજા નથી આપવામાં આવી રહી, બલ્કે સારા તરીકાથી રોકવામાં આવી રહ્યા છે, કેમ કે માણસે ખસ્સી થવું 'મુષ્લહ્' (કુદરતની બનાવટને બગાડવું) એટલે શરીરને બગાડવું છે અને 'મુષ્લહ્' ઈસ્લામમાં હરામ છે. એટલે કે બેકાર ચીજ માટે હરામમાં શા માટે પડો છો ?

**૯.** એમાં અંબિયા તથા અવલિયા અને મુસલમાનો તથા કાફિરો સર્વ સામેલ છે, કોઈ પણ રબના કબ્જાથી બહાર નથી, કેમ કે સામાન્ય શરીઅતના હુકમોના બંધાયેલા કેવળ માણસો છે એટલા માટે ખાસ કરીને માણસોના દિલનો ઉલ્લેખ થયો, નહીં તો ફરિશ્તાઓ તથા જિન્નાતો વગેરેનાં દિલ પણ અલ્લાહના કબ્જામાં છે.

**૧૦.** આ લખાણ "મુતશાબેહત"માંથી છે, કેમ કે રબ તઆલા આંગળીઓ, હાથો વગેરેથી પાક છે. મક્સદ એ છે કે સર્વનાં દિલો અલ્લાહના કબ્જામાં છે કે ખૂબ જ સરળતાપૂર્વક ફેરવી દે છે. જેમ કે કહેવામાં આવે છે કે તમારાં કામો મારી (કુદરતની) આંગળીઓમાં છે અથવા હું સવાલોના જવાબ ચપટીમાં આપી શકુ છું. મુતશાબેહાત (મળતાપણા)ની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "તફસીરે નઈમી"ના ત્રીજા પારામાં જુઓ.

**૧૧.** બુરાઈ અથવા ભલાઈની તરફ, કે બંદો પોતાના ઈરાદાઓ વડે સારું કે ખરાબ કામ કરવા માંડે છે, જેથી બંદો મજબૂર નથી પણ ઈરાદાપૂર્વક કામ કરે છે અને ઈરાદો રબની તરફથી છે, નહીં તો સજા કે બદલાનો હક્કદાર ન થાત અને ઈખ્તિયારી તથા ગૈર ઈખ્તિયારી કામોમાં ફર્ક ન રહેત. કંપવામાં હાથ વિના ઈખ્તિયારે હાલે છે અને લખતી વખતે ઈખ્તિયારથી. કૂતરાને પથ્થર મારો તો કૂતરો તમને કરડે છે ન કે પથ્થરને, જ્યારે કે વાગે તો પથ્થર જ છે. કેમ કે તે જાણે છે કે પથ્થર ગૈર મુખ્તાર છે મારનારો મુખ્તયાર છે. જો આપણે પોતાને પથ્થરની જેમ મજબૂર સમજીએ તો જાનવરથી પણ વધીને મૂર્ખ છીએ. સારાંશ કે આ હદીષથી જબરદસ્તી સાબિત નથી થતું.

**૧૨.** આ દુઆ કાફિર તથા મો'મિન, નેકોકાર તથા બદ્કાર દરેકના જ માટે છે. એટલે કે બદ્કારોનાં દિલો નેકીની તરફ ફેરવી આપ અને નેકોકારોના દિલ નેકી પર કાયમ રાખ. યાદ રાખશો કે આ દુઆ અસલમાં અન્યોના માટે છે, હુઝૂર ﷺ સૈયદુલ મઅસૂમીન છે, તેમના થકી ગુનાહ અશક્ય છે. તેમના માટે હિદાયત રબ તઆલાએ લાઝિમ કરી આપી છે જેમ કે સૂરજના માટે રોશની અથવા આગના માટે ગરમી. તેમની શાન તો ખૂબ જ ઉચ્ચ છે. તેમના તો ખાસ ગુલામોથી હિદાયત તથા તક્વો લાઝિમ છે. રબ તઆલા સહાબાએ કિરામના બારામાં ફર્માવે છે : **وَاَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوٰى** ઈસ્મતે અંબિયા (નબીઓની પવિત્રતા)ની ચર્ચા અમારી કિતાબતે "જાઅલ્ હક્ક્" તથા સહાબાની અઝમતની ચર્ચા અમારી કિતાબ "અમીરે મુઆવિયહ્" (رضی اللہ عنہ)માં જુઓ.

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## વિભાગ : ૧૮

## સુંદર વચન (સારી વાણી) અને સ્વજન અને સગાઓ સાથે સારો વર્તાવ

ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારાથી ક઼ાઝી અબૂ આમિર મુહમ્મદ બિન ઈસ્માઈલ رضی اللہ عنہએ પોતાની સનદના સાથે હદીષ બયાન કરી છે, તેમનાથી હદીષ બયાન કરી અબૂબક્ર મુહમ્મદ બિન મુહમ્મદે, તેમનાથી અબૂ ઈસ્હાક જબ્બાલે, તેમનાથી અબૂ મુહમ્મદ બિન નહાસે, તેમનાથી ઈબ્ને અલ્ એ'રાબીએ, તેમનાથી અબૂ દાઊદ, તેમનાથી મુહમ્મદ બિન યહ્યાએ, તેમનાથી મુહમ્મદ બિન સનાને, તેમનાથી ઈબ્રાહીમ બિન તુહમાને, તેમણે બદીલથી, તેમણે અબ્દુલકરીમ બિન અબ્દુલ્લાહથી, તેમણે ઈબ્ને શફીક઼થી, તેમણે પોતાના પિતાથી અને તેમણે અબ્દુલ્લાહ બિન અબી હમસાઅ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ રિવાયત કરી કે, મેં નબુવ્વતની જાહેરાત પહેલાં નબી કરીમ صلی اللہ علیہ وسلمના સાથે એક સોદો કર્યો હતો. આપનો કેટલોક માલ મારા પાસે બાકી રહી ગયો ત્યારે મેં વાયદો કર્યો કે, હું અત્યારે લઈ આવી ખિદમતમાં હાજર થાઉં છું, આપ આ જગ્યા તશરીફ રાખો. હું ઘરે જઈને મારા વાયદાને ભૂલી ગયો અને ત્રીજા દિવસે મને યાદ આવ્યું ત્યારે માલ લઈ આપના તરફ ગયો. જોયું તો આપ તે જ જગ્યાએ ઉભા રહી વાટ જોઈ રહ્યા હતા. આપે ફર્માવ્યું, અય નવજવાન! તમે મને તકલીફ (કષ્ટ) આપી. કેમ કે ત્રણ દિવસથી આ જ જગ્યાએ તમારી વાત જોઈ રહ્યો છું.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતે અક઼દસમાં જ્યારે ભેટો રજૂ કરવામાં આવતી ત્યારે આપ ફર્માવતા, તેને ફલાણી ઔરતના ઘરે પહોંચાડી દો કેમ કે તે ખદીજા رضی اللہ عنہાની સહેલી છે અને તેમનાથી મહોબ્બત કરતી હતી.

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, હું જેટલો ઉમ્મુલ મુ'મિનીન હઝરત ખદીજા رضی اللہ عنہا પર રશ્ક કર્યા કરતી એટલો બીજી કોઈ ઔરત પર કર્યો નથી. કેમ કે હું સાંભળતી હતી કે, હબીબે પરવર દિગાર صلی اللہ علیہ وسلم ઘણુ કરીને તેમને યાદ કરતા હતા. આપ બકરી ઝુબ્હ કરતા ત્યારે તેમની સહેલીઓ માટે ભેટ મોકલતા. હઝરત ખદીજા رضی اللہ عنہાની બહેન એક વખતે દરવાજા પર આવી. અંદર આવવાની રજા માંગવા લાગી ત્યારે અવાજ સાંભળી આપ બહુ જ ખુશ થયા અને તેની તરફ લપકયા. એવી જ રીતે એક ઔરત બારગાહે રિસાલતમાં હાજર થઈ ત્યારે આપે ઉમદા રીતથી તેનો હાલ પૂછયો અને આશ્વાસન આપ્યું. જ્યારે તે ચાલી ગઈ ત્યારે આપે ફર્માવ્યું, આ ઔરત હઝરત ખદીજા رضی اللہ عنہا પાસે આવ્યા કરતી હતી. ફર્માવ્યું, સુંદર વચન (સારી વાણી) ઈમાનની નિશાની છે.

કેટલાક પાછળના નેક લોકોએ મુસ્તફા صلی اللہ علیہ وسلمના ગુણગાનમાં ફર્માવ્યું છે કે, આપ બધાના સાથે સારો વ્યવહાર કરતા હતા પરંતુ પ્રતિષ્ઠાને પણ ધ્યાનમાં રાખતા હતા. એક વખતે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمએ પોતાની નવાસી એટલે અમાલહ બિન્તે ઝયનબ رضی اللہ عنہاને ગોદમાં ઉઠાવીને નમાઝ પઢી. જ્યારે આપ સજદામાં જતા ત્યારે તેને ઉતારી દેતા અને જ્યારે કયામ ફર્માવતા તો તેને ઉઠાવી લેતા.

## હબ્શાના બાદશાહના પ્રતિનિધિ સાથે સારો વર્તાવ

હઝરત કતાદા رضی اللہ عنہનું બયાન છે કે, નજ્જાશી બાદશાહનું એક પ્રતિનિધિમંડળ બારગાહે રિસાલત મઆબમાં હાજર થયું ત્યારે આપે જાતે મહેમાન નવાઝી કરી. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم ! ખિદમતના માટે આપના ગુલામ પૂરતા છે. રહમતે દો આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, આ લોકોએ પોતાના પ્રદેશમાં આપણા સાથીઓનું સ્વાગત કર્યું હતું, હું તેમના ઉપકારનો બદલો ચૂકવવા ઈચ્છું છું.

કબીલા હવાઝનના કૈદીઓમાં આપની દૂધ બહેન શીમા પણ હતાં. જ્યારે આપે તેમને જોયાં ત્યારે એમના માટે પોતાની ચાદર બીછાવી દીધી.તેના પછી જબાને હક્ક તર્જુમાન (સત્ય બોલનાર જબાનથી)થી ફર્માવ્યું કે, જો તમે અમારા પાસે રહેવા ઈચ્છો તો પૂરા સન્માન સાથે રાખવામાં આવશે અને જો પાછા પોતાના કબીલામાં જવા ઈચ્છો તો પોતાના માલ સમાન સાથે પાછાં જઈ શકો છો. તેમણે પોતાની કૌમમાં પાછા જવાનું પસંદ કર્યું ત્યારે આપે પૂરતો સામાન અને મૌલ દૌલત આપી તેમને પાછા મોકલી આપ્યાં.

હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ ફર્માવે છે કે, મેં મારી બાળવયના દિવસોમાં જોયું કે, રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمના પાસે એક ઔરત આવી, જ્યારે તે નજીક આવી તો આપે તેના માટે પોતાની ચાદર બીછાવી દીધી. તે બેસી ગઈ. ત્યારે મેં બીજાઓથી પૂછયું કે, આ કોણ છે ? સહાબાએ કિરામે ફર્માવ્યું કે, આ રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمનાં દૂધ માં છે.

પેજ નં. ૩૯ નું ચાલુ....

શબ્દોમાં ચોથા ખલીફા પર ટીકા ટીપ્પણ કરે છે :–

‘‘ત્યાર પછી (એટલે કે હઝરત ઉષ્માનના ખિલાફતકાળ પછી) હઝરત અલી આગળ વધ્યા, તેમણે ઈસ્લામી રાજકિય સત્તાને જાહિલિયતની દખલથી બચાવવાની અતિશય કોશિશ કરી પરંતુ તેમની જાનની કુર્બાની પણ આ ઉલ્ટા ઈન્કિલાબને ન રોકી શકી.’’ *(તજદીદો અહ્‌યાએ દીન, પેજ–૨૩)*

## મુહક્કિકો તથા મુફક્કિરોની ટીકા

"ઈસ્લામમાં એક નવી જિંદગીની જરૂરત છે, જૂના ઈસ્લામી મુફક્કિરો તથા મોહક્કિકોનો સરમાયો હવે કામ આપી શકતો નથી." *(તફહીમાત, પેજ–૧૫)*

વળી એક જગ્યાએ હદીષની ટીકા કરતાં લખે છે કે : આ કાણીયો દજ્જાલ વગેરે તો અફસાના (કહાની) છે જેની કોઈ શરઈ હૈસિયત નથી. શું સાડા તેરસો વરસના ઈતિહાસે એ સાબિત નથી કરી દીધું કે હુઝૂરનો અંદેશો સહીહ ન હતો ?! *(રસાઈલો મસાઈલ, પેજ–૫૩–૫૭)*

આ ઉપરાતં મહાન સહાબી, સૈફુલ્લાહ હઝરત ખાલિદ ઈબ્ને વલીદ તેમજ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની, હઝરત શાહ વલીયુલ્લાહ, હઝરત ઈમામ ગઝાલી વગેરે (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ની શાનમાં બેબાક બની બેઅદબીઓ કરી છે.

## ચિંતનની એક પળ !

હે ઈમાનવાળા ભાઈઓ ! ઈન્સાફથી બતાવો ! શું એવું નથી લાગતું કે ઈસ્લામનો કોઈ દુશ્મન ઈસ્લામની પાછળ પડી ગયો છે અને કુર્આન, હદીષ, તફસીરો, નબીઓ, ખૂદ નબીએ કરીમ صلی اللہ علیہ وسلم, સહાબીઓ, મોહદ્દિષો, મોહક્કિકો, મુફસ્સિરો બલ્કે ઈસ્લામની એક એક વાતની ટીકા કરી રહ્યો છે. અફસોસની વાત છે કે આવું કરનારા પોતાને ઈસ્લામના ઠેકેદાર તથા કૌમના હમદર્દના લેબલો લગાડીને ફરી રહ્યા છે ! રબ તઆલા તેઓની ખરાબીઓથી મુસલમાનોને બચાવે અને સાચી સમજ અતા કરે. (આમીન)

કાર્યાલય

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## મિસ્વાક અને અર્વાચીન વિજ્ઞાન (Miswak & Modern Science)

પ્રકૃતિ કદી પણ માણસની વિરુધ્ધ નથી. આ ભટકી ગયેલો માનવી જ્યારે દરેક રીતે દુનિયાની ઐયાશીઓમાં ફરતો ભટકતો પરત ફિતરતની પ્રતિ વળે છે તો એ ફરીથી તેને એ જ લુત્ફ તથા ફાયદો આપે છે જેને છોડીને ચમકીલા ધોકાની (ઝાંઝવાના જળ) પ્રતિ ભાગ્યો હતો. તદ્દન આ જ સ્થિતિ મિસ્વાકની છે. એ પહેલેથી દુનિયાની છેવટ સુધી માનવ તંદુરસ્તીના માટે મદદગાર રહ્યું હતું અને રહેશે.

જ્યારથી આપણે આ નેઅમતને હાથથી જવા દીધી છે ત્યારના સમયથી આજ સુધી લોકો સતત પરેશાન થઈ રહ્યા છે. હજારો રૂપિયા બર્બાદ કર્યા પછી પણ શારીરિક તંદુરસ્તીના મૂળ કેન્દ્રની પ્રતિ પાછા નથી ફરતા.

બલ્કે એક બુદ્ધિશાળીએ ઘણી જ હિકમતપૂર્ણ તથા મજાની વાત કહી છે કે જ્યારથી આપણે મિસ્વાક છોડી છે તે દિવસથી ડેન્ટલ સર્જનની શરૂઆત થઈ છે.

આવો ! આપણે જોઈએ કે આ સુન્નત ખરેખર તદ્દન ફિતરત (પ્રકૃતિ) પ્રમાણે છે ? શું આ સુન્નત આપણી પ્રગતિમાં આડરૂપ છે કે પ્રગતિમાં વધારો કરનાર છે ? આ સુન્નત આપણને પથ્થર યુગ તરફ લઈ જાય છે કે પછી સાયન્સની નજીક કરે છે ? નિર્ણય તમારા હાથમાં છે ? ધ્યાનથી વાંચો અને નિર્ણય કરો.

### રાત અને મિસ્વાક

હુઝૂર અકદસ ﷺ રાત્રે ઉઠીને મિસ્વાક કરતા હતા. *(ઝાદુલ્ મિઆદ)*

હુઝૂરે અકદસ ﷺની રોજનીશીમાં હતું કે આપ રાતના સમયે મિસ્વાક કરતા હતા. *(બહવાલા : ઝાદુલ્ મિઆદ, મઅમૂલાતે નબવી, ઉસ્વએ રસૂલ)*

ઍન્જીનીયર નક્શબંદી પોતાના પુસ્તકમાં જણાવે છે કે, "વોશિંગ્ટન (અમેરિકા)નો ડોકટર મને કહેવા લાગ્યો કે સૂતી વખતે પણ મિસ્વાક કરીને સૂઓ. મેં કહ્યું કે શા માટે ? તે કહેવા લાગ્યો કે, એટલા માટે કે આધુનિક રિસર્ચ એ છે કે માણસ જે ખાણુ ખાય છે કોઈ ચીજ ખાય છે તો મોઢાની અંદર પ્લાઝમા (**Plazma**) સામાન્ય કોગળો કરવાથી સાફ નથી થતા. કહેવા લાગ્યો કે મોટા ભાગે જે દાંત ખરાબ થાય છે તે સૂતી વખતે થાય છે. મેં કહ્યું કે, એવું શાથી ? તો કહેવા લાગ્યો કે એનું કારણ એ છે કે જ્યારે માણસ સૂઈ જાય છે તો તેનું મોઢું તદ્દન બંધ થઈ જાય છે અને બંધ મોઢામાં તેનું કામ સરળ થઈ જાય છે. આ સ્થિતિમાં ન મોઢું હલન ચલન કરે છે અને પ્લાઝમા (**Plazma**) પોતાનું કામ કર્યે જાય છે.

વધુમાં જણાવ્યું કે તમે જોશો કે દિવસના સમયે ક્યારેક માણસ બોલી રહ્યો છે તો ક્યારેક જીભ ચાલી રહી છે ક્યારેક ખાઈ રહ્યો છે, ક્યારેક પી રહ્યો છે. દિવસના સમયે હલન ચલન કરવાના કારણે પ્લાઝમાને કામ કરવાનો મોકો નથી મળતો અને રાતના સમયે જ્યારે મોઢું બંધ હોય છે તો તેને કામ કરવાનો મોકો મળી જાય છે એટલા માટે દાંત વધારે પડતા રાત્રે ખરાબ થાય છે.

પછી કહ્યું કે સવારે ટુથ પેસ્ટ કરે ન કરે પણ રાત્રે સૂતી વખતે મિસ્વાક જરૂરથી કરે. મેં અલ્હમ્દુલિલ્લાહ ! વાંચ્યું છે કે આપણા નબી ﷺની સુન્નત છે કે રાત્રે વુઝૂની સાથે સૂતા અને મિસ્વાક વિના વુઝૂ કરતા ન હતા. જ્યારે માણસ ખાણુ ખાઈને વુઝૂ કરશે, મિસ્વાક કરશે તો નુકસાનથી બચશે. હુઝૂર ﷺ ખાવાથી પહેલાં હાથ ધોતા હતા અને ખાધા પછી કુલ્લી કરતા હતા,

અને આજે લોકો ખાવા ખાઈને એ જ પ્રમાણે ઉઠીને ચાલ્યા જાય છે, જો કે તેમના મોઢાની અંદર મીઠુ (Sweet) ખાધુ છે તો મીઠાશની અસરો બાકી છે અને ઘણા મોડે સુધી રહે છે. અને જો એ જ સમયે કુલ્લી (કોગળો) કરવાની આદત પડી જાય તો કેટલો ફાયદો થઈ જશે. અને વળી દિવસમાં પાંચ વાર વુઝૂ કરી રહ્યા છે અને સતત મોઢુ સાફ થઈ રહ્યું છે જેથી દિવસમાં પાંચ વાર માણસની આ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ સાફ થઈ રહી છે, આ હાથ પગો વગેરે સાફ થઈ રહ્યું છે.

## નમાઝથી પહેલાં મિસ્વાક

★ હકીકતમાં મહાન શાનવાળા રબની હમ્દ બયાન કરવાની છે જેથી મોઢાનું સાફ હોવું જરૂરી છે.

★ જો ખાવા ખાધુ છે અને મિસ્વાક કર્યા વિના નમાઝનું વુઝૂ કરીને નમાઝ પઢી છે તો ખોરાકના કણો જીભમાં અટકેલાં રહેશે અને નમાઝના ખુશૂઅ તથા ખુઝૂઅ (તલ્લીનતા)માં ભંગ પડશે.

★ નમાઝીએ નમાઝમાં ઊભા રહેવાનું છે જો મોઢામાંથી બદબૂ નીકળી તો લોકો નફરત કરશે અને નમાઝીઓને તકલીફ પહોંચશે, જેથી મિસ્વાક વડે મોઢાની દુર્ગંધ ખત્મ કરવામાં આવે.

★ મિસ્વાક કરવાથી મોઢાની અંદર એવી લહેરો (**Rays**) પેદા થઈ જાય છે જેનાથી તિલાવત, તસ્બીહ તથા હમ્દે ઈલાહીમાં મજા તથા આસાની થાય છે.

★ નમાઝ આપણા ખાલિક, માલિક તથા મહાન મૌલાની સમક્ષ હાજરી છે અને આપણુ મોઢું પાક સાફ ન હોય તો અલ્લાહ તઆલા સમક્ષ શર્મિંદગી થશે.

## મિસ્વાક અને સ્વિટઝરલેન્ડના ડોકટર

દિલબર મન્સૂર સાહબ એક વેપારી અને ખૂબ જ નિખાલસ માણસ છે, મને કહેવા લાગ્યા કે હું સ્વિટઝરલેન્ડમાં હતો તો એક નવ મુસ્લિમથી મારી મુલાકાત થઈ. મેં તે નવ મુસ્લિમને મિસ્વાક (પીલુડીનું) તોહફામાં આપ્યું. તેણે મિસ્વાક લઈને તેને આંખોથી લગાડયું તો તેને આંસૂ આવી ગયાં. અને પછી તેણે ખિસ્સામાંથી એક રૂમાલ કાઢયો તો એમાં એક તદ્દન નાનુ લગભગ બે ઈંચથી ઓછું એક મિસ્વાક લપેટાયેલું હતું. કહેવા લાગ્યો કે હું જ્યારે મુસલમાન થયો હતો તો મુસલમાનોએ મને આ ભેટ તરીકે આપ્યું હતું, એનો હું ઘણી કાળજીપૂર્વક ઉપયોગ કરતો રહ્યો, હવે આ જ ટુકડો બાકી બચ્યો છે એવામાં તમે મારી સાથે એહસાન કર્યું છે.

પછી તેણે પોતાનો પ્રસંગ સંભળાવ્યો કે મને તકલીફ હતી, મારા દાંત અને અવાવરાં એવી બીમારીમાં સપડાયેલ હતાં જેનો કોઈ ખાસ ઈલાજ ત્યાંના સ્પેશ્યાલિસ્ટ ડોકટરો પાસે ન હતો. મેં આ મિસ્વાક વાપરવાનું શરૂ કરી આપ્યું. કેટલાક અરસા પછી મારા ડોકટરને બતાવવા ગયો તો ડોકટર આશ્ચર્યમાં પડી ગયો અને પૂછયું કે તમે કઈ એવી દવા વાપરી છે જેના કારણે આટલા જલ્દી સાજા થઈ ગયા ! તો મેં કહ્યું કે કેવળ આપની જ દવા ઉપયોગમાં લીધી છે. કહેવા લાગ્યો કે, હરગિઝ નહીં ! મારી દવાથી આટલી જલ્દી સાજા નથી થઈ શકાતું, તમે હજી યાદ કરો ! મેં દિમાગ પર જોર આપ્યું તો તરત ખયાલ આવ્યો કે, હું મુસલમાન છું અને હું મિસ્વાકનો ઉપયોગ કરી રહ્યો છું. અને મેં મિસ્વાક દેખાડયું તો ડોકટર ખૂબ જ આશ્ચર્યમાં ડૂબી ગયો અને નવા સંશોધનમાં પડી ગયો.

## મિસ્વાક અને ગુરૂ નાનક

ગુરૂ નાનકના વિશે મશહૂર છે કે તે મિસ્વાક હાથમાં રાખતા હતા અને દાંતોએ મિસ્વાક કરતા રહેતા હતા અને કહેતા હતા કે, ''ક્યાં તો આ લાકડી લઈ લો ક્યાં તો બીમારી લઈ લો !'' કેટલી અર્થપૂર્ણ વાત છે કે મિસ્વાક લઈ લો તો બીમારીઓ ખત્મ, નહીં તો બીમારીઓમાં સપડાવું એક અનિવાર્ય વાત છે.

# રહમતે દૌરૈનના ﷺ શયદાઈ

**રજૂકર્તા** : ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

હિ.સ. ૧૧માં સરવરે આલમ ﷺએ પર્દો ફર્માવ્યો અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ખિલાફતમાં આવ્યા તો હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہએ કોઈપણ જાતના વાધાં વગર એમની બયઅત કરી લીધી. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ હઝરત સઅદ رضی اللہ عنہની ફઝીલતો અને બહાદુરીઓના પ્રશંસક હતા. એમણે હઝરત સઅદ رضی اللہ عنہને બનૂ હવાઝનના આમિલ નક્કી કરી દીધા.

સ.હિ. ૧૨માં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની વફાતના પછી હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ મસ્નદે ખિલાફત પર બેઠા તો એમણે પણ હઝરત સઅદ رضی اللہ عنہને એ હોદ્દા પર ચાલુ રાખ્યા, પરંતુ કુદરત એમને કોઈ મહાન મકસદના માટે પસંદ કરી ચૂકી હતી. સિદ્દીકે અકબર رضی اللہ عنہના દૌરે ખિલાફતમાં ઈરાનની જબરજસ્ત મજૂસી સલ્તનત સાથે મુસલમાનોની લડાઈની શરૂઆત થઈ ગઈ હતી.

એ લડાઈનો પહેલો દૌર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની વફાત પર ખતમ થઈ ગયો. આ લગભગ એક વર્ષની મુદ્દતનો સમયગાળો હતો. એ સમયમાં અરબ અને ઈરાનની સરહદ પર આબાદ બનૂ શયબાનના સરદાર મુષન્ના બિન હારષા رضی اللہ عنہ અને હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ ઈરાનીઓને તાબડતોડ હાર આપી પરંતુ હિ.સ. ૧૩માં જયારે હઝરત ખાલિદ رضی اللہ عنہ શામમાં ઈસ્લામી ફોજોની સરદારી કરવા ઈરાક અરબથી રુખસદ થયા તો ઈરાનવાળા મુસલમાનોનો ખાત્મો કરવા માટે એક થઈ ગયા અને એ મકસદના માટે જોરશોરથી જંગની તૈયારીઓ કરવા લાગ્યા. હઝરત મુષન્ના رضی اللہ عنہએ મદીના પહોંચીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને આ સ્થિતિની જાણ કરી તો એમને મુસલમાનોની સલામતીના વિશે બેચેની પેદા થઈ ગઈ. એ સમયે તેઓ સખત બીમાર હતા બલ્કે જિંદગીની આખરી મંઝિલો પસાર કરી રહ્યા હતા. એ હાલતમાં હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને વસિયત કરી કે, "અય ઉમર ! મારી જિંદગીનો પ્યાલો છલકાઈ ચૂક્યો છે, મને ઉમ્મીદ નથી કે હું આજ સાંજ સુધી જીવંત રહું, મારા મરણ પછી તમે કાલે જ મુષન્નાને મદદ આપીને ઈરાક રવાના કરી આપશો." આ વસિયતના પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ વિસાલ ફર્માવ્યો. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ ખિલાફતની જવાબદારીઓ સંભાળતાં જ હઝરત મુષન્ના رضی اللہ عنہની મદદના માટે હઝરત અબૂ ઉબૈદા ષકફી رضی اللہ عنہની સરદારીમાં એક હજાર જાનિષારોની ફૌજ રવાના કરી આપી. રસ્તામાં કેટલાય અરબ કબીલાઓ જેહાદમાં શરીક થવાના મોકા પ્રાપ્ત કરવાના માટે એમની સાથે સામેલ થઈ ગયા. એવી રીતે અબૂ ઉબૈદા رضی اللہ عنہના લશ્કરની સંખ્યા કેટલાયે હજાર સુધી પહોંચી ગઈ. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ એ ઈરાનીઓને નમાર્ક, કસ્કર અને અન્ય કેટલાક જંગોમાં હરાવીને ઈરાકે અરબના ઘણા મોટા વિસ્તાર પર કબ્જો કરી લીધો. એ હારોની ખબર સાંભળીને ઈરાની વઝીરે આ'ઝમ રૂસ્તમ બિન ફર્રુખઝાદ ઘણો જ ગુસ્સે થયો અને એણે એક અનુભવી અફસર બહમન જાદવિયાને એક જબરદસ્ત લશ્કર દઈને મુસલમાનોના મુકાબલાના માટે મોકલ્યો. એ લશ્કરે ફૂરાતના કિનારે "કસે નાતિફ"ના મકામ પર તંબૂ તાણ્યો. આ બાજુથી હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہએ ફૂરાતના બીજા કિનારા પર એક જગા મરોહામાં

રોકાણ કર્યું. બહમત જાદવિયાએ એમને સંદેશો મોકલ્યો કે તમે દરિયાની આ પારે ઉતરીને આવશો કે અમે આવીએ ? બદ્‌કિસ્મતીથી અબૂ ઉબૈદા رضی اللہ عنہ એ અંદાજો ન કરી શક્યા કે બીજી તરફ મેદાન ઘણુ જ સાંકડુ છે અને મુસલમાનોના માટે ત્યાં સફબંધી કરવી મુશ્કેલ છે, તેઓ બહાદુરીના જુસ્સામાં પોતાની ફૌજની સાથે દરિયાની પાર ઉતરી ગયા. લડાઈની શરૂઆત થઈ તો ઈરાની લશ્કરના ત્રણસો જંગી હાથીઓએ કયામત વરસાવી અને મર્દાનાવાર લડવા છતાં મુસલમાનોના કદમ ઉખડી ગયા. આ મારા મારીમાં કોઈએ દરિયાનો પૂલ તોડી નાખ્યો. પરિણામ એ આવ્યું કે મુસલમાનોની એક મોટી સંખ્યા દરિયામાં ડૂબી ગઈ અને ઘણા બધા જંગના મેદાનમાં શહીદ થઈ ગયા જેમાં હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ પણ સામેલ હતા. આ અફસોસજનક બનાવ ઈતિહાસમાં ''મારકએ જસર'' એટલે ''પુલની લડાઈ''ના નામથી જાણીતો છે. હઝરત મુષન્ના બિન હારષા શયબાની رضی اللہ عنہ એ ઘણા જ જલ્દી જસરની હારનો બદલો લઈ લીધો અને આગલા વર્ષે (રમઝાન, સ.હિ. ૧૪માં) બોયમની જગા પર ઈરાનીઓને ઈબ્રતનાક હાર આપી. એ લડાઈમાં એક લાખથી વધારે ઈરાની જંગના મેદાનમાં કામ આવ્યા બોયમની લડાઈ મુસલમાનોના નજીક જસરની લડાઈનો ભરપૂર જવાબ હતો, પરંતુ એણે મજૂસી ઈરાની શરમને (ગૈરત)ને ઝંઝોળીને રાખી દીધી. એમણે મલિકા પરવાન દખ્તને હટાવીને એક નવજવાન શેહઝાદા યઝ્‌દેગર્દને તખ્ત પર બેસાડયો અને ખાસ તથા આમ બધા એક થઈને મુસલમાનોના વિરોધમાં ઊભા થયા, જે ઈલાકાઓમાં મુસલમાનોએ કબ્જો કરી લીધો હતો ત્યાં પણ બગાવતની આગ ભડકી ઉઠી અને મુસલમાન ચારો તરફથી ખતરાઓમાં ઘેરાઈ ગયા. હઝરત ઉમર رضی اللہ عنہ ને આ પરિસ્થિતિની ખબર પહોંચી તો એમણે મુષન્ના رضی اللہ عنہ ને લખ્યું કે બધી ફૌજને સમેટીને અરબની સરહદ તરફ હટીને આવી જાવ. જેથી હઝરત મુષન્ના رضی اللہ عنہ પોતાની ફૌજોને સમેટીને ઝોકારની જગા પર રોકાઈ ગયા. આ બાજુ હઝરત ઉમર رضی اللہ عنہ એ આખા અરબમાં એલાન કરાવી દીધું કે લોકો જેહાદના માટે તૈયાર થઈને આવે. થોડાક જ સમયમાં મદીના મુનવ્વરામાં દરેક તરફથી જેહાદના માટે ઉત્સાહી માણસોનું પૂર ઉમટી આવ્યું. હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ એ પણ બનૂ હવાઝનના ત્રણ હજાર મુજાહિદો રવાના કર્યા. શિબ્લી નોઅમાની رحمۃ اللہ علیہ ના કૌલ મુજબ હઝરત સઅદ رضی اللہ عنہ ના માણસોમાં એક એક વ્યક્તિ તલ્વારનો માલિક હતો. (અલ્ ફારૂક) આ લશ્કરને જોઈને હઝરત ઉમર رضی اللہ عنہ ઘણા જ ખુશ થયા અને ઈરાદો કર્યો કે આ ફૌજની સાથે ઈરાનીઓના મુકાબલા પર નીકળે પરંતુ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ રોક્યા અને કહ્યું કે આપનું મદીનામાં રહેવું જ યોગ્ય છે. હવે સવાલ પેદા થયો કે આ મહાન લશ્કરની સરદારી કોને સોંપવામાં આવે. બધા મહાન સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ મસ્અલા પર અંદરો અંદર ઘણા જ જોશભેર સલાહ મશ્વેરો કરવા લાગ્યા. એકાએક હઝરત અબ્દુર્રહ્‌માન બિન ઔફ رضی اللہ عنہ બોલી ઉઠયા, 'મેં મેળવી લીધા ! મેં મેળવી લીધા !'' હઝરત ઉમર رضی اللہ عنہ એ પૂછયું, તે કોણ ? હઝરત અબ્દુર્રહ્‌માન رضی اللہ عنہ એ જવાબ આપ્યો, ''સઅદ બિન માલિક (અબી વક્કાસ) !

બધાય એમના મશ્વેરા પર સહમત થયા. હઝરત ઉમર رضی اللہ عنہ એ એ સમયે પત્ર લખીને હઝરત સઅદ رضی اللہ عنہ ને નજદથી બોલાવી લીધા. થોડાક દિવસો પછી તેઓ મદીના મુનવ્વરા પહોંચ્યા તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ઈરાન જવાવાળી ફૌજોની સરદારી એમને સોંપી અને અલમે અમારત (અમીરપણાનો ઝંડો) એમના હાથમાં દેતાં નસીહત કરી કે અય સઅદ ! દરેક હાલમાં અલ્લાહ અને અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم ના એહકામ પર અમલો કરવો, એના સિવાય એમણે બીજી પણ ઘણી સારી હિદાયતોથી હઝરત સઅદ رضی اللہ عنہ ને નવાઝયા જે આગળ આવીને કદમ કદમ પર એમના કામ આવી.

કાર્યાલય

# फतवा विभाग

## દેવબંદીના નિકાહ પઢાવનારનો હુકમ

જે ઈમામ સુન્ની હોય, તેને સારી રીતે ખબર હોય કે આ ચોક્કસ દેવંબદી તબ્લીગી જમાઅતવાળો છે, બલ્કે તેને મહોલ્લાના અન્ય લોકો જણાવે કે દેવબંદી જ છે, છતાં પણ તે તેના નિકાહ પઢાવે તો એવા ઈમામની પાછળ નમાઝ થશે કે નહીં ? એ ઈમામ વિશે શરીઅતમાં શો હુકમ છે ?

[**પ્રશ્નકર્તા** : અહમદભાઈ કાસમભાઈ કાપડીયા, કોથા, અમલસાડ, જિ. નવસારી]

**અલ્જવાબ** : ફતાવા હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયામાં છે કે દેવબંદીઓએ હિફઝુલ ઈમાન, પેજ–૯, બરાહીને કાતિઆ, પેજ–૫૧, તહઝીરુન્નાસ, પેજ–૧૪, ૨૮માં હુઝૂર ﷺની શાનમાં જે ગંદા અક઼ીદા લખ્યા તે સખત ગુસ્તાખી તથા કુફ્ર છે જેથી દેવંબદી પોતાના કુફ્રી અકીદાના કારણે કુર્આન હદીષના હુકમાનુસાર કાફિર, મુર્તદ તથા ઈસ્લામથી ખારિજ છે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૩૦૯)* જેથી દંવબંદીઓનો નિકાહ પઢાવનાર ઈમામ જો દેવબંદીના કુફ્રી અકીદાથી માહિતગાર થયા બાદ તેને મુસલમાન સમજીને નિકાહ પઢાવે તો તે પણ કાફિર છે. તેની પાછળ નમાઝ જાઈઝ નથી. ફતાવા ફયઝુર્રસૂલના એ જ ભાગ એ જ પેજ પર છે, "અને એ પણ જાણી લેવું જરૂરી છે કે જે શખ્સ પોતે તો હુઝૂર ﷺની શાનમાં ગુસ્તાખી નથી કરતો પરંતુ ગુસ્તાખ મોલ્વીઓ તથા દેવબંદીઓને મુસલમાન સમજે છે અને તેને ખબર છે કે દેવબંદીઓએ હુઝૂરની શાનમાં ગુસ્તાખી કરી છે તો એવો શખ્સ પણ ઈસ્લામી ક઼ાનૂનની રૂએ મુસલમાન નથી બલ્કે કાફિર છે અને એવા શખ્સની પાછળ પણ નમાઝ હરગિઝ જાઈઝ નથી. હા ! જો ઈમામ તૌબા કરે, કલ્મો પઢે અને પરિણત હોય તો નિકાહ દોહરાવે ત્યાર બાદ તેની પાછળ નમાઝ જાઈઝ છે અને જો દેવબંદીને મુસલમાન સમજીને ઈમામે નિકાહ નથી પઢાવ્યા બલ્કે એક રસમો રિવાજના મુજબ પઢાવ્યા છે તો એ હરામ છે, એ સ્થિતિમાં પણ તેની પાછળ નમાઝ જાઈઝ નથી જ્યાં સુધી તૌબા ન કરે. તૌબા કર્યા બાદ તેની પાછળ નમાઝ જાઈઝ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફ્તી) નઝરુલ હક્ક઼ મિસ્બાહી, દારુલ ઈફતા દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–રઝા નગર, થામ (જિ. ભરૂચ) તા. ૧૯–૨–૨૦૦૧

## ઊભા રહી પેશાબ કરવા વિશે હુકમ !

**સવાલ** : અમારી કંપનીમાં ઈંગ્લિશ (English) ટાઈપના Toilet છે જેના કારણે ઉભા રહી પેશાબ કરવો પડે છે, શું આ હાલતમાં વુઝૂ બનાવી નમાઝ પઢી શકાય ?! નમાઝ થઈ જશે ?! મહેરબાની કરી આનો જવાબ હદીષ તથા ઈસ્લામની રોશનીમાં આપશો. [**પ્રશ્નકર્તા** : મુહમ્મદ મુનીરુદ્દીન (સઊદી અરબિયા)]

**જવાબ** : ઉભા રહી પેશાબ કરવું જાઈઝ નથી, પ્યારા નબી ﷺના તરીકા વિરુધ્ધ છે બલ્કે આપના હુકમને ન માનવું છે. હદીષે પાકમાં એની સખત મનાઈ છે. જેમ કે ઈમામ બયહકી હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત ફર્માવે છે, : (અર્થાત) : નબી પાક ﷺએ માણસને ઉભા રહી પેશાબ કરવાની મનાઈ કરી છે. *(ઉમ્દતુલ ક઼ારી શરહે બુખારી, ૩/૧૩૫, બયહકી)*

અને ઈમામે બઝ્ઝાર હઝરત બુરયદાથી સહીહ સનદ સાથે રિવાયત કરે છે, અર્થાત : ત્રણ વસ્તુ જુલ્મ તથા જફા છે (જેમાંથી એક) ઉભા રહી પેશાબ

કરવો. *(ઉમ્દતુલ કારી, ૩/૧૩૫ અને ફયઝુલ કદીર શરહે જામેએ સગીર, ૩/૧૯૩)*

ઈમામ ઈબ્ને માજા હઝરત ઉમરથી રિવાયત ફર્માવે છે, અર્થાત : મને એક વાર પ્યારા નબી ﷺ એ ઉભા રહી પેશાબ કરતાં જોયો તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હે ઉમર ! ઉભા રહી પેશાબ ન કરો. આપ ફર્માવે છે કે ત્યાર પછી મેં ઉભા રહી પેશાબ ન કર્યો. પોતે આપણા નબી ﷺની આદતે કરીમા હતી કે બેસીને પેશાબ ફર્માવતા. હઝરત આઈશા ફર્માવે છે કે, (અર્થાત) જે તમને કહે કે આપણા નબી ﷺ ઉભા રહી પેશાબ ફર્માવતા હતા તો તેની વાતને સાચી ન માનશો. *(તિર્મિઝી, ૧/૯૦, બાબુ માજાઅ ફિન્નહીયે અનીલ બવલે કાઈમન, સુનને નિસાઈ, ૧/૨૬ બાબુલ બવલે ફિલ બયલી જાલિસન)*

**બરકાતે ખ્વાજા (માસિક)ની લેખ હરીફાઈનો વિષય**

**ઈસ્લામની પ્રગતિના ઈતિહાસમાં નવયુવાનોનો કિરદાર અને આપણે**

**દારુલ ઉલૂમોના ઉસ્તાદોને વિનંતિ કે તલબાને લેખ લખવામાં માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરે. લેખ મોકલવાની અંતિમ તારીખ ૧૨-૬-૨૦૦૭ છે તેની નોંધ લેવી.**

જેથી સવાલ કરનારે બેસીને પેશાબ કરવા માટે કોઈ રસ્તો શોધવો જોઈએ. જેટલા મુસલમાનો કામ કરે છે તેમણે એકમત થઈ લો (નીચા) ટોઈલેટની માંગ કરવી જોઈએ, એની વારંવાર કોશિશ કરતા રહે જેથી કંપનીના માલિકો બેસીને પેશાબ કરી શકાય એવાં ટોઈલેટની યોગ્ય વ્યવસ્થા કરે. નહીં તો આ કંપનીના મુસલમાનો સતત ખિલાફે સુન્નત કામમાં સપડાયેલ રહેશે. અલબત્ત ઉભા રહી પેશાબ કર્યા પછી નમાઝ તથા વુઝૂમાં કોઈ વાંધો નથી માટે ઉભા રહી પેશાબ કર્યા પછી વુઝૂ કરી શકે છે અને નમાઝ પણ પઢી શકે છે. જો વુઝૂ કરશે અને બધી જ શરતો સાથે નમાઝ પઢશે તો વુઝૂ અને નમાઝ બંને થઈ જશે.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ અબુલ હસન કાદરી મિસ્બાહી

## હૈઝ રોકવા ટેબ્લેટનો ઉપયોગ

**સવાલ** : શું સ્ત્રી હજ્જ તથા ઉમરાના દિવસોમાં પોતાના હૈઝને રોકવા માટે દવાનો ઉપયોગ કરી શકે છે ? અગર જાઈઝ છે તો ક્યારે તેનો ઉપયોગ કરી શકે છે ?!

**જવાબ** : હજ્જ તથા ઉમરાના દિવસોમાં હૈઝ રોકવા માટે ટેબલેટનો ઉપયોગ નાપસંદ છે અને એ તબીયતને નુકસાન પહોંચાડનાર વસ્તુ છે. હૈઝની હાલતમાં પણ તવાફ તથા તેની બેરકાત નફલ નમાઝ સિવાય તેણીને હજ્જ તથા ઉમરાના દરેક અમલ કરવાની છૂટ છે. હદીષે પાકમાં સાફ શબ્દોમાં છે કે પ્યારા નબી ﷺએ હઝરત આઈશાને હૈઝની હાલતમાં હુકમ ફર્માવ્યો (અર્થાત) : હાજી જે પણ કરે છે તે તું પણ કર સિવાય તવાફ. *(સહીહ મુસ્લિમ, ૧/૩૮૫)*

માટે હજ્જ તથા ઉમરાના દિવસોમાં હૈઝવાળી સ્ત્રી માટે હુકમ થયો કે તવાફ સિવાય દરેક અરકાન તેણી કરશે અને તવાફની બે રકાત નફ્લ નહીં પઢે અને જ્યારે હૈઝથી ફારિગ થઈ જાય તો તવાફે ઝિયારત કરી તેની બે રકાત નફ્લ નમાઝ પણ પઢી. લેશે. હા ! જો કોઈ સ્ત્રીને પોતાની આદત મુજબ ખબર હોય કે ૧૦ ઝિલ હજ્જે તેણીને હૈઝ શરૂ થશે અને તવાફે ઝિયારત નહીં કરી શકે અને હૈઝ પૂરુ થતા સુધી રોકાવાની શક્યતા નથી, તેનું ગૃપ પરત ફરશે, અને તેણી સખત તકલીફમાં મૂકાશે તો આવા સંજોગોમાં તેણીને ટેબલેટ ઉપયોગ કરવાની છૂટ છે, શરીઅતના આધારે કોઈ વાંધો નથી. તેણીએ એટલા સમય પહેલા ટેબલેટ લેવી જોઈએ કે હૈઝ રોકાઈ શકે.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ અબુલ હસન કાદરી મિસ્બાહી

**અનુવાદક** : મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી, *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મિથ, સાઊથ આફ્રિકા)*

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]

## તૌબા કરનારાઓથી અલ્લાહની મહોબ્બત

અલ્લાહ ﷻ ને પોતાના બંદાઓથી ખાસ પ્યાર છે, જો તેઓ ગલતી કરીને તૌબા કરી લે તો તે તેમની સાથે મહોબ્બત કરે છે. કેમ કે ઈર્શાદે બારી તઆલા છે : ''બેશક ! અલ્લાહ તૌબા કરનારાઓથી મહોબ્બત રાખે છે અને પાક રહેનારાઓને પસંદ કરે છે.'' *(સૂ. બકરહ્–૨૨૨)*

અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર મહેરબાન છે કે તે ગુનાહો કર્યા બાદ તેનાથી માફી માંગે તો તે માફ કરી આપે છે અને વળી એવા લોકોથી પ્યાર પણ કરવા લાગી જાય છે કે તેઓ ગુનાહોને ત્યજીને મારા તરફ પલ્ટી આવ્યા છે. હવે જરા વિચારો કે જેને અલ્લાહ તઆલાની મહોબ્બત પ્રાપ્ત થઈ જાય તો તે કેટલો ખુશનસીબ હશે કે કાઈનાતની સૌથી મહાન તાકાત તેની સાથે મહોબ્બત કરે છે. જેથી જે માનવો ગુનાહોમાં લથ પથ હોય તેમના માટે અલ્લાહ ﷻ ને ખુશ કરવાનો કેવળ તૌબાનો જ માર્ગ છે. જ્યારે ગુનેહગારો તૌબા કરશે તો અલ્લાહ ﷻ તેમનાથી ખુશ થશે અને તેમને પોતાની રહમતોના ખજાનાઓથી દીન તથા દુનિયામાં માલામાલ કરી આપશે.

જેથી મોકાને કિંમતી જાણીને ગનીમત સમજીને સમય બર્બાદ ન કરવો જોઈએ અને તૌબા કરીને અલ્લાહ ﷻ ને રાજી કરી લેવા જોઈએ.

એક સ્થળે રસૂલે અકરમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો જેના રાવી અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ છે કે બેશક ! અલ્લાહ ﷻ પોતાના બંદાઓની તૌબા પર એનાથી પણ અધિક ખુશ થાય છે જેટલી ખુશી તમારામાંથી કોઈ મુસાફરને પોતાનું તે ઊંટ મળી જવાથી થાય છે જેના પર ઉજ્જડ રણમાં સફર કરી રહ્યો હોય અને એના પર એના ખાવા પીવાનો સામાન બાંધેલો હોય અને તે ઊંટ તેના હાથોએથી છૂટીને ભાગી જાય અને તે તેને શોધતાં શોધતાં નિરાશ થઈ જાય અને એ જ નિશાની હાલતમાં તે કોઈ ઝાડના છાંયડે મૌતની રાહ જોતાં સૂઈ જાય અને પછી આંખ ખુલતાં એ જ હાલતમાં અચાનક ઊંટને પાસે ઉભેલું જુએ અને તેની લગામ પકડે અને પછી ખુશીના આવેશમાં તેની જીભ તેના કાબૂમાં ન રહે અને ખુદા તઆલાનો શુક્ર અદા કરવાના માટે કહેવા લાગે કે, ''હે અલ્લાહ ! ﷻ હું તારો રબ છું અને તું મારો બંદો છે !'' (ઉલ્ટુ બોલી જાય !) સારાંશ કે જેટલી ખુશી તેને પોતાનું ઊંટ મેળવીને થાય છે, તો અલ્લાહ તઆલાને મો'મિન બંદાની તૌબાથી એનાથી પણ વિશેષ ખુશી થાય છે.

તૌબા માણસને બેગુનાહ કરી આપે છે જાણે કે માણસે કોઈ ગુનોહ કર્યો જ ન હતો, અને તૌબા એવો બનાવી આપે છે જાણે હમણાં માંના પેટથી પેદા થયો છે. સારાંશ કે જે માણસને પોતાના ગુનોહ પર શર્મિંદગીનો એહસાસ થઈ જાય અને તે અલ્લાહ ﷻ ની હુઝૂર સાચા દિલથી તૌબા કરે તો તે તેની તૌબા કબૂલ કરનારો છે અને જેઓ તૌબાની પ્રતિ વળે છે તેમની રોજી તથા નેકીઓમાં વધારો થાય છે.

### ★ બાઈખ્તિયાર નબી ﷺ ★

મિશ્કાત મોઅજિઝાઓના પ્રકરણમાં છે કે, એક વ્યક્તિ ડાબા હાથથી ખાવાનું ખાઈ રહ્યો હતો. હુઝૂરે તેને ફર્માવ્યું કે, જમણા હાથથી ખા ! તેણે શરમિંદગી દૂર કરવા માટે અર્ઝ કરી, મારો જમણો હાથ નકામો છે. ફર્માવ્યું, આજથી નકામો થઈ ગયો. જેથી તે દિવસથી તેનો હાથ નકામો થઈ ગયો અને ફરી કદી મોં સુધી ન આવી શકયો. *(સલ્તનતે મુસ્તફા)*

# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## તયમ્મુમનું વર્ણન

જે માણસનું વુઝૂ ન હોય અથવા નહાવાની જરૂરત હોય અને પાણી ઉપર કુદરત ન હોય તો વુઝૂ અને ગુસલની જગ્યાએ તયમ્મુમ કરે.

જે જે પરિસ્થિતિમાં પાણી પર કુદરત નથી એવું ગણી શકાય તે નીચે મુજબ છે :

**પરિસ્થિતિ (૧)** : એવી બીમારી કે જો વુઝૂ કે ગુસલ કરવામાં આવે તો એનાથી વધી જવા કે સારું થવામાં વાર લાગે તેમ હોય. તેણે પોતે એ બાબતનો અનુભવ કર્યો હોય કે જ્યારે વુઝૂ કે ગુસલ કરવામાં આવે તો બીમારી વધે છે અથવા તો કોઈ પરહેઝગાર મુસલમાન હકીમે કહ્યું હોય કે પાણી નુકસાન કરશે તો તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલો** : બીમારી વધવાનો ફક્ત વહેમ કે ખોટી બ્હીક હોય તો તયમ્મુમ જાઈઝ નથી. એવી જ રીતે કોઈક કાફિર, ફાસિક કે સાધારણ હકીમ, વૈદ, ડોકટરનું કહેવું પણ શરીઅતની દષ્ટિએ વિશ્વાસ પાત્ર નથી.

**મસ્અલો** : બીમારીમાં ઠંડુ પાણી નુકસાન કરતું હોય પરંતુ ગરમ પાણી નુકસાન ન કરતુ હોય તો ગરમ પાણીથી વુઝૂ કે ગુસલ કરવું જરૂરી છે, તયમ્મુમ જાઈઝ નથી. હા ! એવી જગ્યા હોય કે જ્યાં ગરમ પાણી ન મળી શક્તું હોય તો તયમ્મુમ કરી શકાય છે.

એવી જ રીતે ઠંડીના સમયે વુઝૂ અને ગુસલ કરવાથી નુકસાન થતું હોય અને ગરમીના સમયે નુકસાન ન થતું હોય તો ઠંડીના સમયે તયમ્મુમ કરી લેવું પછી જ્યારે ગરમીનો સમય આવે ત્યારે આવતા સમય માટે પણ વુઝૂ કરી લેવું જોઈએ. જે નમાઝો એ તયમ્મુમથી પઢી છે તેને ફરીથી પઢવી જરૂરી નથી.

**મસ્અલો** : જો માથા ઉપર પાણી રેડવાથી નુકસાન થતું હોય તો ગળાથી નહાવું અને આખા માથાનો મસહ કરવો.

**મસ્અલો** : અગર કોઈ ખાસ ભાગ ઉપર પાણી રેડવાથી ત્યાં નુકસાન થાય છે. બાકીના ભાગો પર નુકસાન નથી થતું તો તે જગ્યાએ મસહ કરવો. બાકીના ભાગોને ધોવા.

**મસ્અલો** : અગર કોઈ ભાગ ઉપર મસહ પણ નુકસાન કરે છે તો તે જગ્યાએ કપડું મૂકી તેના ઉપર મસહ કરવો.

**મસ્અલો** : ઘાની આજુબાજુ ધારે ધારે જ્યાં સુધી નુકસાન ન કરતું હોય ત્યાં સુધી પટ્ટી વગેરે ખોલીને ધોવું ફરજ છે. હા ! જો પટ્ટી ખોલવામાં નુકસાન થાય તો પટ્ટી ઉપર મસહ કરવો.

**પરિસ્થિતિ (૨)** : પોતે જે જગ્યાએ છે ત્યાંથી ચારે તરફ એક એક માઈલ સુધી પાણી મળે અમે ન હોય તો તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલો** : અગર એવો ખ્યાલ હોય કે એક માઈલની અંદર પાણી હશે તો શોધવું જરૂરી છે. શોધ્યા વિના તયમ્મુમ કરવું જાઈઝ નથી. શોધ કર્યા વિના તયમ્મુમ કરી નમાઝ પઢી લીધી અને શોધ કર્યાથી પાણી મળી ગયું તો વુઝૂ કરી નમાઝ ફરીથી પઢવી જરૂરી છે. અને જો શોધતાં ન મળ્યું તો નમાઝ થઈ ગઈ.

**મસ્અલો** : નમાઝ પઢતાં કોઈની પાસે પાણી જોયું અને એવો જો નક્કર ખ્યાલ છે કે માંગવાથી તે આપી જ દેશે, નમાઝ તોડીને તેની પાસેથી પાણી માંગવું.

**પરિસ્થિતિ (૩)** : એટલી બધી ઠંડી હોય કે નહાવાથી મરી જવા કે બીમાર પડવાનો ચોક્કસ ડર હોય અને નાહ્યા પછી ઠંડીથી બચવાની કોઈ સાધન સામગ્રી પણ ન હોય તો તયમ્મુમ જાઈઝ છે.

**પરિસ્થિતિ (૪)** : દુશ્મનનો ડર હોય કે પાણી લેવાં જતાં જોઈ લેશે તો મારી નાંખશે અથવા માલ–સામાન પડાવી કે લૂંટી લેશે, અથવા પોતે

ગરીબ નાદાર હોય અને પોતાનો લેણદાર પકડાવી કેદ કરાવી દેવાનો ડર હોય, અથવા સાપ કરડી ખાવાનો ડર હોય કે વાઘ ફાડી ખાવાની બ્હીક હોય અથવા કોઈ બદ્‌માશ માણસ હોય કે તેનાથી ઈજ્જત લૂંટવાનો ભય હોય તો તયમ્મુમ જાઈઝ છે.

**પરિસ્થિતિ (૫)** : જંગલમાં ડોલ, દોરડું, પાણી ભરવા માટે ન હોય (અને મળી પણ શકે તેમ ન હોય) તો તયમ્મુમ જાઈઝ છે.

**પરિસ્થિતિ (૬)** : તરસનો ડર હોય એટલે કે પાણી તો છે પરંતુ એ પાણીને વુઝૂ કે ગુસલમાં વાપરી નંખાય તો પછી પોતે અથવા બીજો મુસલમાન અથવા પોતાના કે બીજા મુસલમાનનાં જાનવરો (ભલે પછી તે એવું કૂતરુ પણ કેમ ન હોય કે જેને પાળવું જાઈઝ છે) તરસ્યાં રહી જશે અને એ તરસ અત્યારે લાગી હોય કે પછીથી લાગશે, અને રસ્તો એવો છે કે દૂર સુધી પાણીનું ઠેકાણું નથી તો તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલો** : પાણી તો છે પરંતુ આટો ગુંદવા માટે તેની જરૂરત છે તો પણ તયમ્મુમ જાઈઝ છે. શાકનો રસો (સુપ) બનાવવાની જરૂરતને કારણે તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલો** : શરીર કે કપડાં ઉપર એટલી નાપાકી લાગી છે કે જેને ધોયા વિના નમાઝ જાઈઝ નથી અને પાણી એટલું જ છે કે નાપાકી ધુએ કે વુઝૂ કરે બેમાંથી એક જ થઈ શકે તો પ્રથમ પાણીથી નાપાકી ધોઈ કપડાં કે શરીરને પાક કરે, પછી તયમ્મુમ કરે, પાક કર્યા પહેલાં તયમ્મુમ કર્યું તો તયમ્મુમ ન થયું, પહેલેથી કરી લીધું હોય તો ફરીથી કરવું.

**પરિસ્થિતિ (૭)** : પાણી મોંઘુ એટલું મોંઘુ કે ત્યાં જે ભાવ ચાલતો હોય તેનાથી બમણા પૈસા માંગતા હોય તો તયમ્મુમ જાઈઝ છે, પરંતુ ભાવમાં એટલો ફરક ન હોય એટલે કે બમણાથી ઓછા ભાવે મળે છે તો તયમ્મુમ જાઈઝ નથી.

**મસ્અલો** : પાણી વેચાતું મળે છે અને એની પાસે પોતાની જરૂરત કરતાં વધુ પૈસા નથી કે તેનાથી વેચાતુ પાણી ખરીદે તો તયમ્મુમ જાઈઝ છે.

**પરિસ્થિતિ (૮)** : પાણી શોધવામાં પોતાનો કાફલો, સાથીદારોનો સંગ છૂટી જાય તેમ હોય અથવા આગગાડી કે મુસાફરીનું વાહન જતું રહે તેમ હોય તો તયમ્મુમ જાઈઝ છે.

**પરિસ્થિતિ (૯)** : એવો ચોક્કસ ખ્યાલ હોય કે વુઝૂ કે ગુસલ કરવા જતાં ઈદની નમાઝ જતી રહેશે તો તયમ્મુમ જાઈઝ છે. પછી ભલે એમ હોય કે ઈમામ પઢીને નવરા થઈ જશે અથવા ઝવાલનો ટાઈમ થઈ જાય તેમ હોય.

**મસ્અલો** : અગર વુઝૂ કરવા જતાં ઝહોર, મગરિબ, ઈશાં કે જુમ્આની પાછલી સુન્નતોનો અથવા ચાશતની નમાઝનો વખત જતો રહે તેમ હોય તો તયમ્મુ કરી પઢી લેવું.

**પરિસ્થિતિ (૧૦)** : માણસ પોતે મય્યતનો વાલી ન હોય અને ડર હોય કે વુઝૂ કરવા જતાં જનાઝાની નમાઝ હાથ નહીં લાગે તો તયમ્મુમ જાઈઝ છે.

**મસ્અલો** : મસ્જિદમાં સૂઈ ગયો અને નહાવાની જરૂરત પડી તો આંખ ખુલતાં જ ત્યાં જ તરત જ તયમ્મુમ કરી લઈ બહાર નીકળી આવે, વાર લગાડવી હરામ છે.

**મસ્અલો** : કુર્આન શરીફ પકડવા માટે કે સિજદએ તિલાવત માટે શુક્રાનાના સિજદા માટે તયમ્મુમ જાઈઝ નથી જ્યારે કે પાણી પર કુદરત હોય

**મસ્અલો** : વખત એટલો થોડી રહી ગયો હોય કે વુઝૂ કે ગુસલ કરવા જતાં નમાઝ કઝા થઈ જશે તેમ હોય તો તયમ્મુમ કરી નમાઝ પઢી લેવી, પછી વુઝૂ કે ગુસલ કર્યા બાદ ફરીથી બીજીવાર પઢવી જરૂરી છે, (કઝા થઈ જશેનો મતલબ ફર્ઝ નમાઝની તકબીરે તહરીમા કહેવા જેટલો પણ વખત ન રહે.)

**મસ્અલો** : ઔરત હૈઝ કે નિફાસથી પાક થઈ પરંતુ પાણી પર કુદરત નથી તો તેણી તયમ્મુમ કરે.

**મસ્અલો** : એટલું જ પાણી મળ્યું કે તેના વડે ફક્ત વુઝૂ જ થઈ શકે છે અને નહાવાની પણ જરૂરત છે તો પાણીથી વુઝૂ કરે અને નહાવા માટેનું તયમ્મુમ કરી લેવુ.

આસ્માને વિલાયતના ચમકતા સૂર્ય......

બઝ્મે ઔલિયા

# હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ

કાર્યાલય

ઉન્કા સાયા એક તજલ્લી, ઉન્કા નક્શે પા ચિરાગ
યે જિધર ગુઝરે ઉધર હી રોશની હોતી ગઈ

આજના આ પુર ફિતન દૌરમાં ગૈર મુસ્લિમથી પણ બદ્તર વિચારસરણી ધરાવતા ગુમરાહ એવા કહેવાતા મુસ્લિમો આ જગતમાં શ્વાસ લઈ રહ્યા છે કે જેઓ અલ્લાહના મહબૂબ ﷺને એલચી (સંદેશવાહક)થી વિશેષ માનવા તૈયાર નથી, તેમને પોતાના જેવા માનવ વિચારે છે, તેવા સમયે અલ્લાહના વલીઓના જીવન ચરિત્રનો અભ્યાસ કરવો જરૂરી છે કે જેથી સમજમાં આવે કે જ્યારે નબી પાક ﷺના ગુલામોનો આ મર્તબો છે, તેમના આવા ઈખ્તિયાર છે તો રસૂલે ખુદા ﷺના ઈખ્તિયારનો આલમ શો હશે ?! આવો ! આજે આપણે ચિશ્તી સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہના જીવન ચરિત્રનો અભ્યાસ કરીએ.

હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ માવરાઉન્નહરના કસ્બા "અવશ"માં પેદા થયા જે તુર્કસ્તાનના શહેર "ફરગાના કવકંદ"માં આવેલ છે. આપના વાલિદે માજિદનું મુબારક નામ સૈયદ કમાલુદ્દીન હતું જેઓ પોતાના સમયના અજોડ અને મહાન મશાઈખમાંથી હતા. ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ હઝરત ખ્વાજએ ખ્વાજગાન શયખ હિંદલ વલી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મહાન ખલીફા છે. આપ કુત્બે આલમ વ પેશ્વાએ બની આદમ અને મકામે તર્કે તજરીદ (દુનિયાના ત્યાગ)માં અડગ હોવાની સાથોસાથ ચશ્મે બસીરતના આફતાબ, સૂરત તથા સીરતના શાહબાઝ, મઅરેફતે હક્કના સિદ્દીક, અજબની રિયાઝત (ઈબાદત)વાળા, પસંદીદા મામલાતવાળા, સહીહ નજરવાળા, ફરાસતે સાદિક, રિયાઝત તથા મુજાહિદામાં અજોડ અને હકીકત તથા મઅરેફત બયાન કરવામાં પોતાના સમયમાં અજોડ હતા. તે ઉપરાંત રાહે હક્કમાં ફના થવામાં આપ સર્વ મશાઈખમાં વિશિષ્ટતાવાળા તથા અનુપમ હતા.

## આપનુ બાળપણ !

હજી આપે પોતાની જિંદગીની અમુક જ વસંતો જોઈ હતી કે દોઢ વરસની ટૂંકી મુદ્દતમાં આપના પિતાનો ઈન્તેકાલ થઈ ગયો. ત્યારબાદ આપનાં વાલિદા માજિદા જેઓ ઘણા જ પાક દામન તથા નેક હતાં તે પોતાના યતીમ પુત્રનું ભાવિ સમારવામાં લાગી ગયાં. જેથી મહાન માંની નિગરાની તથા મમતાના સાયા હેઠળ આપનો ઉછેર થવા લાગ્યો. ઓછી વયમાં જ આપની અંદર કાબેલિયતો ઉભરાતી જોવા મળતી હતી. હેતુ પ્રાપ્તિમાં મગ્ન રહેવાની આદત હતી, અને હોનહારીની નિશાનીઓ જાહેર થઈ રહી હતી. અલ્લાહ તબારક વ તઆલાએ યાદ શક્તિ, બુદ્ધિ તીવ્રતા અને અસામાન્ય સમજબુઝ તથા દીર્ઘ દૃષ્ટિની અમૂલ્ય દૌલતો આપનામાં ભરી દીધી હતી.

## હઝરત ખિઝર علیہ السلامની પેશનગોઈ

જ્યારે આપ પાંચ વરસની ઉમરની નજીક પહોંચ્યા તો એક સાયો આપને ઉસ્તાદની પાસે લઈ ગયો. માર્ગમાં એક નૂરાની સૂરતવાળા બુઝુર્ગ આપની સાથે થઈ ગયા અને ખૂબ જ પ્રેમપૂર્વક આપનો હાથ પકડીને શૈખ અબૂ હફ્સની પાસે લઈ ગયા જે તમામ કમાલોથી સજ્જ હતા. આપે તેમને

ફર્માવ્યું કે આ બાળકને સારી રીતે તા'લીમ આપો કેમ કે આ એક દિવસે મહાન અવલિયામાંથી હશે અને નામદાર મશાઈખના ગિરોહમાં સામેલ થશે. શૈખ અબૂ હફ્સે દિલો જાનથી કબૂલ કર્યા. જ્યારે તે બુઝુર્ગ ચાલ્યા ગયા તો આપે પૂછયું કે શું તમે જાણો છો એ બુઝુર્ગ કોણ હતા ? આપે જવાબ આપ્યો નહીં ! ફર્માવ્યું, એઓ હઝરત ખિઝર علیہ السلام હતા જેમણે તમારી તા'લીમનું કામ મારા જિમ્મે લગાડયું છે. *(મિર્અતુલ અસ્રાર)*

## ઈબાદત તથા રિયાઝત અને તા'લીમ તથા તરીકૃત

હઝરત શૈખ નસીરુદ્દીન મહમૂદ ઓધી رضی اللہ عنہ ''ખયૂરુલ મજાલિસ''માં ફર્માવે છે કે મૌલાના અબૂ હફ્સની સોહબતની બરકતથી ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને જાહેરી તથા બાતિની અખ્લાકની તેહઝીબ (સુસંસ્કારો) તથા શરીઅત તથા તરીકતની તા'લીમના નિયમોની તા'લીમ હાંસલ થઈ. અને આપનું જાહેર તથા અંતર (બાતિન) એટલા પ્રમાણમાં શણગાર પામ્યું કે એક ક્ષણ પણ આપ રિયાઝત તથા મુજાહિદા વિના રહી શક્તા ન હતા. **આપ દરરોજ અઢીસો રકાત નમાઝ કમાલના ખુશૂઅ તથા ખુઝૂઅ (તલ્લીન તથા મગનતા) સાથે અદા કરતા હતા** અને હક્ક઼ તઆલાની સાથે મશ્ગૂલ રહેતા હતા. આપની ઈબાદત તથા રિયાઝતના સંબંધે હઝરત મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ ''રાહતુલ કુલૂબ''માં જણાવે છે કે, **''હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ દરરોજ રાત્રે ત્રણ હજાર વાર દુરૂદ શરીફ પઢતા પછી સૂતા.''** એ જ કિતાબમાં આપના મુજાહિદાના સંબંધે શૈખુલ મશાઈખ આગળ લખે છે કે, **''વીસ વરસ સુધી આપ અલ્લાહની ઈબાદતમાં મગ્ન રહેવાને કારણે ન સૂતા ન આડા પડયા.''**

## કામિલ પીરની તલાશ

એ અજબની વાત હતી કે જાહેરી ઈલ્મોથી સંપૂર્ણપણે સજજ થઈને પણ આપની બેકરાર તબીઅતને દિલી સુકૂન ન થયું. દિમાગ તો રોશન થઈ ગયું હતું પણ દિલ સંતુષ્ઠ ન થયું. આપ કામિલ પીરની તલાશમાં રહેવા લાગ્યા. અને પછી તે દિવસ આવી ગયો જ્યારે આપ બગદાદ શહેરમાં મસ્જિદે અબૂલૈષ સમરકંદીના અંદર શૈખ શહાબુદ્દીન સુહરવર્દી, ઓહદુદીન કિર્માની, શૈખ બુરહાનુદ્દીન ચિશ્તી તથા શૈખ મહમૂદ અસ્ફહાનીની સમક્ષ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મુરીદ થઈ ગયા અને પછી આપે પીરો મુર્શિદની કમાલની મહોબ્બતના થકી થોડા અરસામાં સુલૂક તથા મઅરેફતની તમામ મંઝિલો પાર પાડીને ખિલાફતનો ખિર્કો હાંસલ કર્યો. આપ ૧૮ વરસે મુરીદ થયા અને ૨૦ વરસની ઉમરમાં આપની તકમીલ થઈ.

## રસૂલની ઝિયારતનો પ્રસંગ

'સિયરુલ અવલિયા'માં હઝરત શૈખુલ મશાઈખ ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہથી નકલ કરવામાં આવ્યું છે કે આપના એક મુરીદ હઝરત અહમદ રઈસ رحمۃ اللہ علیہ આપની પાસે હાજર થયા અને ફર્માવ્યું કે મેં આજે ખ્વાબમાં જોયું કે એક ગુંબદ છે જેની આસપાસ લોકો જમા છે અને એક નીચા કદનો માણસ અંદર આવ જા કરી રહ્યો છે અને બહારથી ઘણા લોકો પોતાની મુરીદો તે નીચા કદના માણસ થકી ગુંબદની અંદર પહોંચાડી રહ્યા છે. મેં પૂછયું કે ગુંબદની અંદર કોણ છે ? જણાવ્યું કે આ ગુંબદની અંદર આકાએ દોજહાં صلی اللہ علیہ وسلم છે અને જે આવજા કરી રહેલ છે તે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ છે. આ સાંભળીને હું પણ તેમની પાસે ગયો અને કહ્યું કે આપ ઈસ્લામના પયગંબર صلی اللہ علیہ وسلم ની સેવામાં વિનંતિ કરો કે હું પણ

કદમબોસીની નેકબખ્તી પામવા ચાહું છું. આપ અંદર ગયા પછી થોડીવારે બહાર આવીને કહ્યું કે, "તમે કુત્બુદ્દીનની પાસે જાવ, મારા સલામ કહો અને એ પણ કહો કે તમે મને દરરોજ રાત્રે તોહફો મોકલ્યા કરતા હતા પણ શું વાત છે કે તે હવે કેટલાક દિવસોથી બંધ થઈ ગયો !" જ્યારે આપે (કુત્બુદ્દીન બખ્તિયાર કાકીએ) આ સાંભળ્યું તો પોતાની પત્નીને બોલાવીને મહેરનો હક્ક અદા કર્યો અને તેણીથી અલગ થઈ ગયા અને ફર્માવ્યું કે જે તોહફો હું આપ ﷺની બારગાહમાં મોકલ્યા કરતો હતો તે એ કે દરરોજ રાત્રે ૩૦૦૦ વાર દુરૂદ શરીફ હતું.

હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે, "પ્રારંભિક દિવસોમાં મને કુર્આન મજીદ યાદ ન હતું એટલા માટે તબીઅત બેચૈન જેવી રહેતી હતી. એક રાત્રે મેં હુઝૂર ﷺને ખ્વાબમાં જોયા તો પોતાની આંખોને હુઝૂર ﷺના મુબારક કદમો પર ઘસી અને ચોધાર આંસૂંએ રડયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી વિનવણી છે ! આપ ﷺએ ફર્માવ્યું કે મને યાદ છે ! આપને મારી હાલત પર દયા આવી અને ફર્માવ્યું કે, માથુ ઉઠાવો ! મેં માથુ ઉઠાવ્યુ. આપ ﷺ એ ફર્માવ્યું કે, **સૂરએ યૂસુફ પઢયા કર જેથી તને કુર્આન શરીફ મોંઢે થઈ જાય,** પછી મારી આંખ ખુલી. ત્યારબાદ હમેશાં હું સૂરએ યૂસુફ પઢતો રહ્યો ત્યાં સુધી કે જલ્દીથી મને કુર્આન શરીફ હિફ્ઝ થઈ ગયું.

## દિલ્હીનું રોકાણ અને લોકોની ભીડ

જ્યારે ખ્વાજએ ખ્વાજગાન ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ આપને ખિર્કો તથા ખિલાફતથી નવાઝયા તો આપે ફર્માવ્યું કે હિંદની ભૂમિ દિલ્હીને તમારું રહેઠાણ બનાવો. જેથી જે સમયે આપે દિલ્હીમાં કદમ રાખ્યો તે વખતે સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશનો સત્તાકાળ હતો. આપ જ્યારે દિલ્હી પહોંચ્યો ત્યારે સુલ્તાન સઆદતે દારૈન સમજીને ખૂબ જ ઈખ્લાસપૂર્વક આપની ખિદમત રહેવા લાગ્યા, ત્યાં સુધી કે અઠવાડિયામાં એકવાર આપની મુલાકાત માટે જરૂર આવતા.

'સિયરુલ આરિફન'માં લખેલ છે કે જ્યારે ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ દિલ્હીમાં સ્થાયી થયા તો સર્વ બુઝુર્ગ હસ્તીઓ તથા નેક શરીફ લોકો તથા સર્વ પ્રજા એક સાથે આપની સૂરત તથા સીરત પર મોહી પડી. એ જ દિવસોમાં ખ્વાજએ ખ્વાજગાન ગરીબ નવાઝે ચાહ્યું કે આપને પોતાની સાથે અજમેર લઈ ચાલે. જેથી જ્યારે આપ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ સાથે બહાર નીકળ્યા તો શહેરના દરેક મહોલ્લે શોર મચી ગયો અને આખુ શહેર ઉદાસ બની ગયું અને સર્વ લોકો આમ તથા ખાસ સમયના સુલ્તાન સાહિત પોતાની અશ્રુમય આંખો સાથે પાછળ પાછળ ચાલવા લાગ્યા અને **જે જગાએ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ કદમ રાખતા તે જગાની માટી લોકો તબર્રુક માટે ઉઠાવી લેતા અને મોઢા પર ઘસી લેતા હતા.** હઝરત ખ્વાજા ગરીબ નવાઝે આ હાલ જોયો તો ફર્માવ્યું, "કુત્બુદ્દીન ! અહીં જ રહી જાવ ! કેમ કે તમારા જવાથી સર્વ પ્રજા બેચૈન તથા પરેશાન હાલ છે. હું આટલાં બધાં દિલોને દુઃખી કરવા નથી ચાહતો. જાવ ! આ શહેરને મેં તમારી પનાહમાં આપ્યું."

## 'કાકી'નો લકબ

હઝરત સુલ્તાનુલ્ મશાઈખ મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે કે આપ આપની જિંદગી તંગીથી પસાર કરતા હતા એટલા માટે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ આપને ઈજાઝત આપી રાખી હતી કે જો જરૂરત પડે તો ૫૦૦ દિરહમ કર્ઝ લઈને ખર્ચ કરી લીધા કરે. જ્યારે બે ત્રણ દિવસ સતત ફાકો થતો તો આપનાં પાક બીવી 'શરફુદ્દીન બક્કાલ' પાસેથી જે આપનો પડોશી હતો જરૂરત પ્રમાણે ઉધાર લઈને ખર્ચ કરતા. એક દિવસે

બક્કાલની પત્નીએ કહ્યું કે જો આપણો પડોશ ન હોત તો ખબર નહીં આ લોકોનું શું થાત ?! બીવીસાહેબાએ એ વાત આપને જણાવી તો આપે હવેથી ત્યાંથી ઉધાર ન લેવા જણાવ્યું અને ફર્માવ્યું કે હવે પછી જે ચીજની પણ જરૂરત હોય તે બિસ્મિલ્લાહ પઢીને આ તાખલામાં હાથ નાખીને કાઢી લેશો. આપના ઘરવાળાં જે વખતે તાખલામાં હાથ નાખતાં ત્યારે ગરમ રોટી (કાક) કાઢી લેતાં જેનાથી આપના ઘરવાળાંનો ગુજારો થતો રહેતો. તે સમયથી હઝરતનો લકબ 'કાકી' થઈ ગયો. જેમ કે એની યાદગાર હજી પણ મૌજૂદ છે. એટલે કે હઝરતની દરગાહ શરીફથી જે તબર્રુક વહેંચાય છે તેને 'કાક' કહે છે જે લગભગ ત્રણ ચાર ઈંચ એક ગોળ આટાની પાકેલી ટીકડી હોય છે અને તેને વિવિધ તરીકાઓથી પકાવવામાં આવે છે.

## ઈદનો તોહફો

'સિયરુલ અવલિયા'માં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક દિવસે નમાઝ અદા કરીને હઝરત કુત્બુદ્દીન કાકી رحمۃ اللہ علیہ પોતાના મુરીદોની સાથે આવી રહ્યા હતા. જ્યારે આપ એ સ્થળે પહોંચ્યા જ્યાં હાલ આપનો મઝાર છે, તો ત્યાં ઉભા રહી ગયા અને અધિકવાર રોકાયા. એ સમયે તે જમીન ઉજ્જડ હતી, ન તો ત્યાં કોઈ કબર હતી ન કોઈ ગુંબદ. જે ચાહકો આપની સાથે હતા તેમણે અર્ઝ કરી, હુઝૂર ! આજે ઈદનો દિવસ છે, લોકો આપના ઈંતેઝારમાં હશે તો આપ ઘરે તશરીફ લઈ ચાલો તો સારું ! આપ એ સાંભળીને ઈસ્તેગરાક઼ના આલમમાંથી બહાર આવ્યા અને ફર્માવ્યું, **"મને આ જમીનથી કમાલવાળાઓની ખુશ્બુ આવે છે."** ત્યારબાદ આપ ઘરે તશરીફ લઈ આવ્યા અને તે જમીનના માલિકને બોલાવીને તે જમીન ખરીદી લીધી, જ્યાં આજે આપનું મઝાર શરીફ લોકો માટે બંને જહાનની મુસીબતોથી શરણનું સ્થાન છે.

## અંતિમ કાળમાં આપની કૈફિયત

હઝરત સુલ્તાનુલ મશાઈખ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ મોટા ભાગે ઈસ્તેગ઼રાકમાં (અલ્લાહની યાદમાં ખોવાયેલા) રહેતા હતા. જો કોઈ શખ્સ આપને મળવા આવતા તો થોડીક વાર પછી આપને ખબર પડતી કે કોણ છે ? અને તેનું મન રાખવા ખાતર એક બે વાતો તેની સાથે કરી તેને વિદાય કરી આપતા અને ફર્માવતા કે મને માફ કરો ! એ જ પ્રમાણે આપ ફનાએ અહદીષમાં એટલા પ્રમાણમાં મુસ્તગ઼રક઼ (ડૂબેલા) હતા કે જ્યારે આપના સાહબઝાદાનો ઈન્તેકાલ થયો તો આપને ખબર સુદ્ધાં ન પડી ! (એટલે આપ રબની યાદમાં એવા ધ્યાનમગ્ન રહેતા) 'સયરુલ આરિફીન'માં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એકવાર શયખ અલી સંજરીની ખાનકાહમાં સમાઅની મજલિસ ગરમ હતી, અહલે હાલ દરવેશો તથા અહલે કમાલ મૌજૂદ હતા. જેથી એ મેહફિલમાં આપ પણ તશરીફ ધરાવતા હતા. જ્યારે પઢવાવાળાઓએ 'શૈખ અહમદ જામ'નો આ શેઅર પઢયો, (અર્થ) : "જે લોકો રઝા તથા તસ્લીમ (સ્વીકૃતિ)ના ખંજરથી કત્લ થઈ જાય છે તેમને ગયબથી એક જિંદગી મળતી રહે છે." હઝરત ખ્વાજા સાહબ પર આ શેઅરની એવી અસર થઈ કે આપને 'હાલ' આવી ગયો અને બેહોશ થઈ ગયા. શૈખ કાઝી હમીદુદ્દીન નાગોરી અને શૈખ બદરુદ્દીન ગઝનવી رضوان اللہ تعالیٰ علیہم اجمعین આપને ઘરે લઈ આવ્યા, સાથે પઢવાવાળા પણ આવ્યા. ત્રણ દિવસ રાત આપ એ જ હાલતમાં રહ્યા અને પઢવાવાળાઓને તે જ શેઅર પઢવાનો હુકમ ફર્માવતા રહ્યા (નમાઝના સમયો સિવાય) અને વજ્દ કરતા રહ્યા, ત્યાં સુધી કે આપનું હાડકે હાડકુ અલગ થઈ ગયું અને ત્રીજા દિવસે ઈસ્તેગ઼રાક઼નો ગલ્બો (પ્રભાવ) ઔર વધી ગયો, ત્યાર બાદ આપે આપની જાનશીનીના વિશે કાંઈક અધિક નિર્દેશ કરીને અલ્લાહને પ્યારા થઈ ગયા.

# મુસલમાનોની તબાહી તથા બર્બાદીનાં કેટલાક કારણો

રજૂકર્તા : મૌલાના મુહમ્મદ સરફરાઝ મિસ્બાહી (વોરાસમની, જિ. ભરૂચ)

ભાઈઓ ! મુસ્લિમ દુનિયા આજે જે અફસોસનાક હાલતમાંથી પસાર થઈ રહી છે એ કોઈથી છુપાયેલું નથી. ઈસાઈયત અને યહૂદિયત જે દેશને પણ ચાહે તેને પોતાના આક્રમણનું નિશાન બનાવતી રહે છે. અને મુસ્લિમ દુનિયા હાથ પર હાથ રાખીને જોતી રહે છે. યૂરોપ અને અમેરિકાના સાથી દળો મુસલમાનોને તાજા કોળિયા સિવાય કશું પણ સમજતા નથી. પેલેસ્ટાઈન, લેબનાન અફઘાનિસ્તાન અને ઈરાક એનાં ઉઘાડાં દષ્ટાંતો છે. છેવટે એનું કારણ શું છે કે મુસ્લિમ ક઼ૌમ આ પ્રમાણે લાચાર અને બેબસ છે. જ્યારે કે ગણતરીના હિસાબે મુસલમાન જ દુનિયાની બીજી સૌથી મોટી ક઼ૌમ છે. વિચાર વિમર્શ પછી કેટલાક કારણો આગળ આવ્યાં છે જે ટૂંકમાં રજૂ કરીએ છીએ :–

## પ્રથમ કારણ : ઈલ્મે દીનથી દૂરી

દીન અને ઈલ્મે દીનથી દૂરી એ પ્રથમ કારણ છે. મુસલમાન ન એને છોડતા અને ન એમને આ દિવસ જોવાના મળતા. અલ્લાહ તઆલાએ કુર્આન શરીફમાં સાફ સાફ બયાન ફર્માવ્યું છે કે, "ન સુસ્તી કરો ન ગમ કરો તમે જ સરસાઈ પામશો જો ઈમાન રાખો છે." *(સૂરએ આલે ઈમરાન, આયત–૧૩૯)* **ઈમાન શરત છે અને એનો બદલો બુલંદ દરજો અને સરબલંદી છે. શરતને છોડીને બદલાને તલબ કરવુ બહુ જ મોટી ભૂલ છે.** નૂરુલ ઈરફાનના લેખક આ આયતની તફસીરમાં ફર્માવે છે : અલ્લાહનો વાયદો એકદમ સાચો છે. આપણે નાલાયકોએ શરત પૂરી ન કરી જેના કારણે પાછળ પડી ગયા છીએ. અને સહાબાએ કિરામ ખાસ કરીને ખુલ્ફાએ રાશિદીન સાચા અને મુખ્લિસ (નિઃસ્વાર્થ) મુસલમાન હતા, અલ્લાહ તઆલાએ ઈમાનની શરત પર સર બલંદીનો વાયદો કર્યો હોવાથી એમને જ સર બુલંદી ખિલાફત, હુકૂમત અને બધું જ અતા ફર્માવ્યું. જેથી ખબર પડી કે એમનામાં એ શરત હતી, પણ આજે આપણો હાલ એ છે કે આપણે પોતાની ઓળખ પણ સાચવી શક્યા નથી. આજના મુસલમાનને જોઈને એ ફરક કરવો પણ મુશ્કેલ પડે છે કે આ મુસલમાન છે કે પછી બીજું કોઈ ? અને જે ક઼ૌમે પોતાની ઓળખને ગુમાવી દીધી તો જમાનાએ એને એવી ઠોકર મારી કે રૂએ ઝમીન પર એનું નામો નિશાન મિટાવી દીધું.

## બીજુ કારણ : આપસમાં મતભેદ

આપણામાં મતભેદો અને ગૃપબંદી છે. આજે મુસ્લિમ દુનિયાનું નિરીક્ષણ કરીએ તો આપણને કોઈ પણ એક બીજાથી મુત્તફિક (સંગઠિત) નજર નહીં આવે. એક દેશ બીજા દેશથી સતાવાએલો તો છે જ, તો વળી ગૃહસ્થી જીવનમાં પણ ઈત્તેહાદ નામની કોઈ ચીજ નથી.

## ત્રીજુ કારણ : મુસ્લિમોની બેગૈરતી

મુસલમાનોની બેગૈરતી (નિર્લજ્જતા) છે, કારણ કે જે ક઼ૌમનો એહસાસ (સંવેદના) મરી પરવડે છે દુનિયા એને પોતાના પગ નીચે કચડીં કાઢે છે. તમે ખૂદ જુઓ કે દુનિયામાં કોઈપણ જગ્યાએ કોઈ નસરાની યા યહૂદીનું કતલ થઈ જાય છે ત્યારે પૂરી ઈસાઈયત અને યહૂદિયત એની તરફદારીમાં ઊભી થઈ જાય છે. આ જ રીતે દુનિયામાં ઘણી જગાઓ પર મુસલમાનના ખૂનની હોળી ખેલાઈ રહી છે, પણ મુસલમાનોની બે ગૈરતી ખતમ થવાનું નામ જ

નથી લેતી. એક જમાનાથી પેલેસ્ટાઈન, અફઘાનિસ્તાન, ચેચેન્યા, ઈરાક અને લેબનાનમાં મુસલમાનોનું કત્લે આમ થઈ રહ્યું છે અને મુસ્લિમ હાકિમો ખામોશ તમાશાઈ બનેલા છે !

## ચોથુ કારણ : આર્થિક કમજોરી

મુસ્લિમ દુનિયાની આર્થિક હાલત ઘણી જ કમજોર છે જે તરક્કીના માટે ખાસ રુકાવટ અને બેઈજ્જતીનું કારણ બની રહી છે. હાલત એ છે કે દુનિયાની અડધાથી વધારે દૌલત તો યહૂદીયોના કબજામાં છે. અને એમાંથી અડધાથી વધારે નસારાની પાસે છે અને પછી જે બાકી દૌલત વધે તેમાં કૌમે મુસ્લિમ અને સર્વ અન્ય કૌમો સામેલ છે.

## પાંચમુ કારણ : શૈક્ષણિક ક્ષેત્રે નિષ્ક્રિયતા

સાઈન્સ અને ટેકનોલોજીના મેદાનમાં આપણુ પછાતપણુ નોંધપાત્ર છે. મુસ્લિમ દુનિયામાં અમુક જ સાઈન્સના નિષ્ણાત છે, શૈક્ષણિક યુનિવર્સિટીઓ ઘણી જ ઓછી છે. હાલત એ છે કે એકલા નાનકડા જાપાનમાં જેટલી યુનિવર્સિટીઓ છે પૂરી મુસ્લિમ દુનિયામાં થઈને પણ એટલી નથી ! શું આ મુસલમાનોનો શૈક્ષણિક ક્ષેત્રે નિષ્કાળજીનો પૂરાવો નથી.

## છઠ્ઠુ કારણ : ઉદ્યોગ અને ટેક્નોલોજીમાં પછાતપણુ

ઉદ્યોગ અને ટેક્નોલોજીમાં મુસ્લિમ દુનિયાનું પાછળ રહી જવું એ આપણી અધોગતિનો સબબ છે. આજે જેટલા પણ દેશો પોતાની તરક્કી અને રોજગાર પર ખુશ છે તો એનું બુનિયાદી કારણ એ જ છે કે એઓ ઉદ્યોગ અને ટેક્નોલોજીમાં આગળ આગળ ચાલે છે. મુસ્લિમ દેશો આ મેદાનમાં પણ ઘણા જ પાછળ છે. દુનિયાના દેશોની પ્રોડક્ટનું મોટુ બજાર આ મુસ્લિમ દેશો છે. કેટલા તો એવા છે જ્યાં ટાંકણી પણ બનતી નથી ! જેમ કે સઊદી અરબ.

## સાતમું કારણ : યહૂદ તથા નસારાની મિત્રતા

મુસલમાન અને યહૂદ તથા નસારાની આપસમાં દોસ્તી. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના મુબારક જમાનામાં મુસલમાનોએ બયતુલ મુકદ્દસ પર પોતાના વિજયના ઝંડો બુલંદ કર્યો હતો. આપે ત્યાંના લોકો માટે એક પોલીસી લાગુ પાડી જેમાં અન્ય કૌમોના સિવાય યહૂદીયોથી દૂર રહેવાનો ખયાલ પણ હતો. પણ સમયે વહેણ બદલ્યું અને મુસલમાનોએ હદીષે રસૂલ :–

اخرجوا اليهود والنصارىٰ من جزيرة العرب

(યહૂદ તથા નસારાને અરબ દ્વિપમાંથી હાંકી કાઢો)ને પણ ભૂલાવી દીધી અને عليكم بسنتى وسنة الخلفاء الراشدين (તમારા પર મારી સુન્નત તથા ખુલફાએ રાશિદીનની સુન્નત પર અમલ કરવો જરૂરી છે.) પર અમલ ન કર્યો જેનો નતીજો એ થયો કે ૧૯૪૭ ઈ.સ.માં બયતુલ મુકદ્દસમાં એક જાલિમ રાજ્યસત્તા ઈઝરાઈલના નામથી અસ્તિત્વમાં આવી જેને ૧૯૬૭ ઈ.સ.માં મુસલમાનોનાં કિબ્લએ અવ્વલને મુસલમાનોના હાથથી ખેંચી લીધો અને મુસલમાનોના ખૂનની નદીઓ વહેવા લાગી. બયતુલ મુકદ્દસની દરો દીવાર ફરી એકવાર હઝરત ફારૂક આ'ઝમ, ખાલિદ બિન વલીદ, તારીક બિન ઝિયાદ અને સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી જેવા ઈસ્લામના મુજાહિદોની રાહ જોઈ રહેલ છે.

## જમાદીઉલ અવ્વલના નફ્લ

આ મહિનાની **પહેલી તારીખ**ની રાતમાં **ચાર રકાત** નમાઝ પઢે. દરેક રકાતમાં ૧૧ વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢે. તો અલ્લાહ તઆલા **નેવુ હજાર વરસની નેકીઓ** તેના આમાલનામામાં લખવાનો હુકમ આપે છે અને **નેવુ હજાર વરસના ગુનાહો** તેના આમાલનામામાંથી દૂર કરે છે.

*(જવાહિરુલ ગયબી બ હવાલા ૧૨ માહકે ફઝાઈલ)*

# પ્યારા નબી ﷺ નું નામ સાંભળી દુરૂદ શરીફ ન પઢવું કેવું ?!

અઝ : **મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી**
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ કાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મિથ, સાઉથ આફ્રિકા)

તાજદારે રિસાલત ﷺનું ફર્માને આલીશાન છે, "બખીલ છે તે માણસ જેની સામે મારું નામ લેવામાં આવે અને મારા પર દુરૂદ ન મોકલે." *(મિશ્કાત)*

"શિફાઉલ કુલૂબ"માં છે કે એક માણસ મૃત્યુ પામ્યો તેના માટે કબર ખોદવામાં આવી તેમાંથી એક ખતરનાક કાળો સાપ જોવામાં આવ્યો. લોકોએ ગભરાઈને કબર બંધ કરી દીધી અને બીજી કબર ખોદી તો તેમાં પણ તે જ ખતરનાક સાપ હતો, છેવટે ત્રીજી કબર ખોદી તો ત્યાં પણ તે જ કાળો સાપ હતો. લોકો હેરાન થઈ ગયા તો સાપે પોતાનું મોઢું ખોલ્યું અને કહ્યું કે તમે જ્યાં પણ કબર ખોદશો હું ત્યાં પહોંચીશ ! લોકોએ તેને પૂછ્યું કે આ ગજબ શા માટે છે ?! તો સાપે જવાબ આપ્યો કે આ માણસ જ્યારે પ્યારા નબી ﷺનું નામ સાંભળતો તો દુરૂદ પઢવામાં બખીલી (કંજૂસાઈ) કરતો હતો જેથી હવે હું તેને બખીલીની સજા આપવા માટે આવ્યો છું !

પ્યારા વાંચકો ! જો આ પ્રકારની બખીલી આપણામાં પણ હોય તો ખુદારા સાચી તૌબા કરી લો અને જ્યારે પણ પ્યારા નબી ﷺનું નામ સાંભળો તો અચુક દુરૂદ શરીફ પઢો એટલે કે, "صَلَّى اللهُ تَعَالىٰ عَلَيْكَ وَسَلَّمْ" પઢવાની આદત બનાવો.

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે જ્યારે પણ પ્યારા નબી ﷺનું નામ લેવામાં આવે છે અથવા કોઈ આલિમ સાહબ પોતાના બયાનમાં પ્યારા નબી ﷺનું નામ લે છે તો ઘણા લોકો દુરૂદ શરીફ પઢવામાં સુસ્તી કરે છે. અઝાનમાં પણ જ્યારે નબી ﷺનું નામ મુબારક આવે તો અંગુઠા ચૂમી દુરૂદ શરીફ પઢી લેવું જોઈએ. આ પ્યારા સહાબી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની સુન્નત છે. સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જે મારા પ્યારાની જેમ કરશે તેના પર મારી શફાઅત વાજિબ થઈ જશે."** *(મકાસિદે હસના)*

વધુ ફર્માવ્યું કે, **"અમે કયામતની સફોમાં તેને શોધી પોતાની પાછળ જન્નતમાં લઈ જઈશું."**

હઝરત ઈમામ હસન رضی اللہ عنہથી રિવાયત છે કે, **જે માણસ અઝાનમાં નબી ﷺનું નામ મુબારક સાંભળી પોતાના અંગુઠા ચૂમી આંખો પર લગાડશે તે કદીયે આંધળો નહીં થાય અને ન તો તેની આંખો દુ:ખશે.** *(મકાસિદે હસના)*

હઝરત શૈખ નૂરૂદ્દીન ખુરાસાની علیہ الرحمۃ والرضوانથી મનકૂલ છે કે અઝાનના સમયે અમુક લોકો આપને મળ્યા, જ્યારે મુઅઝ્ઝિને સરકાર ﷺનું નામ મુબારક પુકાર્યું તો આપે પોતાના અંગુઠાને બોસો આપી આંખો પર લગાડયા. લોકોએ આપને કારણ પૂછયું તો આપે ફર્માવ્યું કે, હું પહેલાં અંગુઠા ચૂમતો હતો પછી છોડી દીધું ત્યારે મારી આંખો બીમાર થઈ ગઈ. મેં તાજદારે મદીના ﷺની ખ્વાબમાં ઝિયારત કરી, પ્યારા નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "તેં અઝાનના સમયે અંગુઠાને આંખો પર લગાડવાનું કેમ છોડી દીધું ? તું આ કામ ફરી શરૂ કર, તારી આંખો સારી થઈ જશે." જ્યારે હું જાગૃત થયો તો ઉપરોક્ત અમલ કરવાનું શરૂ કરી દીધું. ત્યાર પછી મને એવો આરામ થયો કે અત્યાર સુધી તે બીમારી પાછી નથી આવી.

હઝરત આદમ علیہ السلامએ પ્યારા નબી ﷺના નૂરને જોવાની તમન્ના કરી તો તે નૂર મુબારક આપના અંગુઠામાં નખોમાં નાખવામાં આવ્યું. આપે મહોબ્બતના કારણે અંગુઠા ચૂમ્યા અને પોતાની

આંખોથી લગાડયા. *(જાઅલ હક્ક઼)*

પ્યારા વાંચકો ! જાણવા મળ્યું કે અઝાનમાં પ્યારા નબી ﷺનું નામ સાંભળી અંગુઠા ચૂમવા મુસ્તહબ અને બરકતનું કારણ છે.

યાદ રાખો કે દુરૂદ શરીફ પઢવા સિવાય લખવાવાળાનો પણ ઘણો જ ઊંચા મર્તબો છે. એ જ રીતે رضی اللہ عنہના બદલે "રદી." رحمۃ اللہ علیہના બદલે "રહ." લખે છે જે ખોટું છે.

પ્યારા વાંચકો ! અત્યંત નાજુક જમાનો છે, ફાલતુ અને ફુઝૂલ લેખો માટે હજારો પાનાંઓ કાળાં કરી દેવામાં આવે છે ! પરંતુ જ્યારે પ્યારા નબી ﷺનું નામ આવે છે તો લેખક ભાઈઓ "صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ" લખવામાં બખીલી કરે છે ! કોઈ **સ.અ.વ.** કે **સલ્અમ** લખે છે તો કોઈ "અલૈહિસ્સલામ"ને બદલે **અલ.** લખે છે !

હઝરત અલ્લામા જલાલુદ્દીન સુયુતી رحمۃ اللہ علیہ ફર્માવે છે, **"પહેલો માણસ જેણે દુરૂદ શરીફ ટૂંકાવ્યું તેના હાથ કાપી નાખવામાં આવ્યા."**

અલ્લાહુ અકબર ! કેટલો અઝીમ જમાનો હતો કે દુરૂદ શરીફને ટૂંકાવનારના હાથ કાપી નાખવામાં આવતા હતા ! અને કેમ નહીં કે માલની ચોરી કરનારના તો હાથ કાપવામાં આવે છે પણ **દુરૂદ શરીફ ટૂંકાવનાર નબી ﷺની અઝમતની ચોરી કરે છે !** અને જેના દિલમાં નબી ﷺની અઝમત છે તે જાણે છે કે **માલની ચોરી કરતાંયે સખત નબી ﷺની અઝમતની ચોરી છે.** ઉપરોક્ત સજા હજુ ઓછી છે. પરંતુ અફસોસ ! કે આજકાલ આ ચોરી સામાન્ય થઈ ગઈ છે. દરેક કિતાબ દરેક ન્યુઝ પેપર **"સ.અ.વ., અલ."** અને **"સલ., રહ."**થી ભરેલાં પડયાં છે. માત્ર લખવા સુધી જ બાકી નથી રહ્યું હવે તો લોકોની જબાનો પર "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ"ના બદલે "સલઅમ" સાંભળવામાં આવે છે !

યાદ રાખશો ! **'સલ્અમ"** એક નિરર્થક શબ્દ છે જેનો કોઈ મતલબ જ નથી થતો. નબી ﷺની સાચી મહોબ્બત રાખનાર લોકો **"સલ્અ"** કદીયે ઉપયોગ નહીં કરે બલ્કે આખુ "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" બોલવાની, લખવાની આદત રાખશે.

હઝરત અબૂ સુલયમાન رحمۃ اللہ علیہ પોતાનો એક વાક્યો બયાન ફર્માવે છે કે એકવાર મેં પ્યારા નબી ﷺને ખ્વાબમાં જોયા. સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, હે અબૂ સલમાન ! તું મારું નામ લે છે અને તેના પર દુરૂદ શરીફ પણ પઢે છે, "વ સલ્લમ" શા માટે નથી કહેતો ?! એ ચાર શબ્દો છે અને દરેક શબ્દ પર દસ નેકીઓ મળે છે. (અલ કૌલુલ બદીઅ) "સલ્લલ્લાહુ અલૈહ" એટલે કે અલ્લાહના દુરૂદ આપના પર નાઝિલ થાય પરંતુ આમાં સલામનો સમાવેશ નથી જ્યારે કે "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ"માં દુરૂદ તથા સલામ બંનેવ સામેલ છે.

પ્રિય વાંચકો ! જરા ધ્યાન આપો કે માત્ર "વસલ્લમ" શબ્દ છોડવાના કારણે પ્યાર ા નબી ﷺ ખ્વાબમાં તશરીફ લાવી નારાજગીનો ઈઝહાર ફર્માવે છે, તો જે ગાફિલ અને સુસ્ત લોકો આખુ "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" ગાયબ કરી માત્ર "સલ્અમ" લખી દે છે તો પ્યારા આકા ﷺ તેમનાથી કેટલા નારાજ હશે ?! તેમજ અન્ય નબીઓના નામ સાથે **અલ.** ને બદલે **"અલૈહિસ્સલામ"** કે **"અલૈહિસ્સલાતુ વસ્સલામ"** પૂરું લખવું જોઈએ.

"સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" તો આખુ લખવાનું જ છે પણ એ જ રીતે સહાબાએ કિરામ તથા ઔલિયાએ કિરામના મુબારક નામો સાથે પણ **"રદી., રહ."** પણ લખવાની મનાઈ છે." "રદિયલ્લાહુ અન્હૂ" અને "રહમતુલ્લાહિ અલૈહ" આખુ લખવું જોઈએ."

અલ્લાહ તઆલા આપણને દુનિયા તથા આખિરતમાં પોતાના મહબૂબ ﷺની નારાજગીથી બચાવે. (આમીન)

શું નઊઝુબિલ્લાહ ! મક્કા મોઅઝ્ઝમાની ધરતી માફિયાઓની જાળમાં ફસાઈ ગઈ છે ? આ સવાલ ઘણો જ કઠીન છે, પરંતુ એનો જવાબ પણ ઘણો જ જરૂરી છે.

આ ભયાનક સવાલ એટલા માટે થાય છે કે હરમૈન શરીફૈનના કહેવાતા ખાદિમોનું પરિવાર દુનિયાભરના મુસલમાનોની લાગણીઓને પોતાના પગો તળે કચડીને ખાનાએ કા'બા અને તેના ઊંચા મીનારોની શ્રેષ્ઠતા અને ઊંચાઈને ઓછી કરવામાં કાર્યરત છે, એટલું જ નહીં પણ તે ખાનાએ કા'બાને મળતા સૂર્ય પ્રકાશ અને પાક સાફ આબોહવાથી પણ તેને વંચિત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે.

# મક્કા મોઅઝ્ઝમાની ધરતી માફિયાઓની જાળમાં

રજૂ. **જનાબ સૈયદ ઈરફાન સાહબ**
(મુતઅલ્લિમ જામિઆ અશરફિયા—મુબારકપુર)

ઘણા દિવસોથી ખબર આવી રહી હતી કે સઊદી અરબ અને ખાસ કરીને મદીના મુનવ્વરા અને મક્કા મુઅઝ્ઝમાં સ્થિત મુકદ્દસ જગા ઉપર પાવડા મારવામાં આવી રહ્યા છે ત્યાં સુધી કે ઈસ્લામી ઈતિહાસની કેટલીક મુકદ્દસ શખ્સિયતોની કબરો અને મસ્જિદો પર બુલ્ડોઝર પણ ચલાવી રહ્યા છે.

આ ખબરોથી પૂરી મુસ્લિમ દુનિયા ચિંતિત થઈ ગઈ હતી. પૂરી મુસ્લિમ દુનિયાએ સઊદી અરબ ગવર્નમેન્ટ સામે વિરોધ પણ દર્શાવ્યો હતો. પરંતુ સઊદી ગવર્નમેન્ટે દુનિયાના વિરોધની ચિંતા ન કરી અને સેંકડો ઝિયારતના સ્થળો, કબરો, મસ્જિદો અને બીજા ઐતિહાસિક સ્થળોને વેર વિખેર કરી નાખ્યા.

## ખાનાએ કા'બા પર શૈતાની પડછાયો

તાજા સમાચાર છે કે એક બાજુ આલે સઊદે હુઝૂર ﷺનાં વાલિદા માજિદા હઝરત આમેના બિન્તે વહબ رضی اللہ عنہાની કબર મુબારક પર બુલ્ડોઝર ફેરવીને તેના ઉપર કેરોસીન છાંટીને આગ લગાડી એવી જ રીતે બીજી બાજુ ખાનાએ કા'બાની આજુબાજુ ૧૦૦ થી વધારે ઊંચી ઊંચી ઈમારતો બનાવવાની શરૂઆત કરી દીધી છે. આ ઈમારતોમાં મોટી મોટી હોટલો, શાપિંગ સેન્ટરો, રેસ્ટોરન્ટ અને દુનિયાભરની કંપનીઓના કાઉન્ટર હશે, સાથે જ સેંકડોની ગણતરીમાં ૩ અને ૪ બેડરૂમવાળા મોટા મોટા એપાર્ટમેન્ટ પણ બનાવવામાં આવશે જે જગતભરમાં મુસલમાનોને વર્ષમાં એક સપ્તાહના માલિકીના હુકૂકના હિસાબથી મોંઘી કિંમતે વેચવામાં આવશે. આ ઈમારતો ખાનાએ કા'બાથી માત્ર થોડા મીટરની દૂરી પર બની રહી છે અને તેની ઊંચાઈ ખાનાએ કા'બાના મિનારાઓથી ડબલ હશે. આ પ્રમાણે ખાનાએ કા'બા કમસે કમ ત્રણ બાજુથી અદશ્ય થઈ જશે અને તેના ઉપર તે ઈમારતોના પડછાયા પડશે જેમાં દુનિયાભરનાં સારાં બુરાં કામો વિના રોકટોક થશે.

ખાનાએ કા'બાને દુનિયાની નજરોથી અદશ્ય કરવા માટે સઊદી ગવર્નમેન્ટે ૧૩૦ પ્રોજેકટોને મંજૂરી આપી દીધી છે. એમાંથી કેટલાક પ્રોજેકટ ઘણેઅંશે બની પણ ગયા છે. એના પર ૧૩ મિલિયન ડોલર અર્થાત ૫ હજાર કરોડ ભારતીય રૂપિયા ખર્ચ થશે, ઉઘાડી વાત છે કે એટલા મોટા બજેટવાળા પ્રોજેકટ આંખના પલકારામાં તૈયાર નહીં થાય.

તે ઈમારતોમાં માલદાર સઊદીઓના રહેવા માટે જે એપાર્ટમેન્ટ બની રહ્યા છે તેમાં એ વ્યવસ્થા પણ હશે કે તેના રહેવાવાળા શૈખ ખાનદાન નીચે ઉતરીને ખાનાએ કા'બામાં આવવાની તકલીફ ન કરે અને ત્યાં જ એ બયતુલ્લાહમાં થવાવાળી પાંચો ટાઈમની નમાઝમાં એ સામેલ રહે. તેમના બેડરૂમો અને ડ્રોઈંગરૂમોમાં બયતુલ્લાહમાં થતી નમાઝોનો અવાજ સંભળાવવા માટે સ્પીકર લગાડવામાં આવશે. જેમણે એ ઈમારતોના નક્શા અને બનાવટ જોઈ છે એ લોકોનું કહેવું એવું છે કે અગર છોકરાઓ

પોતાના ઘરોની બારીઓમાંથી દડો (બોલ) ફેંકશે, તો સીધા બૈયતુલ્લાહના સહન અથવા ખાનાએ કા'બા પર પડશે ! આ ઈમારતો એટલી ઊંચી હશે કે તેમાં રહેવાવાળા ખાનાએ કા'બામાં અલ્લાહની સામે ઉભેલા મુસલમાનોનાં માથાંઓને જોઈ શકશે.

અચંબાની વાત તો એ છે કે પોતાના ઘરના બેડરૂમોમાં નમાઝ પઢવાવાળા શૈખ કા'બાના ઈમામથી પણ ઊંચા થઈ જશે, એટલે સુધી કે અમુક ઈમારતોમાં તે ઈમામથી પણ આગળ થઈ જશે ! એવી હાલતમાં એ લોકોની નમાઝ કેવી રીતે થશે ? પરંતુ જે ખાનદાન ઈસ્લામનો પૂરો ઈતિહાસ મિટાવવા તત્પર હોય એને શરીઅતના મસાઈલને કલમને એક હરકતથી બદલવામાં શું ખરાબી આવી શકશે ?

## રસૂલ ﷺના જન્મસ્થાન પર લાયબ્રેરી !

ઈસ્લામિક હેરીટેજ ફાઉન્ડેશનના પ્રમુખ ઈરફાન અકદમ અલ્વીનું કહેવું છે કે સઊદી ગવર્નમેન્ટે પચાસ વર્ષ પહેલાં હુઝૂરે અકરમ ﷺના જન્મસ્થાનને તોડી પાડવાની કોશિશ કરી હતી, તે વખતે પૂરી મુસ્લિમ દુનિયાએ વિરોધ દર્શાવ્યો હતો જેથી તે વખતે હુઝૂર ﷺનું જન્મ સથાન સુરક્ષિત કરી લેવામાં આવ્યું હતું. પરંતુ હવે ખબર આવી છે કે રસૂલ ﷺના જન્મ સ્થાનને ફરી તોડી પાડવામાં આવ્યું છે અને તેના ઉપર એક લાયબ્રેરી બનાવી દેવામાં આવી છે.

સવાલ એ છે કે જે મહાન પૈગંબર માટે અલ્લાહ તઆલાએ પૂરી કાયનાતને પૈદા કરી એમના જ જન્મ સ્થાનને સલામત રાખવામાં શું ખરાબી હતી ? શું એ લાયબ્રેરી માટે પૂરા સઊદી અરબમાં કોઈ જગ્યા ન હતી ? અને સૌથી મોટો સવાલ એ છે કે શું એ લાયબ્રેરી હુઝૂર ﷺના જન્મ સ્થાનથી વધારે ફઝીલતવાળી હતી ? સઊદી ગર્વમેન્ટ પાસે એક જ જવાબ છે કે શિર્કને ફેલાવવાની મંજૂરી ન આપવામાં આવે !

સવાલ એ છે કે **તમે તમારા બાપ દાદાઓની તસ્વીરોને તો સઊદી અરબની કરંસી પર વગર ખૌફે છપાવી અને ખૂદ પોતાની તસ્વીરોના હોર્ડિંગ દરેક જગ્યા પર ઉભા કર્યા, આલે સઊદના વડવાઓના નામ પર હરમ શરીફની મસ્જિદમાં ગેટનાં નામો તથા તેમના નામની મોટી મોટી યુનિવર્સિટીઓ અને એરપોર્ટ બનાવી, મોટા મોટા પુસ્તકો છાપીને એમાં સઊદી કુટુંબની રંગીન તસ્વીરો પ્રકાશિત કરી, પરંતુ તાજદારે મદીનાએ જે ઘરમાં આંખો ખોલી હોય એને સલામત રાખવાથી શિર્ક ફેલાવાનો ખતરો જાણો !** તો એનાથી મોટી કુબુદ્ધિ અને બુરા અકીદા બીજા શું હોય શકે ?

## નજદી સઊદી ગુસ્તાખીની હદ

આલે સઊદે મુકદ્દસ સ્થળો અને ઉમ્મહાતુલ મો'મિનીનની ગુસ્તાખીમાં તે વખતે હદ કરી દીધી જયારે હુઝૂર ﷺના પ્રથમ પત્ની હઝરાત ખદીજતુલ કુબરા رضی اللہ عنہاના ઘર મુબારકને ન માત્ર તોડી પાડવામાં આવ્યું બલ્કે તે જગ્યાએ આમ શૌચાલય બનાવી નાખ્યું ! લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.

આ કામ એ લોકોનું છે જે પોતાને ઈસ્લામના અલમબદાર કહે છે ! અને જેઓ કાંઈ બીજું કહેવડાવવા કરતાં હરમૈન શરીફૈનના ખાદિમ કહેવડાવવું વધારે પસંદ કરે છે.

આલે સઊદના જુલ્મનું એક ભયાનક દષ્ટાંત એ છે કે એમણે તાજદારે મદીના ﷺના ગારના સાથી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના ઘરને તોડી એના ઉપર હિલ્ટન હોટલ બનાવી દીધી એવી જ રીતે ૧૨૦૦ વર્ષ પહેલાં બનાવેલી મસ્જિદે અબૂ કુબૈસને પણ બુલ્ડોજર ફેરવીને તબાહ કરી નાખી. આ મસ્જિદ અસલમાં હુઝૂર ﷺ ના એક અન્ય નવાસા હઝરત અલી ઉરૈદના ઘર પર બનાવેલી હતી પરંતુ

હવે તે જગ્યા ઉપર અરબના શાહનો મહેલ છે.

હુઝૂર ﷺના એક અન્ય પત્નીની કબર મુબારકને પણ ૫૦ વર્ષ પહેલાં તોડી પાડવાની કોશિશ કરી હતી, હવે તે જગ્યા ઉપર અમુક અસર મૌજૂદ છે, પરંતુ સઊદી અરબની શરઈ પોલીસ ત્યાં સુધી કોઈને જવા નથી દેતી !

## હવે ગારે હિરાની વારી !

એક દુઃખદ સમાચાર એ છે કે હવે સઊદી હુકૂમતના નિશાના પર તે ગારે હિરા છે જેમાં હુઝૂરે અકરમ ﷺ પર પહેલી વહી નાઝિલ થઈ અને જ્યાં આપ ﷺ એ પોતાના રફીકે ગાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની સાથે આરામ ફર્માવ્યો હતો. જેનું કુર્આનમાં બયાન આ પ્રમાણે છે કે જ્યારે (ગારે હિરામાં) હુઝૂર પોતાના સાથી (અબૂબક્ર)ને કહ્યું કે "ચિંતા ન કરો ! અલ્લાહ આપણી સાથે છે." અલ્લાહે પોતાના રસૂલ અને મુસલમાનો પર સકીના નાઝિલ ફર્માવ્યું. એક એવા સ્થળને અને ખાસ કરીને એવા પહાડને તોડીને એના ઉપર ઈમારત બનાવવાનો વિચાર કોઈ શૈતાન જ કરી શકે છે કે જ્યાં એલાને નબુવ્વત પહેલાં તાજદારે મદીના ઈબાદતમાં લીન રહેતા હતા અને જેની ગોદમાં તાજદારે મદીનાને પહેલી વહી મળી હતી.

## શિર્કની આડમાં અઝવાજે મુતહરાતના મઝારો ધ્વસ્ત !

સઊદી ગવર્નમેન્ટ કહે છે કે એ પાક સ્થળોથી શિર્ક અને બિદઅત ફેલાય છે. લોકો એ સ્થળો પર આવીને ઈબાદત કરવા ચાહે છે, ત્યાં દુઆઓ માંગે છે અને તે સ્થળોને અક઼ીદત અને આસ્થા સાથે જુએ છે.

આશ્ચર્યની વાત એ છે કે જે ક઼ૌમ પોતાને તમામ ઈસ્લામી નિશાનીઓથી ઉચ્ચ માને તે પાક સ્થળો અક઼ીદતની નિગાહથી જોવાને પણ શિર્ક કહે છે ! એ સઊદી સત્તાધારીઓને એમની સત્તાથી હટાવવું તો દૂર રહ્યું પણ કોઈ એમના વિરુધ્ધ અવાજ પણ ઉઠાવી નથી શક્તું. કોઈપણ એમની ઉપર બુરાઈ કરવાની હિમ્મત નથી કરી શક્તું. સમાચાર પત્રો તેમના કસીદા ખ્વાહ બની ગયાં છે, અને દરરોજ શાહો અને શહેઝાદાઓની ખાંસી અને છીંકવાની ખબર એમણે પહેલા પાનાંઓ ઉપર તસ્વીરની સાથે પ્રકાશિત કરવી પડે છે. એવામાં એમના મોઢાથી શિર્ક અને બિદઅત જેવા શબ્દો સારા નથી લાગતા, એમને કોઈ અધિકાર નથી કે તે પવિત્ર સ્થળો અને ઈસ્લામની નિશાનીઓની ઉપર બુલ્ડોઝરો ફેરવી બરબાદ કરી દે જેના ઉપર પૂરી દુનિયાનો અક઼ીદતભર્યો હક્ક઼ તથા અધિકાર છે.

## આલે સઊદ નવા આવેલા ડાકૂઓ !

આલે સઊદ કોઈ સદીઓ જૂની નસલ નથી, બયતુલ્લાહ અને મસ્જિદે નબવી દોઢ હજાર વર્ષથી એના ઈન્તેઝામમાં નથી, બલ્કે સાચી વાત પૂછવામાં આવે તો હિજાઝ મુકદ્દસ પર એના નેતૃત્વને પણ કોઈ વધારે સમય નથી પસાર થયો.

આ કુટુંબને માત્ર ૭૫ વર્ષ થયાં છે. આ સમય દરમ્યાન નિઃશંક ! બહુ ઊંચા કામ થયાં છે. બયતુલ્લાહ અને મસ્જિદે નબવીની સારી બનાવટ થઈ પરંતુ આલે સઊદે આટલાં ઊંચા કામો, પોતાના ખિસ્સાથી નથી કરાવ્યાં ! તેલની દૌલત પર કબજો કરી જો ઊંચા ઊંચા કામ કરાવી નાખ્યાં છે તો એમને અરબના લોકો પર શું એહસાન કર્યો છે ? આજે પૂરા દેશની આવક પર માત્ર આલે સઊદનો કબ્જો છે. જેવું કે ઉપર વર્ણન થયું કે બયતુલ્લાહ, મસ્જિદે નબવી અને બીજી ઈસ્લામની નિશાનીઓ કોઈ એક કુટુંબની જાગીર નથી, અક઼ીદત અને એહતેરામની સાથે એમની ખિદમત અને એમનો ઈન્તેઝામ દુનિયાના ૧૦૦ કરોડથી વધારે મુસલમાનોનો કાનૂની, શરઈ તથા અખ્લાકી અધિકાર છે, માટે તેના ઈન્તેઝામ પર માત્ર એ એક કુટુંબના અધિકારનો કોઈ મતલબ નથી.

અમારી પુરજોશ માંગણી છે કે પૂરી દુનિયાના મુસલમાનો હિજાઝે મુકદ્દસમાં ઈસ્લામની નિશાનીઓની હિફાઝત માટે તૈયાર થાય જેથી તેના ઉપર આલે સઊદના નેતૃત્વને ખતમ કરી શકાય અને તેના ઈન્તેઝામ માટે એક આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાપક કમિટી બનાવવી જોઈએ જેમાં તમામ મુસ્લિમ દેશો અને જ્યાં મુસલમાનોની આબાદી નોંધપાત્ર સંખ્યામાં હોય તેમને પ્રતિનિધિત્વ આપવું જોઈએ.

બયતુલ્લાહ શરીફ અને મસ્જિદે નબવીની આજુબાજુ એક શક્ય હદ સુધી બાંધકામ પર પાબંદી લગાડવામાં આવે અને એ ખાસ જગાઓને આંતરાષ્ટ્રીય વ્યવસ્થા હેઠળ રાખવી જોઈએ. હે દુનિયાના મુસલમાનો ! હજુ પણ સમય છે, ગફલતની નિદ્રામાંથી જાગો, નહીં તો ડર છે કે આલે સઊદ બયતુલ્લાહ, મસ્જિદે નબવી તથા અન્ય પવિત્ર સ્થળોના પણ સોદા કરી દેશે જે પૂરી દુનિયાના મુસલમાનોના ન માત્ર મર્કઝે અક઼ીદત છે બલ્કે તેમના ઈમાન અને મઝહબી નિશાનીઓનો હિસ્સો પણ છે. હિજાઝ મુકદ્દસ અને ખાસ કરીને મસ્જિદે નબવી અને બયતુલ્લાહની આજુબાજુની જમીનો દુનિયાની સૌથી વધારે મોંઘી જમીનોમાં તદ્દન અગ્રક્રમે છે.

બધા જ માલદાર મુસલમાનોની તમન્ના હશે કે આ પવિત્ર સ્થળોની નજીક ઘર લઈ વર્ષમાં એક સપ્તાહ જરૂર રહે. એવી હાલતમાં આલે સઊદ પૂરા હિજાઝ અને ત્યાં મૌજૂદ સહાબાના મઝારોને પણ તોડીને એને એક એક ઈંચના હિસાબથી વેચી શકે છે.

જ્યાં સુધી આલે સઊદના મસ્લકની વાત છે તો એના વિશે અહીં આપણે કાંઈ કહેવું નથી, એનો મસ્લક એ જાણે, પરંતુ એમને એ અધિકાર નથી કે એ પૂરી દુનિયાના મુસલમાનો પર પોતાના મસ્લક અને વિચારોને થોપે.

ઈન્ડોનેશિયા, મલેશિયા, પાકિસ્તાન, હિંદુસ્તાન, બાંગ્લાદેશ અને બીજા દેશોના બાગૈરત ઈમાનવાળા મુસલમાન ત્યાંનાં પવિત્ર સ્થળો તથા યાદગારોથી અક઼ીદત અને મહબ્બત ધરાવે છે. અને કોઈ પણ એવું બરદાશ્ત નહીં કરે કે હુઝૂર ﷺનાં પ્રથમ પત્ની હઝરત ખદીજા رضی اللہ عنہاની કબર મુબારકને તોડીને એના ઉપર કેરોસીન છાંટી આગ લગાડવામાં આવે, આપ ﷺની વાલિદા માજિદાની કબરને તોડીને જાહેર શૌચાલય બનાવી દે.

ખૂદ સઊદી અરબના લોકો એનાથી નાખુશ છે. અને ૩૦,૦૦૦થી પણ વધુ વિરોધી પત્રો સઊદી ગવર્નમેન્ટને પહોંચાડવામાં આવ્યા છે છતાં આ એક જ કુટુંબ પોતાના મકસદને પૂરા કરવા માટે પવિત્ર સ્થળો પર બુલ્ડોઝરો ચલાવી રહ્યું છે. દૌલતની હવસે એમની અક્કલ અને આંખો પર પર્દા નાખી દીધા છે અને એ પડદાને ચીરી કાઢવાની જરૂર છે, અને એ ત્યારે જ થશે જ્યારે પૂરી દુનિયાના મુસલમાનો પોતપોતાના દેશોના અમુક વઝીફાખોર લોકોની ફિકર કર્યા વગર આલે સઊદની શર્મનાક હરકતોની વિરુધ્ધ ઊભા થઈ જાય. *(નઈ દુન્યા, ૨૬ માર્ચથી ૧ એપ્રિલ)*

### નબી એલચી નહીં, જન્નતના માલિક છે !

મિશ્કાત શરીફ બાબોસલાતિલખુસૂફમાં છે કે હુઝૂરે ફર્માવ્યું : ''એટલે કે અમે તે ગ્રહણની નમાઝમાં જન્નતને જોઈ અને તેનો ઝુમ્ખો પકડયો. જો અમે તે ઝુમ્ખો તોડી લેત તો તમે તેને કયામત સુધી ખાતા રહેત.''

એનાથી જણાયું કે હુઝૂર ﷺને છૂટ હતી કે તેઓ મદીના પાકમાં ઊભા ઊભા જન્નતના ઝુમ્ખા તોડે અને સહાબાએ કિરામને અતા ફર્માવે, પણ પોતે પોતાની મરજીથી ન તોડયો. જેનાથી સાબિત થયું કે, દુનિયામાં રહીને જન્નતની દરેક ચીજના માલિક છે. *(બહવાલા કિતાબ ''સલ્તનતે મુસ્તફા'', અઝ : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ)*

અક્કલના ઘોડા પર ઉડતી આ જમાઅત !

# જમાઅતે ઈસ્લામી કે જમાઅતે ગૈર ઈસ્લામી ?!

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કહેવાતી જમાઅતે ઈસ્લામી એટલે મૌદૂદી જમાઅતના સ્થાપક મૌલાના અબુલ આ'લા મૌદૂદી એક એવા ગુમરાહ શખ્સ હતા જેમણે કુર્આનને, હુઝૂર ﷺની હદીષોને તેમજ હુઝૂર ﷺની પવિત્ર ઝાતને, અન્ય અંબિયાએ કિરામને, સહાબાએ કિરામને, ખુલફાએ રાશિદીનને, ઉમ્મતના મુજદ્દિદોને, મુહદ્દિષોને, મુફસ્સિરોને, અવલિયાને.... સારાંશ કે ઈસ્લામની સર્વ બાઅઝમત હસ્તીઓને પોતાની સડી ગયેલી બુદ્ધિ વડે ટીકાનું નિશાન બનાવેલ છે. કોઈ એક પણ એમની ટીકા કરતી કલમ તથા બેબાક જીભથી બચેલ નથી. અક્કલના ઘોડા પર સવાર થઈને તેમણે કુર્આન હદીષના અર્થો સહાબા તથા તાબઈન તથા મહાન પૂર્વજ ઉલમાથી હટીને બુદ્ધિના ઘમંડમાં રચ્યા પચ્યા રહીને પોતે કર્યા અને રાહે રાસ્તથી પોતે તો ભટકી જ ગયા પણ કાંઈ કેટલાયને ભટકાવી માર્યા છે. અને એમના એ ભૂલ ભૂલામણીવાળા માર્ગમાં અટવાઈને હજીયે કાંઈ કેટલાય લોકો અટવાઈ રહ્યા છે. એમાંની જ એક વ્યક્તિ ઈકબાલ મુલ્લા (સેક્રેટરી જમાઅતે ઈસ્લામી હિંદ)એ થોડા સમય પર અમદાવાદ ખાતે ''કુર્આન પરિચય અભિયાન''ના પ્રોગ્રામમાં કહ્યું કે, ''ઈસ્લામ ધર્મની સ્થાપ્ના **પયગંબર** મુહમ્મદ સાહેબે કરી નથી બલ્કે તેઓ તો **ઈશ્વરના એક સંદેશવાહક હતા.** આજે પણ ઘણા લોકો એવું માને છે કે ઈસ્લામ ધર્મની સ્થાપ્ના મુહમ્મદ પયગંબર સાહબે કરી હતી.'' *(સંદેશ દૈનિક–અમદાવાદ, તા. ૪–૩–૨૦૦૭)*

જેમના પેશ્વા અબુલ આ'લા મૌદૂદી કુર્આન સમજવામાં પોતે જ માર ખાઈ ગયા તેમના ચેલા દુનિયાને ''કુર્આનનો પરિચય'' કરાવે તો એ આશ્ચર્યની વાત નથી ! અને **જેમના પેશ્વા કુર્આનને સમજવા જતાં કુર્આન સમજી ન શકતાં કુર્આનમાં જ વાંધા ઉઠાવવા લાગ્યા !** જેમ કે એક જગાએ લખે છે :–

## શું કુર્આની હુકમ જુલ્મ માટે છે ?!

''જ્યાં અખલાકની કક્ષા (સ્તર) પણ એટલી ઉતરતી હોય કે નાજાઈઝ સંબંધોને કાંઈ ઐબદાર સમજવામાં ન આવતા હોય એવી જગાએ વ્યભિચાર અને શરઅન ઝિનાના આક્ષેપથી શરઈ હદ લાગુ કરવી કશાય શક વગર **જુલ્મ** છે.'' *(તફહીમાત, ભાગ–૨, પેજ–૨૮૧)*

સ્પષ્ટ છે કે કુર્આને ઝિના (વ્યભિચાર) વગેરેની જે સજા મુકર્રર કરી છે તેમાં કોઈ માહોલની પરવા નથી કરી, એ લેહાજથી તે મૌલાનાના વર્ણવેલ માહોલમાં પણ લાગુ પડશે અને એ મૌલાના મૌદૂદીની નઝરમાં **"કશાય શક વિના જુલ્મ છે !"**

એક જગ્યાએ મૌલાના મૌદૂદી લખે છે :– કુર્આને કરીમ નજાતના માટે નથી બલ્કે હિદાયતના માટે પૂરતું છે.'' *(તફહીમાત, ભાગ–૧, પેજ–૩૧૨)*

એટલે કે મૌલાનાની નજીક કુર્આન કેવળ હિદાયતની ઝમાનત આપે છે નજાતની ઝમાનત નથી આપતું. બતાવવામાં આવે કે જે લોકો હિદાયતની સાથો સાથ નજાત પણ ઈચ્છે છે તેઓ

કુર્આન સિવાય કઈ કિતાબને દીવાદાંડી બનાવે ?!

હદીષના વિશે પણ છે કે મૌલાના મૌદૂદીના મિઝાજના માળખામાં ફીટ થાય તેવી ન હોય તો કહી દેતા કે, **"....પરંતુ મને એમ નથી લાગતું કે હુઝૂરે આવી વાત કહી હોય !"** *(રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૬૩)* ભલે સનદ તથા રિવાયતના લેહાઝથી હદીષ કેટલીયે વજનદાર હોય.

## અક્કલના ઘોડે અસ્વાર મૌદૂદી !

**મૌલાના મૌદૂદીએ કુર્આન હદીષને પોતાની રાયથી સમજવાની કોશિશ કરી અને એક ગુમરાહ જમાઅત સ્થાપી દીધી !** વળી લોકોને ધોકો આપવા તેનું નામ "જમાઅતે ઈસ્લામી" આપ્યું, હકીકતમાં એ 'જમાઅતે ગૈર ઈસ્લામી' છે. પોતે લખે છે કે, "કુર્આન તથા સુન્નતની તા'લીમ સૌના પર અગ્ર સ્થાને છે પણ તફસીર તથા હદીષના પૂરાણા ઝખીરાથી નહીં." *(તન્કીહાત, પેજ–૧/૩)*

મૌદૂદી સાહબને પૂરાણી તફસીરના ખજાનાઓથી કાંઈ લેવા દેવા નથી ! કુર્આનની તફસીર વેપારના ધોરણે થવી જોઈએ અને તે પણ મનમાની ! જેને **તફસીર બિર્રાય** (પોતાના મત મુજબની) કહેવામાં આવે, જે જમહૂરે ઈસ્લામ (બહુમતિ ઉલમા)ની નજીક **તદન હરામ** છે. ૧૪૦૦ વરસના ઉલમાનો માર્ગ ત્યજીને પોતાની બુદ્ધિથી કુર્આનને સમજવા જતાં મૌલાનાએ કેવી ઠોકરો ખાધી તેની ઝલક આપ ઉપર જોઈ ગયા. એમના આ ચેલા ઈકબાલ મુલ્લા જે બોલ્યા કે, **"ઈસ્લામ ધર્મની સ્થાપ્ના પયગંબર મુહમ્મદ સાહબે કરી નથી..."** એ કોઈ નવી કે પોતાની વાત નથી બોલ્યા, પણ પોતાના ગુરૂ મૌલાના મૌદૂદીની જ તકલીદ કરી રહ્યા છે. બુઝુર્ગો, ઈમામોની તક઼લીદ તેમને માન્ય નથી, પણ અક્કલના ઘોડે ઉડતા પોતાના મૌલાનાની તક઼લીદ પાછળ તેઓ પોતાની આખેરતને કુર્બાન કરી રહ્યા છે ! હુઝૂર ﷺના અતિ નિકટના સાથી સહાબા, ત્યાર પછી સહાબાને જોનાર તાબઈન, પછી તબેઅ તાબઈન તેમજ ઉલમા તથા ઔલિયાની પવિત્ર જમાઅતો થઈ ગઈ તેમને આ વાત ન સુઝી અને ૧૪૦૦ વરસ પછી પેદા થનારા આ (કુ)બુદ્ધિશાળીઓને આ વાત સમજાઈ ગઈ ! જેમ કે મૌલાના મૌદૂદી લખે છે : "મુહમ્મદ ﷺને ખુદાએ પોતાના એલચી (મેસેન્જર) મુકર્રર કર્યા છે." *(ખુત્બાત, પેજ–૨૮)*

બીજે ઠેકાણે લખે છે : "આં હઝરતને ઈસ્લામના બાની (સ્થાપક) સુદ્ધાં કહી દેવામાં આવે છે, કે હકીક઼તમાં આ એક ખૂબ જ મોટી ગલતફહમી છે." *(રિસાલા દીનિયાત, પેજ–૩૦૧)*

આ છે મૌલાના મૌદૂદીની તા'લીમ જેની આંધળી તક઼લીદમાં તથા અનુસરણમાં સેક્રેટરી જમાઅતે ઈસ્લામી હિંદ ઈકબાલ મુલ્લા પણ નબી કરીમ ﷺને ઈસ્લામના સ્થાપક માનવાથી ઈન્કાર કરી રહ્યા છે.

**કહેવાતી "જમાઅતે ઈસ્લામી"ના સ્થાપક કોણ? તો કહેશે, "મૌલાના મૌદૂદી !" પણ અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ ﷺને કયામત સુધીના સમય માટે અંતિમ નબી બનાવી અંતિમ શરીઅત લઈને મોકલ્યા અને આપે દુનિયામાં આવી ફ઼ારાનની ચોટી પરથી ક઼ૌમને જમા કરીને "અલ્લાહ એક છે અને હું તેનો રસૂલ છું" જણાવી દીને ઈસ્લામનું એલાન કર્યું અને તેનો પાયો નાખ્યો, ફેલાવો કર્યો છતાં આપ ﷺ ઈસ્લામના સ્થાપક ન કહેવાય ! ફક્ત એલચી સંદેશવાહક તથા મેસેન્જર જેટલી જ આપની હૈસિયત રહી !!** મુલ્લા સાહબ કલ્મો પઢયા છે કે "મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે" અને પાછા પલ્ટીને કહે છે કે "મુહમ્મદ અલ્લાહના (ફક્ત)

એલચી (સંદેશવાહક) છે !'' ડીક્ષનરીના અર્થમાં **''રસૂલ''ને એલચી કહેવા એ મુસલમાનનું કામ નથી** પણ જે ગૈર મુસ્લિમ ઈસ્લામથી અજ્ઞાન હોય તે જ કહી શકે છે. અસલમાં મૌદૂદી જમાઅત જે પોતાને જમાઅતે ઈસ્લામી કહે છે એ વહાબિયત દેવબંદિયતની એક શાખ છે. જેમ કે ખૂદ મૌલાના મૌદૂદી લખે છે કે :–

## મૌદૂદીનું વહાબિયતનું એલાન

(મૌદૂદી જમાઅતના સ્થાપક) મૌલાના અબુલ ઉલા મૌદૂદી સાહબ લખે છે કે, ''વહાબિયતના આક્ષેપથી બચવાની વ્યવસ્થા ન કરો, લોકોએ હકીકતમાં મુસલમાનના માટે આ બીજુ નામ તજવીજ કર્યું છે.'' *(રસાઈલો મસાઈલ–૪૮૨)*

અને વહાબીઓના અકીદાથી આપ વાકેફ હશો કે ''તૌહીદની આડમાં નબી વલીની તૌહીન કરવી'' એ જ તેમનો ધર્મ છે. જેથી મૌદૂદીઓ પણ નબી કરીમ ﷺની શાનને હલકી ચીતરવા માટે એલચી, સંદેશવાહક જેટલી હૈસિયત આપની દર્શાવી રહ્યા છે.

રસૂલે પાક ﷺની હદીષ મુબારક છે કે, **''મારા સહાબીઓ તારાઓની જેમ છે, જેની પણ પયરવી (અનુસરણ) કરશો ભલાઈ પામશો.''** બીજી હદીષ છે : **''મારો જમાનો સૌથી બેહતર છે, એ પછીનો જમાનો, એ પછીનો જમાનો.''** (સારાંશ કે પછી ઉચ્ચતામાં ક્રમે ક્રમે કમી થતી જશે) તો એના પર ઈમાન રાખીને આપણા પૂર્વજ ઈમામો, ફકીહો, મુહદ્દિષો, મુહક્કિકોએ તે બેહતર લોકોના માર્ગને અપનાવ્યો, તેમની કરેલી તફસીરો તથા તેમના અનુગામીની તફસીરો તથા હદીષની શરહો પર ચાલી દીને ઈસ્લામની મુસલમાનોને સમજ આપી. હવે મૌદૂદીની ભ્રામક ભટકાવનાર વાણી જુઓ કે એ સૌથી વિમુખ થઈને પોતે **''ડુપ્લીકેટ ઈસ્લામ''** એટલે **''કહેવાતી જમાઅતે ઈસ્લામી''**ને સ્થાપિત કરી રહ્યા છે. લખે છે : ''જ્યાં સુધી મુસલમાનોનો એજ્યુકેટેડ તબકો કુર્આન તથા સુન્નત (હદીષ) સુધી વાસ્તા (માધ્યમ વિના ડાયરેક્ટ) પહોંચ હાંસલ નહીં કરે ત્યાં સુધી ઈસ્લામની રૂહને પામી શકશે નહીં, ન ઈસ્લામમાં બસીરત હાંસલ કરી શકશે. તે હમેશાં અનુવાદકો તથા શરહ લખનારાઓનો મોહતાજ રહેશે.'' *(તફહીમાત, પેજ–૩૩૦, ૩૩૧)*

એટલે કે એ **અલ્લાહના રસૂલના ફર્માવેલા શ્રેષ્ઠ તથા ઉચ્ચ લોકોની વાતોને છોડો ! કુર્આન હદીષના તેમણે સમજેલા સમજાવેલા અર્થોને બાજુ પર મૂકો ! અને જાતે જ કુર્આન પઢોને જાતે જ અર્થો કાઢો !**

આ છે **''ડુપ્લીકેટ ઈસ્લામ !''** એટલે **''કહેવાતી જમાઅતે ઈસ્લામી !''** હે લોકો જે જે વિષયમાં જાણકાર હોય તે તે વિષયનો જ્ઞાની (એજ્યુકેટેડ) કહેવાય. જેને દીન વિશે જ્ઞાન નથી, પછી ભલે તે દુનિયવી ડિગ્રીઓ, ગોલ્ડ મેડલો ગળે લટકાવીને ફરે પણ દીની જ્ઞાન નથી તો ત્યાં આગળ તે અનએજ્યુકેટેડ (અભણ) જ છે ! માટે કહેવાતા એજ્યુકેટેડોએ મૌદૂદીની આવી ભ્રામક વાતોથી ભરમાવું ન જોઈએ અને કુર્આન હદીષને બુઝુર્ગોના, ઉલમાના તરીકા પર ચાલીને જ સમજવાં જોઈએ. જેને ડ્રાયવિંગ નથી આવડતુ અને પોતે છે ડોકટર, પ્રોફેસર કે વકીલ, પણ હોશિયારીના વહેમમાં ડ્રાયવિંગ કરશે તો કેટલાયની સાથે પોતાનો પણ જાન ગુમાવશે ! જો કે જાન કરતાં ઈમાન કિંમતી છે માટે દીનનો અજ્ઞાન જાતે અર્થો કાઢશે તો ઈમાનથી જ હાથ ધોઈ બેસશે અને જહન્નમનો હક્કદાર થઈ જશે, એવું કહેવાતા એજ્યુકેટેડોએ પણ સમજવું જોઈએ અને એ જ અક્કલની વાત છે.

**''ડુપ્લીકેટ ઈસ્લામ''** એટલે **''કહેવાતી જમાઅતે ઈસ્લામી''**ના સ્થાપક મૌદૂદીએ કુર્આનના હુકમો પર વાંધો ઉઠાવ્યો તથા હદીષોના ઝખીરાને

પૂરાણો કહી તેના પરથી આસ્થા હટાવી કાઢી. હવે આગળ વધો ! લખે છે :–

''રસૂલે ખુદા સિવાય કોઈ માણસને હક્કનું માપદંડ (આધાર) ન બનાવે કોઈને ટીકા ટીપ્પણથી અપવાદ ન સમજે, કોઈની માનસિક ગુલામીમાં ન સપડાય.'' *(દસ્તૂરે જમાઅતે ઈસ્લામી, પાકિસ્તાન, પેજ–૨૪, મૌદૂદી)*

એટલે રસૂલ ﷺ સિવાય સહાબા, ખુલફાએ રાશિદીન, અશરાએ મુબશ્શરા, તાબઈન, તબેઅ તાબઈન, અવલિયાએ કિરામ... ગમે તે હોય તેમની પણ ઝાટકણી કાઢી શકાય ! આ છે કહેવાતી જમાઅતે ઈસ્લામના ઉસૂલ ! અને મૌલાના મૌદૂદીના ઘમંડની સીમા જુઓ કે આવુ કહીને અટકી નથી ગયા બલ્કે તેમણે અંબિયા પછી ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ જેને ૧૪૦૦ વરસથી મુસલમાનો માને છે તે મહાન સહાબી હઝરત **અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ની ભૂલો તથા તેમની ખામીઓ** કાઢવાથી બુઝુર્ગોની ટીકા ટીપ્પણની શરૂઆત કરી દીધી.

## હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہ ની ટીકા

ઈસ્લામી હમિય્યત તથા ગૈરત(શર્મ) પર બહષ કરતાં મૌલાના મૌદૂદી આ શબ્દોમાં ખલીફએ અવ્વલ પર ટીકા ટીપ્પણ કરે છે :–

''એ એટલું નાઝુક છે કે એકવાર સિદીકે અકબર જેવો બેનફ્સ તથા ઝાહિદ અને સરાપા લિલ્લાહિયત ઈન્સાન પણ તેને પૂર્ણ કરવાથી ચૂકી ગયો.'' *(તર્જમાને કુર્આન, હિ. ૧૩૫૭)*

હવે આગળ જોતા ચાલો કે મૌલાના મૌદૂદીની ટીકાથી કોઈ પણ બાકાત રહે છે ?!

## હઝરત ઉમર رضی اللہ عنہ ની ટીકા

મૌલાના મૌદૂદી લખે છે, ''એ હૃદય દ્રાવક ખબર સાંભળીને કે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ વફાત પામી, હઝરત ઉમર જેવો ઉચ્ચ તાલીમ પામેલ ઈન્સાન પણ જઝબાતની અધિકતામાં સંતુલન ગુમાવી દે છે. થોડીવાર માટે ભૂલી જાય છે કે કઝાએ ઈલાહીની સમક્ષ મોટા કે નાના સૌ એક છે અને આશ્ચર્યમાં પડી પડીને વિચારે છે કે આટલી મોટી હસ્તી કેવી રીતે આવા મામૂલી અંદાઝમાં ગુજરી જઈ શકે છે !

પૈગંબરાના શખ્સિયતની બુઝુર્ગીનો જે સિક્કો નફસમાં નિશાન પામેલ હતો તેના કારણે તે વફાતનું યકીન કરવા માટે તૈયાર ન હતા.'' *(તર્જમાને કુર્આન, રબીઉષ્ષાની, હિ.૧૩૫૭)*

**હે વાંચકો ! ખુદાને ખાતર ઈન્સાફ કરો !** હઝરત ફારૂકે આઝમની આ બેકરારીભરી કૈફિયત જે ખરેખર ઈશ્ક તથા ઈમાનનાં ફિદાપણાના પરિણામે હતી તેને શખ્સિયત પરસ્તીની અસર હેઠળ ઠરાવવું, એ પ્રસંગની વિરૂધ્ધ હોવાં ઉપરાંત એક ખલીફાએ રાશિદ પર કેટલો મોટો ઘા છે !

## હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ની ટીકા

ખિલાફતે રાશિદહ પર જાહિલિયતનો હુમલો કેવી રીતે થયો તેની વિગત બયાન કરતાં મૌલાના મૌદૂદી, ત્રીજા ખલીફા પર આ શબ્દો વડે નુકતાચીની કરે છે :–

''એક તરફ ઈસ્લામી હુકૂમતની વિશાળતાની તેજ ગતિના કારણે કામ રોજ બરોજ વધુ કઠીન થતું જઈ રહ્યું હતું અને બીજી તરફ **હઝરત ઉષ્માન જેમના પર આ મહાન કાર્યનો બોજ રાખવામાં આવ્યો હતો તે (મુજબની) ખૂબીઓ ધરાવતા ન હતા** જે તેમની અગાઉની મહાન હસ્તીઓને અતા થઈ હતી. એટલા માટે જાહિલિયતને ઈસ્લામી ઈજતેમાઈ નિઝામમાં ઘુસી આવવાનો માર્ગ મળી ગયો.'' (તજદીદો અહયાએ દીન, પેજ–૩૩)

## હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ટીકા

મૌલાએ કાએનાત હઝરત અલી શેરે ખુદાના ખિલાફત કાળ પર ચર્ચા કરતાં મૌલાના મૌદૂદી આ

વધુ પેજ નં. **૧૪** પર..

વહાબી દેવબંદીઓના પ્રપંચનું એક ઓર પ્રકરણ !

# ૧૮૫૭ના બળવામાં અંગ્રેજો સામે કયા ઉલમા હતા ?!

**રજૂકર્તા : મૌલાના ગુલામ યાસીન મિસ્બાહી દયાદરવી**
(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ્ અશરફિયહ્ મુબારકપુર, યુ.પી.)

વહાબી દેવબંદીઓને ત્યાં પોતાના પ્રચાર માટે જૂઠ, પ્રપંચ સૌ જાઈઝ છે ! અરે ! જેમનો અકીદો એ હોય કે, "અલ્લાહ જૂઠુ બોલી શકે !" (મઆઝલ્લાહ !) તેઓ પોતે કયુ જૂઠ ન બોલી શકે ? તેમના પૂર્વજ મોલ્વીઓ જેઓ પોતે જ અંગ્રેજોના સમર્થકો હતા એનાં એલાનો પોતે જ પોતાની કિતાબોમાં કરી ગયા, બલ્કે દેવબંદી પેશ્વા અંગ્રેજોના આજ્ઞાંક્તિ ગુલામ, પોતે સરહદી પઠાણો જોડે લડી મૌતને ઘાટ ઉતરનારા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ તો કહ્યું કે, **"રસૂલના ચાહવાથી કાંઈ જ થતુ નથી !"** તથા **"જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક કે અધિકારી નથી."** *(તકવિયતુલ ઈમાન)* જ્યારે બીજી બાજુ દેવબંદી ગુરૂ મોલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે કે : "હું હકીકતમાં (અંગ્રેજ) સરકારનો આજ્ઞાંક્તિ છું તો જૂઠા આક્ષેપોથી મારો વાળ વાંકો થશે નહીં. જો માર્યો પણ જઈશ તો **(અંગ્રેજ) સરકાર માલિક છે, તેને અધિકાર છે, જે ચાહે કરે !"** *(તઝકેરતુર્રશીદ, ભાગ-૧, પેજ-૮૦)*

તે ઉપરાંત અંગ્રેજોએ તેમની ભક્તિ કરવાના બદલામાં મુસ્લિમોમાં ભાગલા પડાવનાર કિતાબ "તકવિયતુલ ઈમાન" લાખોની સંખ્યામાં છપાવી વહેંચી હતી, દેવબંદીઓને અંગ્રેજો તરફથી ભરપૂર સહાય મળતી હતી (મકાલિયતુસ્સદરૈન) જ્યારે સુન્ની આલિમો અંગ્રેજો વિરુધ્ધ હોવાથી તેમને ફાંસીએ ચડાવતા હતા. આ સર્વ ઈતિહાસને જૂઠલાવીને હવે હાલના જમીયતુલ ઉલમા દેવબંદવાળા પોતે પોતાના મોલ્વીઓને આઝાદીની ચળવળના હીરો સાબિત કરવા જૂઠનો સહારો લઈ રહ્યા છે. તેનો પર્દાફાશ કરતો પ્રસ્તૂત લેખ વાંચો અને જૂઠાઓથી બચો ! ***-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)***

★ ★ ★ ★

મુગલ બાદશાહોની નાકાબેલિયત અને આરામ પસંદીનો લાભ લઈ પ્રપંચી મક્કાર અંગ્રેજોએ હિંદુસ્તાન ઉપર કબજો જમાવી લીધો. અને જેમ જેમ આ દેશ ઉપર તેઓની સત્તા દૃઢ તથા મજબૂત થતી ગઈ હિંદુસ્તાનવાસીઓનું અપમાન, નિંદા તથા મનદુઃખ કરવાની પરંપરા પણ લંબાતી ગઈ. ધાર્મિક વ્યવહાર અને સામાજિક સંબંધો પણ ઘણી બુરી રીતે પ્રભાવિત થતા રહ્યા. જુલમ અને અત્યાચારની આ હાલત જોઈને ગૈરતમંદ (સ્વાભિમાની) અને સ્વચ્છ રાય ધરાવનારા વતનવાસીઓ જેમાં ખાસ કરીને મુસલમાન તેઓના નાપાક ઈરાદાઓને નાબૂદ કરવાની તદબીરો સોચવા લાગ્યા. ઓલમાએ નેતૃત્વ કર્યું અને હિંદુસ્તાનને અંગ્રેજોથી આઝાદ કરાવવાની તેહરીક (ચળવળ) શરૂ થઈ ગઈ.

મૌલાના અહમદુલ્લાહ શાહ મદરાસી, મુફતી સદરુદ્દીન આઝુર્દા, અલ્લામા ફઝલે હક્ક્ ખૈરાબાદી, મૌલાના ઈમામ બખ્શ સહબાઈ, મૌલાના કાઝી ફૈઝુલ્લાહ દહેલ્વી, મૌલાના ફૈઝ અહમદ બદાયૂની, ડોકટર મોલ્વી વઝીરખાન અકબરાબાદી, સૈયદ મુબારકશાહ રામપૂરી, મૌલાના લિયાકત અલી ઈલાહાબાદી, હઝરત ખ્વાજા મહેરાબશાહ શહીદ, મૌલાના સૈયદ કિફાયતઅલી કાફી, મૌલાના રઝા અલીખાન બરેલ્વી, મુફતી ઈનાયત અહમદ કાકોરવી, મૌલાના વહાજુદ્દીન મુરાદાબાદી શહીદ વગેરે **અહલે સુન્નતના આલિમો** છે, (કોઈ એમાં વહાબી, દેવબંદી, જમીઅતુલ ઉલમા દેવબંદનો આલિમ નથી) જેઓની પ્રવૃત્તિઓ અને અસ્તિત્વથી આ તેહરીક (આંદોલન)ને શક્તિ અને કુવ્વત પ્રદાન થઈ અને આઝાદીની ભાવના પબ્લિકમાં ઉભરાઈ ઉઠી. આ જાંબાઝ ઓલમાએ અંગ્રેજો વિરુધ્ધ જેહાદનો પરચમ બુલંદ કર્યો.

અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીની ક્રાંતિકારી રાજનૈતિક આગેવાનીએ આ આંદોલનની ગતિમાં વધારો કર્યો. ખુર્શિદ મુસ્તફા રઝવી તેમની કિતાબ "જંગે આઝાદી ૧૮૫૭"માં લખે છે કે,

"દિલ્હીમાં જનરલ બખ્તખાનની ચલાવેલી ચળવળ ઉપર મૌલાના ફઝલે હક્ક ખૈરાબાદી અને બીજા આલિમોએ જે જહાદનો ફતવો આપ્યો તેના સંબંધે મૌલ્વી ઝકાઉલ્લાહ દહેલ્વીએ પણ પોતાની લખેલી તારીખ (ઈતિહાસ)માં સ્વીકાર કર્યો છે કે તેના દ્વારા (તે ફત્વા દ્વારા) મઝહબી જોશ અને ભાવના ઘણી વધી ગઈ હતી." *("ઈમ્તિયાઝે હક્ક", પેજ–૨૫, રાજા ગુલામ મુહમ્મદ)*

"મૌલાના ફઝલે હક્ક عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُએ એક દિવસ જુમ્આની નમાઝ બાદ જામેઅ મસ્જિદ (દિલ્હી)માં અંગ્રેજોની વિરોધમાં ફત્વો પઢીને સંભળાવ્યો તો ઘણા લોકો માટે (તે ફત્વો) ચિંતાનો વિષય બની ગયો. આ ફત્વા ઉપર મુફતી સદરુદ્દીન આઝુર્દા અને બીજા પાંચ આલિમોના હસ્તાક્ષર હતા. તે ફત્વાના પ્રકાશિત થતાંની સાથે જ પરાક્રમ અને આઝાદીની કોશિશોએ નવુ જોર પકડયું અને ઠેરઠેર અંગ્રેજોના છક્કા છૂટી ગયા." *("ઈમ્તિયાઝે હક્ક" પેજ–૨૯, રાજા ગુલામ મુહમ્મદ)*

**ઈ.સ. ૧૮૫૭ની ક્રાંતિ (ઈન્કિલાબ)માં સામૂહિક રીતે ભાગ ભજવનાર બધા જ એહલે સુન્નતના આલિમો હતા. આ હકીકતનો ઈન્કાર એ ઐતિહાસિક સત્યતાનો ઈન્કાર છે.** કિતાબ "ઈમ્તિયાઝે હક્ક" લેખક રાજા ગુલામ મુહમ્મદની દષ્ટિએ અમુક હકીકતો પ્યારા વાંચકો સમક્ષ રજૂ કરવામાં આવે છે, મુહમ્મદ ઈસ્માઈલ પાનીપની લખે છે કે :–

"ઈ.સ. ૧૮૫૭ના હંગામા (વિપ્લવ)માં સંપૂર્ણ જોશની સાથે અંગ્રેજો વિરુધ્ધ યુદ્ધમાં ભાગ ભજવનારાઓમાં એ તમામ ઓલમા સામેલ હતા જેઓ સૈયદ અહમદ અને શાહ ઈસ્માઈલ (દહેલ્વી)ના અકીદાના સખત વિરોધી હતા અને જેમણે શાહ ઈસ્માઈલ દહેલ્વીના રદમાં કિતાબો (પોતે) પણ લખી છે અને એમના શાગિર્દોને (રદમાં કિતાબ) લખવાની વસિયત પણ કરી છે." *(હાશિયા "મકાલાતે સર સૈયદ અહમદ", ભાગ–૧૩, પેજ–૫૩)*

આ સત્યનો સ્વીકાર ખૂદ "નવાબ સિદ્દીક હસન" પોતાની કિતાબ "તર્જુમાને વહાબિય્યહ્માં" આ પ્રમાણે કર્યો છે કે :–

"૧૮૫૭ના વિપ્લવ યુગ દરમિયાન સવારો અને સિપાહીઓએ અમુક મૌલ્વીઓ પાસે જબરદસ્ત જેહાદના મસ્અલા ઉપર મોહર લગાવડાવી, ફત્વો લખ્યો, જેમણે તેનો ઈન્કાર કર્યો તેને મારી નાખવામાં આવ્યા અને તેઓનાં ઘર લૂટી લીધાં. જો કે તે મોહર લગાડનારા અને ફત્વો લખનારા લગભગ તે લોકો જ હતા જેઓ અહલે સુન્નત અને અહલે હદીષને જબરદસ્તી વહાબી નામ આપે છે." *(તર્જુમાને વહાબિયહ, પેજ–૫૫)*

વહાબી ફિર્કાના ટોચના આલિમ મુહમ્મદ હુસૈન બટાલ્વી પોતાની કિતાબ "અલ્ ઈકતેસાદ ફી મસાઈલે જિહાદ"માં એ વાતનો સ્વીકાર કરે છે કે અમુક સમજદાર આલિમો ૧૮૫૭ના યુદ્ધમાં સદંતર સામેલ નથી થયા તેના (મુહમ્મદ હુસૈન બટાલ્વીના) શબ્દો આ પ્રમાણે છે :–

"૧૮૫૭ની ચળવળમાં જે મુસલમાનો સામેલ થયા હતા તેઓ સખત ગુનેહગાર અને કુર્આન તથા હદીષની દષ્ટિએ ફસાદ ફેલાવનાર, બાગી અને બદ્ કિરદાર હતા. મોટે ભાગે તેમાં નાદાન અવામ (અભણ પ્રજા) સામેલ હતી. અમુક જેઓ ખાસ લોકો તથા આલિમો કહેવાતા હતા તેઓ પણ અસ્લે દીન (કુર્આન, હદીષ)થી અજ્ઞાન અથવા નામસજ હતા, બાખબર તથા સમજદાર આલિમો તેમાં કદાપી શરીક ન થયા." *(અલ્ ઈકતેસાદ ફી મસાઈલિલ જિહાદ, પેજ–૪૯)*

મુહમ્મદ મિયાં સેક્રેટરી જમીઅતુલ ઉલમાએ હિંદ સ્વીકાર કરે છે કે **વહાબી તેહરીક (ચળવળ) જેનું કેન્દ્ર સાદિકપુર હતું તે આઝાદીની તે તેહરીક (આંદોલન)ની વિરુધ્ધ હતું.**

મુહમ્મદમિયાં લખે છે કે :–

''બીજી તન્ઝીમ (સંસ્થા) કે જે તે તેહરીક (આઝાદીની ચળવળ)ના યુગમાં ઉપસ્થિત હતી એ તે સંસ્થા અને તન્ઝીમ છે જેને વહાબી ફિર્કાની જિમ્મેદાર ગણવામાં આવે છે, જેનું મર્કઝ (કેન્દ્ર) સાદિકપૂર હતું. એ તન્ઝીમ એક સંસ્થા હોવાની હેસિયતથી આઝાદીની તેહરીક (ચળવળ)થી અલગ રહી. બલ્કે જો મૌલાના અબ્દુર્રહીમ સાહબ લેખક ''અદદુર્રુન્નુષૂર''ની વાતને સાચી તસ્લીમ કરવામાં આવે તો **આ સંસ્થા (વહાબી તન્ઝીમ) ૧૮૫૭ની તેહરીકની વિરુધ્ધ રહી.''** *(ઓલમાએ હિંદ કા શાનદાર માઝી'' ભાગ–૪, પેજ–૨૧૩)*

ઉપરોક્ત હવાલાઓની રોશનીમાં એક ન્યાયપસંદ વાંચક જરૂર એ ફેંસલો કરશે કે ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની લડાઈમાં તે હસ્તીઓ શરીક થઈ જેઓનો વહાબીઓ સાથે કોઈ સંબંધ ન હતો બલ્કે તે હસ્તીઓ તો તેઓના સખત વિરોધી તથા દુશ્મન હતા. **આ પુરાવાઓ હોવા છતાં વહાબીઓ પબ્લિકને શક્ય તે રીતે એ મનાવવા તથા ઠસાવવાની કોશિશો કરે છે કે વહાબીઓની તેહરીકે આઝાદીની ચળવળમાં ભરપૂર તથા નોંધપાત્ર ભાગ ભજવ્યો અને આ તેહરીક હમેશાં અંગ્રેજો સાથે સંઘર્ષમાં રહી.** જ્યારે કે ઈ.સ. ૧૯૪૭ સુધી મુસલમાનો દરમ્યાન એ વાત સર્વમાન્ય રહી કે વહાબી ફિર્કાએ ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની લડાઈમાં કોઈ પણ જાતનો હકારાત્મક રોલ અદા નથી કર્યો. હા ! નકારાત્મક કિરદારના પુરાવા જરૂર મળે છે, લ્યો વાંચો ! ઈસ્માઈલ દહેલ્વીના મુજદ્દિદપણાને અંતિમ રૂપ આપનાર અને તેના સહીહ જાનશીન મિયાં નઝીર હુસૈન દહેલ્વીની દાસ્તાન વાંચો અને અનુમાન લગાડો કે આઝાદીની તેહરીકમાં તેમનો શું રોલ રહ્યો. તેમનું (મિયાં નઝીર હુસૈનનું) જીવનચરિત્ર લખનાર મૌલાના ફઝલે હુસૈન લખે છે :–

''ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની ચળવળમાં જ્યારે દિલ્હીના અમુક વર્ચસ્વ ધરાવનારા તથા અધિક્તર મામૂલી મૌલ્વીઓએ અંગ્રેજો પર જેહાદનો ફત્વો આપ્યો તો મિયાં સાહબે ન તેની ઉપર હસ્તાક્ષર કર્યો ન મોહર. તેઓ પોતે ફર્માવતા હતા કે, ''મિયાં તે હુલ્લડ હતું, બહાદુરશાહી ન હતી, તે બિચારો વૃદ્ધ બહાદુરશાહ શું કરતો જમીની કીડા મકોડાઓ તથા ભાંગફોડીયાઓએ સંપૂર્ણ દિલ્હીને ખરાબ, વેરાન, તબાહ અને બરબાદ કરી નાખ્યું. હાકેમ હોવાની અને જેહાદને લગતી તમામ શરતો બિલ્કુલ ગાયબ હતી, અમે તો એ ફત્વા ઉપર હસ્તાક્ષર નથી કર્યા તો પછી મોહર શું લગાડતા અને શું લખતા ! મુફ્તી સદરુદ્દીન ખાન સાહબ ચક્કરમાં આવી ગયા.

બહાદુરશાહને પણ ઘણો સમજાવ્યો કે અંગ્રેજો સાથે લડાઈ યોગ્ય નથી, પરંતુ તે બાગીઓ (આઝાદીના મુજાહિદો)ના હાથની કઠપૂતલી બની રહ્યા હતા, કરે તો શું કરે ?! *(અલ હયાત બઅદલ મમાત, પેજ : ૯૩, ૯૪, મૌલાના ફઝલે હુસૈન, અલ્ કિતાબ ઈંટરનેશનલ, નવી દિલ્હી)*

આ જ કિતાબ (અલ હયાત બઅદલ મમાત)માં સંપાદકે અંગ્રેજ ગવર્નમેન્ટ સાથે વફાદારીના વિષય પર એક પ્રકરણ પાડયું છે, જેમાં એ સમજાવવાની ભરપૂર કોશિશ કરી છે કે મિયાં નઝીર હુસૈન દહેલ્વી અંગ્રેજ સરકારના ઘણા હમદર્દ, ભલુ ઈચ્છનાર તથા વફાદાર હતા. અને તે કિતાબમાં એક અંગ્રેજ સ્ત્રીને બચાવી તેણીને અંગ્રેજ કેમ્પમાં પહોંચાડવાનો અને સન્માન પત્ર મેળવવાનો કિસ્સો પણ વર્ણવ્યો છે. સન્માન પત્ર (Certificate)નો અનુવાદ અંગ્રેજી લખાણ સાથે તે કિતાબમાં ઉપસ્થિત છે.

આ સર્વ વિગતવાર વર્ણનોથી એ સમજવામાં કોઈ પણ જાતની વાર ન લાગવી જોઈએ કે વહાબીઓનો ઈ.સ. ૧૮૫૭ના બળવામાં કોઈપણ જાતનો ભાગ ન હતો. પરંતુ તેમ છતાં તેઓ પોતાની હિસ્સેદારી (રોલ) બલ્કે નેતૃત્વનો દાવો કરતા જણાય છે ! એનું કારણ માત્ર એ જ હોઈ શકે છે કે હિંદુસ્તાનના ભાગલા પછી જ્યારે દેશી રાજનીતિએ પડખુ લઈ

લીધું તો તેઓએ મેહસૂસ કર્યું કે હવે અંગ્રેજો સાથે વફાદારી જાહેર કરવામાં નુકસાન બલ્કે જાનનો ખતરો છે. એટલા માટે વેશ બદલ્યો અને એક નવો ઈતિહાસ રચવામાં લાગી ગયા! સર્વ પ્રથમ સૈયદ અહમદ રાય બરેલ્વી અને ઈસ્માઈલ દહેલ્વીની અંગ્રેજોની છત્રછાયામાં પલનારી વહાબી તેહરીકને આઝાદીની તેહરીકનું નામ આપવામાં આવ્યું ! ત્યારબાદ તે એહલે સુન્નતના આલિમોને જેઓએ ઈ.સ. ૧૮૫૭ના ઈન્કિલાબમાં લીડરની હૈસિયતથી શિર્કત કરી હતી તેઓને વહાબી બનાવીને રજૂ કરવાની શરૂઆત કરી જેથી આઝાદીનો સેહરો તેઓના માથે જાય ! આવો ! અંતમાં કેટલાક અધિક પુરાવા જોઈ લો જેથી તમને રોશન થઈ જાય કે વહાબી દેવબંદી પેશવાઓ અંગ્રેજોના વિરોધી હતા કે અંગ્રેજ ભગત હતા ?!

વહાબિયતની ચળવળના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના પીર સૈયદ અહમદ રાયબરેલ્વી વિશે દેવબંદી મોલ્વી જાફર થાનેશ્વરી લખે છે કે, "સૈયદ સાહબ અંગ્રેજ સરકાર સાથે જેહાદ કરવાનો હરગિઝ ઈરાદો ધરાવતા ન હતા, તે એ આઝાદ અમલદારીને પોતાની અમલદારી સમજતા હતા...." *(સવાનેહે અહમદી, પેજ–૧૩૯, બહવાલા તેહરીકે બાલાકોટ, પેજ–૭૮)*

અંગ્રેજોએ તેમના વફાદાર વહાબી મોલ્વી નઝીર હુસૈનને તેમની વફાદારીના બદલામાં "શમ્સુલ ઉલમા"ના લકબથી નવાજ્યા હતા. જેમ કે એ જ થાનેશ્વરી લખે છે કે :–

"મિયાં નઝીર અહમદ સાહબ (અંગ્રેજ) ગવર્નમેન્ટના વફાદાર ઠર્યા અને કોઈ આક્ષેપ પુરવાર ન થયો. જ્યારે મિયાં સાહબ હજ્જ માટે તશરીફ લઈ ગયા તો સાથે દિલ્હીના કમિશ્નરનો પત્ર લઈ ગયા. ઈંગ્લેન્ડની ગવર્નમેન્ટ તરફથી ૧૪ જૂન ૧૮૯૭માં શમ્સુલ ઉલમાનો ખિતાબ મળ્યો."

વહાબી ચળવળના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી વિશે અલ્ ફુર્કાનનો "શહીદ નંબર" લખે છે કે, "મશહૂર એ છે કે આપે અંગ્રેજોથી વિરોધ હોવાનું કોઈ એલાન નથી કર્યું બલ્કે કલકત્તા કે પટનામાં તેમને સહકાર કરવાનું જાહેર કર્યું...." *(અલ્ ફુર્કાન, શહીદ નંબર, પેજ–૭૬)* એક જગાએ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ અંગ્રેજ દોસ્તીનું એલાન આ રીતે કર્યું કે, "અંગ્રેજોના રાજમાં મુસલમાનોને કાંઈ તકલીફ નથી પડતી કેમ કે આપણે અંગ્રેજોની પ્રજા છીએ એટલા માટે આપણા પર આપણા ધર્મની રૂએ એ વાત ફર્ઝ બને છે કે અંગ્રેજો પર જેહાદ કરવામાં આપણે કદી શરીક ન થઈએ."

દેવબંદી મોલ્વી મૌલાના શિબ્લી નોઅમાનીનું અંગ્રેજ ભક્તિપણુ જોઈ લો ! જણાવે છે કે, "હું લાંબા અરસાથી કદી અંગ્રેજ ગવર્નમેન્ટનું બુરુ ઈચ્છનાર નથી રહ્યો. આપણે મુસલમાનો માટે અંગ્રેજ ગવર્નમેન્ટનું આજ્ઞાપાલન તથા વફાદારી ધાર્મિક ફર્ઝ છે." *(તજલ્લિયાતે રહમાની, પેજ–૨૩૯)*

મકાલિમતુસ્સદરૈનમાં છે કે, "અંગ્રેજો તરફથી અશરફઅલી થાનવીને રૂા. ૬૦૦/– માસિક વઝીફો મળતો હતો."

એક તરફ અહલે સુન્નતના ઉલમા હઝરત ફઝલે હક્ક ખૈરાબાદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જેવા કેટલાયે ઉલમાને કાળા પાણી તથા ફાંસીની સજાઓ અંગ્રેજો તરફથી થઈ બીજી બાજુ દેવબંદી મોલ્વીઓને અંગ્રેજો તરફથી ખિતાબ તથા નઝરાણા મળતાં હતાં તથા ખૂદ તેમની જ કિતાબો સાક્ષી છે કે અંગ્રેજોને હટાવવાની ચળવળમાં તેઓ ન હતા, છતાં આજના તકસાધુ વહાબી દેવબંદીઓ જમીઅતુલ ઉલમા દેવબંદવાળા કયા મોઢે કહી રહ્યા છે કે અંગ્રેજોને હટાવી દેશની આઝાદી પ્રાપ્તિની ચળવળમાં દેવબંદી મોલ્વીઓ હતા !! ખરેખર કોઈકે સાચુ જ કહ્યું છે : બે હયા બાશ હર ચે ખ્વાહી કુન એટલે કે "બેશરમ થઈ જા ! અને પછી જેમ ફાવે તેમ કર !" તે આ લોકો પર ફીટ થાય છે. એવા જૂઠાઓથી અલ્લાહની પનાહ ! *(અશરફિયા મંથલી ઉર્દૂ, એપ્રિલ–૨૦૦૭, મુબારકપુરના આધારે, વધુ માટે વાંચો : ભારતના દોસ્ત દુશ્મન, લેખક : મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી–પોરબંદર)*

## દયાદરામાં મેહફિલે નઅતે પાક

કાર્યાલય

તા. ૧૫-૪-૨૦૦૭ના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ દયાદરા (તા. જિ. ભરૂચ) મુકામે પીરે તરીકત, શેરે સૌરાષ્ટ્ર ખલીફાએ તાજુશ્શરીઅહ્ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળાની (જામનગર) સદારતમાં તથા આલિમે બાવકાર હઝરત અલ્લામા મૌલાના મુફતી ગુલામ જીલાની સાહબ (દા.ઉ. દયાદરા)ની કયાદતમાં મીલાદુન્નબી صلى الله عليه وسلمનો જશ્ન ખૂબ જ શાનો શૌકત સાથે મોટા પાયે મનાવવામાં આવ્યો હતો. કેટલાક વરસોથી દર વરસે મર્હૂમ જનાબ હાજી યુનુસ માલજી લંડનથી તશરીફ લાવી શાનો શૌકત સાથે જશ્ન કરાવતા હતા. હજ્જ દરમ્યાન તેમનો ઈન્તેકાલ થતાં માલજી ફેમીલી ખાસ કરીને મર્હૂમના વાલિદ સાહબ જનાબ હાજી મુહમ્મદ માલજી સાહબ તેમજ મર્હૂમનાં અહલિયા મોહતરમા હજીયાણી જુબેદા બહેન તથા તેમનાં ફરઝંદો હાજી ઈકબાલ તથા મેહબૂબ તેમજ પુત્રીઓના ખાસ આગ્રહથી ખૂબ જ વ્યવસ્થાપૂર્ણ રીતે આખા દયાદરા ગામના સુન્ની મુસ્લિમો તેમજ બહારથી આવનાર મહેમાનોને અસર બાદથી ઈશા સુધી અકુજી હોલમાં દા'વતે આમ કરીને ન્યાઝ જમાડવામાં આવી હતી. તોરણોના શામિયાનાથી તથા બેનરો તેમજ ઝંડીઓ વડે પાણીની ટાંકીથી કન્યાશાળા સુધીના ગ્રાઉન્ડને દયાદરાના ઝિંદાદિલ નવયુવાનોએ ખૂબ સજાવ્યું હતું. ઈશાની નમાઝ બાદ તેમજ તિલાવતે પાકથી તરત જ પ્રોગ્રામ શરૂ થયો હતો જેમાં સદરે સુન્ની ઈજતેમા હઝરત મૌલાના સૈયદ સલીમબાપુએ મર્હૂમ હાજી યુનુસ માલજી માટે તેમજ કુટુંબીજનોના માટે બંને જહાનની આબાદીની ખાસ દુઆઓ કરી હતી પછી હઝરતને અંકલે□ર પ્રોગ્રામ હોય વિદાય થયા હતા. U.K.ના સફરી જનાબ યાકૂબભાઈ ફોજદારે હઝરત સૈયદ સલીમબાપુને, જનાબ હાફેઝ ઐયૂબ ગડીમ સાહબે (બોલ્ટન) જનાબ કારી રિઝવાન સાહબને, જનાબ હાફેઝ સલીમ દાઊદમૂસાએ હઝરત મૌલાના શાહજહાં (પેશ ઈમામ, દયાદરા મસ્જિદ) તથા અન્ય સાદાત ઉલમાને ફૂલહાર પહેરાવ્યા હતા. નિઝામત જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળાએ સંભાળી હતી. બુલબુલે બાગે મદીના, મશ્હૂર નઅતખ્વાં, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે કસીદા બુર્દા શરીફથી પ્રારંભ કરીને એક પછી એક નઅતના ગુલદસ્તા પેશ કર્યા હતા અને સાથોસાથ મર્હૂમ હાજી યૂનુસ માલજીના ઈશ્કે નબી صلى الله عليه وسلمની ચર્ચા કરી તેમના એહરામની હાલતમાં મૌતની ફઝીલત દર્શાવી દુઆઓ ગુજારી હતી. અને પાણીની ટાંકી પાસે બનેલા સ્ટેજ પાસેથી ઓવારાનીય આગળ નજર પડે ત્યાં સુધી તથા તળાવની પાર પર ગાર્ડનમાં ચો તરફ ખીચોખીચ આશિકાને મુસ્તફાનો મજમો એક રૂહાની ખુશી સાથે નઅતો સાંભળવા પઢવામાં લીન હતો. બહેનો માટે હોલની ઉત્તરે અલગ વ્યવસ્થા હતી. ભરૂચ, વડોદરા, સૂરત, નર્મદા, આણંદ વગેરે જિલ્લાઓના વિવિધ ગામો શહેરોમાંથી ઈશ્કે નબીના પરવાનાઓ દીવાનાવાર ઉમટી પડયા હતા. નઅતોની સાથે અકીદા તથા નમાઝ વગેરે અમલની કારી રિઝવાન સાહબે પોતાના અનોખા અંદાઝમાં દિલ પર વાગે એ રીતે ઈસ્લાહ કરી હતી. **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ** તર્બિયતી સેન્ટર ખાતે મુબલ્લિગ બનવા દીની તર્બિયત પામવા પધારવા યુવાનોને તલ્કીન કરી હતી, બદીઓથી બચીને દીનનું કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. રાત્રે સાડા નવે શરૂ થયેલ આ નૂરાની ઈજતેમામાં ૧૨.૧૦ સુધી નઅતો પેશ થઈ ત્યારબાદ જનાબ હશ્મતઅલી મજૂમિયાંબાપુ બરકાતી જંબુસરી તથા જનાબ હાફેઝ સલીમ દાઊદ મૂસા (હાલ : લેસ્ટર)એ સલાતો સલામ પઢાવી અને હઝરત મૌલાના શાહજહાં સાહબ (પેશ ઈમામ : જામેઅ મસ્જિદ દયાદરા)એ મર્હૂમ માલજી તેમજ સૌના માટે વલવલાઅંગેઝ દુઆ ગુઝારી હતી.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ ચાંચવેલમાં દસ્તારબંદીનો જલસો ★

દારુલ ઉલૂમ બુખારીયા ચાંચવેલ (તા. વાગરા) ખાતે ૨૯–૩–૦૭ના રોજ પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ બડા સાહબ (દયાદરા)ની સદારતમાં પીરે તરીકત સૈયદ ગુલામરસૂલ કાદરીબાવા ચાંચવેલની કયાદતમાં પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા તથા અન્ય ઉલમાના મુબારક હસ્તે ૨–આલિમ, ૬–હાફિઝ, ૫–કારીની દસ્તારબંદી થઈ હતી અને જનાબ મૌલાના સાદિક દહેગામી સાહબ તેમજ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબે ઈલ્મે દીન પર તથા ઉલમાની ફઝીલત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**ઈટોલા** : દારુલ ઉલૂમ ખદીજતુલ કુબ્રાથી ઈબ્રાહીમભાઈ વાસણવાલા જણાવે છે કે ચાંદ ૨૫–૨–૧૪૨૮ અને અંગ્રેજી તા. ૧૫–૩–૨૦૦૭ ના રોજ જુમ્આના દિવસે ઈટોલા દારુલ ઉલૂમની આલિમાઓ તેમજ તાલિબાતે જશ્ને આ'લા હઝરત મનાવ્યો. કુર્આન ખ્વાની તેમજ તકરીર તથા નઅત શરીફ પછી ૨.૩૮ મિનિટે સલાતો સલામ પઢી તેનો સવાબ આ'લા હઝરત رضی اللہ عنہની રૂહે પાકને પહોંચાડેલ.

**પાલેજ** : તા. ૩–૩–૦૭ને શનિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ મદ્રસાએ નૂરે મુહમ્મદી (અંકુર સોસાયટી, પાલેજ)માં ઔરતોનો સુન્ની ઈજતેમા રાખવામાં આવ્યો હતો. જેમાં આલિમા ફાઝિલા રૂબીના યાકૂબ પટેલ (પાલેજ) તથા આલિમા મુમતાજ હાફેઝ ઈબ્રાહીમ (કહાન) તેમજ આલિમા સમીરા મન્સુરી (પાલેજ)એ ઈમાન અફરોઝ બયાન કર્યા હતાં. આ સુન્ની ઈજતેમામાં ઔરતોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

***રજૂકર્તા** : વાય. વાય. પટેલ (પાલેજ)*

**વાપી** : ખ્વાજા ગરીબ નવાઝ કમિટી વાપી તરફથી અહમદનગર વાપી ખાતે તા. ૨૮–૨–૨૦૦૭ને બુધવારના રોજ ઈશાની નમાઝ બાદ હઝરત મૌલાના અબ્દુસ્સત્તાર હમદાની સાહબનો તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

## ★ નબીપુરમાં શાદી પ્રસંગે મેહફિલે નઅત ★

જનાબ અબ્દુલ્લાહ મુહમ્મદ ઘાસવાલાના નેક ફરઝંદ (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકના ભાણિયા) શમ્સ તબરેઝની શાદી મુબારકના નૂરાની અવસરે નબીપુર હોસ્પિટલ પાછળના ગ્રાઉન્ડમાં આશિકે મુસ્તફાનો શાનદાર સુન્ની ઈજતેમા તા. ૬–૪–૨૦૦૭ના ઈશા બાદ ખલીફાએ શૈખુલ ઈસ્લામ હઝરત મૌલાના સૈયદ ગુલામ રસૂલ બાવા કારંટવીની સદારતમાં થયો જેમાં બુલબુલે બાગે મદીના મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતે પાકનાં ઈશ્કે મુસ્તફાથી લબરેઝ તરાનાંઓથી નબીપુરથી ફિઝાને મઘમઘાવી દીધી હતી. હજારોની સંખ્યામાં ઉમટી પડેલા નબીના દીવાનાઓને નઅતે પાકની સાથોસાથ નિકાહ શું છે ?! નિકાહ કોની સાથે કરવો ? તથા ઈસ્લામી સુન્નતોભરી જિંદગી અપનાવવા તલકીન પણ અનોખા અંદાઝમાં કારી રિઝવાન સાહબે કરી હતી.

## ★ મેહફિલે સમાએ નઅત શરીફ ★

**વલણ** : થી પત્ર છે કે તા. ૭/૪/૨૦૦૭ અને શનિવારે રાત્રે ઈશા બાદ અમારા ગામમાં પાદરમાં ઈદગાહ પાસે સુન્ની યુવાનો થકી જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺના સુનેહરી અવસરે મેહફિલે સમાએ નઅત શરીફનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં મૌલાના ગુલામ મોહ્યુદ્દીન હલદરવીએ 'મૂએ મુબારક'ના વિષય પર બયાન કર્યું, મેહફિલે મીલાદ મનાવવી શિર્ક તથા બિદઅત કહેનારાઓને

જોરદાર તમાચો આપ્યો હતો. ત્યારબાદ મુંબઈના નઅતખ્વાં 'બુલબુલે બાગે રઝા' સૈયદ અહમદ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) એ પોતાના અનોખા અંદાઝમાં નઅતે પાકના તરાનાંઓથી લોકોને તરબોળ કર્યા હતા. તેમજ નઅતના સાથે સાથે બદ્અકીદાવાળાના અકીદાઓ જેવા કે "અલ્લાહ જૂઠ બોલી શકે છે" તથા "રસૂલે પાક ﷺને મોટા ભાઈ તથા ગામના ચૌધરી" જેવા સમજનારાઓના ગંદા અકીદાથી લોકોને વાકેફ કર્યા હતા. રાત્રે ૧.૩૦ કલાકે સલાતો સલામ અને દુઆ સાથે પ્રોગ્રામ પૂરો થયો હતો.

### ★ દારુલ ઉલૂમ શાહે આલમમાં જશ્ને રઝા ★

**અમદાવાદ** : દારુલ ઉલૂમ શાહે આલમ ખાતે સુન્ની આલમના પેશ્વા, ઈમામે અહલે સુન્નત, સૈયદી શાહ ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہનો ઉર્સ શરીફ સંસ્થાના હોલમાં વિદ્યાર્થીઓ અને મુદર્રિસોની હાજરીમાં મનાવાયો, જેમાં કિબ્લા પીરે તરીકત, અલ્હાજ મૌલાના ગુલઝાર અહમદ નૂરી બાપુ રઝવી જૂનાગઢના શેરેબબર તથા કિબ્લા મૌલાના અલ્હાજ સૈયદ સલીમ અહમદ બાપુ કાદરી સાહબ (જામનગર–બેડી) મુકર્રિરે આ'ઝમે તા. ૧૮–૩–૨૦૦૭ના રોજ તશરીફ લાવી શાને આ'લા હઝરત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

–લિ. ટ્રસ્ટી મંડળ દારુલ ઉલૂમ શાહેઆલમ ટ્રસ્ટ–અમદાવાદ

### ★ સન્માન પત્ર ★

આથી સન્માન પત્ર આપીને બિરદાવવામાં આવે છે કે ગોંડલના રહીશ ગરીબ રેખા નીચે જીવતા જનાબ સૈયદ ઈબ્રાહીમમિયાં ચાંદમિયાં કાદરીને તા. ૧૨–૨–૨૦૦૭ શનિવારના રોજ હઝરત બોદલશાહ પીર દરગાહ શરીફ પાસે એક પાકીટ મળી આવેલ જે તપાસતાં તેમાં ૨૫૦૦૦/– રૂા. રોકડા એક એક લાખના બેસેલ્ફ ચેક તેમજ બહુ જ અગત્યના કાગળો હતા તે તેના મૂળ માલિક પુનાભાઈ હીરાણી વીમા એજન્ટ (દેરડી કુંભાજી)ને પરત કરીને મુસ્લિમ સમાજમાં પ્રમાણિક્તાનો મોટો દાખલો બેસાડેલ છે. જ્યારે ઈલેક્ટ્રોનિક પ્રેસ મીડિયા મુસ્લિમ વિરુધ્ધ નીત નવા જૂઠાણાંઓ ફેલાવીને લોકોના મગજમાં ઝહેર ભરી રહેલ છે ત્યારે આજના ઈદે મિલાદના ખુશીના મોકા પર કે જ્યારે સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલ પોતાની સેવાનાં ૪૦ વર્ષ પૂરાં કરવાની ખુશીનો જશ્ન (૧૯૬૭ થી ૨૦૦૭) મનાવી રહેલ છે તેવા સમયે જનાબ ઈબ્રાહીમમિયાં કાદરીને સન્માનપત્ર અર્પણ કરીને અમે ગૌરવ લઈએ છીએ.

લિ. (પ્રમુખ) સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ

**નરસંડા (જિ. ખેડા)** : બાદ નમાઝે ઈશા જશ્ને આમદે રસૂલ ﷺ મનાવવામાં આવેલ. જેમાં (અમદાવાદ જમાલપુર કાચની મસ્જિદ) નજીક રહેતા અલ્હાજ પીરે તરીકત અબ્દુર્રહમાનબાવા સાહબ (અમલીવાલા)ની હાજરીમાં બુલબુલે તરન્નુમ હાફેઝો કારી હબીબુલ્લાહ સાહબ રઝવીએ હુઝૂરે પાક ﷺની શાનમાં ઈશ્કે નબી પર બેહતરીન અંદાજમાં બયાન ફર્માવ્યું હતું. આખા પ્રોગ્રામની નિઝામત મૌલાના અ. મહમૂદખાન કાદરી સાહબે ફર્માવ્યું હતું. પ્રોગ્રામના અંતમાં ખત્મ શરીફ ઝિક્ર શરીફ રાખેલ તેમાં ૧૫૪ ખત્મે કુર્આન શરીફ સાથે હજારોની સંખ્યામાં દુરૂદ શરીફ અન્ય વિર્દ વઝાઈફ હુઝૂર ﷺની બારગાહમાં રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ તમામ ઉમ્મત માટે મગફિરતની દુઆ, સલાતો સલામ સાથે પ્રોગ્રામ પૂર્ણ થયેલ. –લિ. ***વ્હોરા અબ્દુલ કૈયૂમ ભાઈ અબ્દુલરહીમ ઘંટીવાલા (નરસંડા)***

**ગોઠડા** : થી મહીડા ભીખાભાઈ એચ. અશરફી જણાવે છે કે તેમના નેક ફરઝંદ મૌલાના અબ્દુલ હમીદ આલમની શાદી મયમૂના બાનુ સાથે (૧૬–૪–૨૦૦૭, ગોઠડા) તથા સુનીલની શાદી શેહનાઝબાનુ સાથે (સમુહ શાદી–પાદરા, તા. ૧૪–૪–૦૭)ના રોજ થઈ હતી. મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સૂરત :** બરકાતે ખ્વાજા (માસિક) તથા અંજુમને રઝાએ મુસ્તફા દયાદરાના ચાહક જનાબ મુહમ્મદ શબ્બીર (S/o. ઈબ્રાહીમમિયાં કાદરી)ની શાદી કનીઝ આઈશાબાનુ (D/o. અ. રઝ્ઝાક અ. કાદિર કલાઈવાલા) સાથે તા. ૨૪–૩–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. નિકાહ હર્રાઈ મસ્જિદ–સૂરત ખાતે થયા. મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા :** જનાબ હાફેઝ ઈકબાલ મછાસરવી (હાલ : લેસ્ટર, યુ.કે.)ની નેક દુખ્તર શાહીનાની શાદી જનાબ અબ્દુલ મજીદ કુલ્ફીવાળા (દયાદરા)ના નેક ફરઝંદ યાસીન સાથે તા. ૮–૪–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંત્રાણ :** મલેક ઉમરભાઈ મસ્તુ (જાનુ) જણાવે છે કે તેમના નેક ફરઝંદ મૌલાના સાજિદ સાહબની શાદી જંત્રાણના અબ્દુલ ઈબ્રાહીમ ઉમેદની નેક દુખ્તર શરીફાબાનુ સાથે તા. ૨૫–૪–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ !

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ :** થી વજીફદાર અલીભાઈ અબ્દુલભાઈ (રિવર પાર્ક, ડી.એસ.પી. ઓફીસ સામે) જણાવે છે કે તેમની નેક દુખ્તર અફસાનાબાનુની શાદી જંત્રાણના ખીલજી હસનભાઈ અ. રહીમના નેક ફરઝંદ મુહમ્મદ રફીક સાથે તા. ૨૫–૪–૦૭ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભાલેજ :** "બરકાતે ખ્વાજા" માસિકના ચાહક જનાબ મૌલાના સઈદ સાહબ (S/o. અશરફમિયાં મલેક)ની શાદી આયશાબાનુ સાથે તા. ૧૫–૪–૦૭ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ડભોઈ :** મૌલાના હાજી ગુલામ હુસૈન કાજી અ.ગની અશરફી જણાવે છે કે તેમની નેક દુખ્તર ઝાહેદાબાનુની શાદી ઈકબાલ મદાર (S/o. ઈસ્માઈલશા સરદારશા દિવાન–ઓજ) સાથે તા. ૫–૪–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**★ પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો ! ★**

**કિતાબ : નઝરાના** *(નઅત તથા મન્કબતનો સંગ્રહ)*

**સંપાદક :** સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલ)

**કિતાબ : આઈનાએ હકીકત** *(ઈસ્લામી અકીદા તથા રસમોની સાબિતી)*

**લેખકો :** જનાબ હાજી ઉષ્માનભાઈ ખત્રી *(તંત્રી : તયબાહ)* ★જનાબ મૌલાના સૈયદ કમરુદ્દીન એ. પીરઝાદા કારંટવી ★ (મર્હૂમ) ડોસુભાઈ પહોંચીયા નક્શબંદી (મોડાસા)

**પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી,** હવેલી શેરી, ગોંડલ

**★ પોસ્ટકાર્ડ કે SMSથી કિતાબ મંગાવો ★**

મુસ્લિમોને પ્રગતિની રાહ સૂચવતી તથા જાગૃતિ લાવતી ગ્લોબલાઈઝેશનમાં ઈસ્લામનો રોલ દર્શાવતી

કિતાબ : **ઈસ્લામ ઔર ગ્લોબલાઈઝેશન**

અઝ : મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝઝમાં આ'ઝમી *(સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)*

**તથા બીજી કિતાબ...**

આજે ચોતરફથી કૌમી એકતા, ફિર્કાઓની એકતાના અવાજો ઉઠી રહ્યા છે તો અમે પણ અવાજ ઉઠાવીએ છીએ કે :–

**કિતાબ : આવો એક પ્લેટફોર્મ પર થઈ જઈએ!**

**સંપાદક :** પટેલ શબ્બીર અલી રઝવી

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા,** મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


## ★ જશ્ને મુફતીએ આ'ઝમ રાજસ્થાન ★

રાજસ્થાનમાં સુન્નિયતની બેનમૂન ખિદમત અંજામ આપનાર મહાન હસ્તી હઝરત અલ્લામા

અલ્હાજ મુફતી મુહમ્મદ અશ્ફાક હુસૈન સાહબ કિબ્લા નઈમી સદરુલ મુદર્રિસીન જામિઆ ઈસ્હાકિયા (જોધપુર) મુફતીએ આ'ઝમ રાજસ્થાનની ૬૦ વરસોની ખિદમતને લક્ષમાં રાખીને હઝરતના મુરીદો, શાગિર્દો તથા રાજસ્થાનવાસીઓએ હઝરતના વજન બરાબર હઝરતને ચાંદી પેશ કરી અને પોતાની મહોબ્બતોનો સબૂત પેશ કર્યો. અશ્ફાકિયા ફાઉન્ડેશનના આયોજન હેઠળ ૨૪–૨–૨૦૦૭ના રોજ હઝરતના માટે શાનદાર સેમિનાર દારુલ ઉલૂમ ઈસ્હાકિયાના ચોકમાં થયો જેમાં પ્રોફેસરો તથા ડોકટરોએ પોતાના મકાલા (લેખો) પેશ કર્યા. ૨૪–૨–૨૦૦૭ ઈશાની નમાઝ બાદ સ્ટેડિયમ ગ્રાઉન્ડમાં એક શાનદાર જશ્ન થયો જેમાં સાદાત, મશાઈખ તથા હિંદભરના ટોચના ઉલમાએ હાજરી આપી. અલ્લામા સૈયદ નઈમ અશરફ જાઈસી, સૈયદ મેહદીમિયાં–અજમેર, સૈયદ મોઈનુદીનબાવા (વડોદરા), સૈયદ અલી અકબર શાહ (લુણી શરીફ), સૈયદ ગુલામ હુસૈન કાદરી–સૂજા શરીફ, સૈયદ બુખારી સહલાવ, શૈખ અબૂબક્ર–કાલીકટ, અલ્લામા અબ્દુલ હફીઝ તથા અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી (મુબારકપુર), મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી (મુબારકપુર), અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દિલ્હી), અલ્લામા તેહસીન રઝાખાં (બરેલી શરીફ), ઓબૈદુલ્લાહખાં આઝમી, ડો. યહ્યા અંજુમ (દિલ્હી), ડો. ફઝલુર્રહ્માન મિસ્બાહી, મૌલાના અ. સત્તાર હમદાણી (પોરબંદર), મુફતી અબદુલકદીરખાં (નાગપુર), જનાબ સઈદ નૂરી (મુંબઈ) ઉપરાંત પુષ્કળ ઉલમાએ હાજરી આપી હતી.

આ પ્રસંગે એક મોટી કિતાબ "મઆરિફે મુફતીએ આ'ઝમ રાજસ્થાન"નો ઈજરા અલ્લામા સૈયદ નઈમ અશરફના મુબારક હાથોથી થયો. મુફતી સાહબ કિબ્લાના એક ખાસ ખલીફા હાફિઝો કારી સૂફી અ. વહીદ તેમજ જામિઆ ફૈઝાને અશ્ફાક નાગોર શરીફ તરફથી દોઢ કીલોથી વધુ ચાંદીનો "ગુંબદે રઝા" સદરુલ અફાઝિલ એવોર્ડ કારી સાહબના મુરીદોના હાથે પેશ કરવામાં આવ્યો. જોધપુરના ચીફ કાઝી સૈયદ ઈન્તેખાબ આલમની તરફથી ૪૦ તોલા ચાંદીની "નાલૈન શરીફ" પણ એક શાનદાર ફ્રેમમાં હઝરતને પેશ કરવામાં આવી, અન્ય પણ તોહફા પેશ થયા. અંતમાં હઝરત મુફતીએ આ'ઝમ રાજસ્થાનની દુઆ, સલાતો સલામ પર જશ્નની પૂર્ણાહુતિ થઈ. *(માહે તયબાહ, જોધપુરના સૌજન્યથી)*

## ઈન્તેકાલ પુરમલાલ !

**કરાચી** : થી હમદર્દે સુન્નિયત મેમણ ખિદમત કમિટીના કર્તાહર્તા, બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક જનાબ મુહમ્મદ ઈકબાલ કાદરી જણાવે છે કે એમનાં વાલિદા, બહેન તથા બનેવીનો ઈન્તેકાલ થયો છે. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે. તેમજ સગાંઓ, કુટુંબીઓને સબ્રે જમીલ અતા ફર્માવે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પારખેત** : જનાબ હાફેઝ મેહબૂબ સરનારવીના સસરા મહૂમ યુસુફ ગોડાઉનવાળા (પારખેત)ના ઈસાલે સવાબ અર્થે હાફેઝ સાહબ થકી રૂા. ૧૧૦૦/– **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને કિતાબો છપાવવા મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

**બ્લેકબર્ન** : જનાબ હાફેઝ મેહબૂબ સરનારવી જણાવે છે કે મર્હૂમ હાફેઝ ગુલામરસૂલ કાજી નબીપુરવાળાના ઈસાલે સવાબ અર્થે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને ૧૦ ક્વિન્ટલ ઘઉં તેમના ફરઝંદોએ આપ્યા છે તેમજ અન્ય દારુલ ઉલૂમોમાં પણ સહાય આપી છે. મૌલા કરીમ તેમની આ નેકી કબૂલ ફર્માવે અને મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*